દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૩ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 302 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 20 December 2024, Friday ■ REGD.No. MCS/058/2018-20
શુક્રવાર ૨૦ ડિસેમ્બર ૨૦૨૪, (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસદની ગરિમાને લાંછનઃ સાંસદોએ ધક્કામુક્કી કરી

## શાસક-વિપક્ષના સભ્યોએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી





**વિરોધ પ્રદર્શન અને ઝપાઝપીઃ** દિલ્હીમાં ગુરુવારે સંસદના પરિસરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરને મુદ્દે સંસદના મકર દ્વાર પાસે કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન દરમિયાન એનડીએ અને ઈન્ડિયા બ્લૉકના સભ્યો. ડૉ. બાબાસાહેબ આંબેડકરના કથિત અપમાનને મામલે વિપક્ષ માફી માગે તેવી માગણી સાથે પાર્લામેન્ટના કોમ્પલેક્સમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા ભાજપના સાંસદ અનુરાગ ઠાકુર, અપરાજિતા સારંગી તેમ જ એનડીએના અન્ય સભ્યો. સંસદના પરિસરમાં વિરોધ પ્રદર્શન દરમિયાન ઈન્ડિયા બ્લૉક અને એનડીએના સાંસદો વચ્ચે થયેલી ઝપાઝપીમાં ઘાયલ થયેલા ભાજપના સાંસદ પ્રતાપચંદ્ર સારંગીને વ્હીલચેરમાં બેસાડીને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. (એજન્સી)

### અમિત શાહને મુશ્કેલીમાંથી ઉગારવાનું ષડ્યંત્રઃ પ્રિયંકા

નવી દિલ્હીઃ કૉંગ્રેસનાં સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ગુરુવારે જણાવ્યું હતું કે મારા ભાઈ અને કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ભાજપના સાંસદને ધક્કો માર્યો હોવાનું કહેવાતો આક્ષેપ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહને મુશ્કેલીમાંથી ઉગારવાનું કાવતરું લાગે છે.

તેમણે આક્ષેપ કર્યો હતો કે સંસદમાં શાસક પક્ષના સાંસદો ગુંડાગીરી કરી રહ્યા છે અને શાંતિથી દેખાવ કરી રહેલા વિપક્ષના સાંસદોને સંસદ ગૃહમાં પ્રવેશતાં રોકતા હતા.

પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે અમે વિપક્ષના સાંસદો ઘણા દિવસથી શાંતિથી દેખાવ કરી રહ્યા હતા અને (જુઓ પાનું ૨) ▸▸

### કૉંગ્રેસની ફરિયાદ

નવી દિલ્હી : કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સાથે ભાજપના નેતાઓના કથિત ગેરવર્તનનો આક્ષેપ કરીને કૉંગ્રેસે પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

અધિકારીઓએ કહ્યું હતું કે દિગ્વિજય સિંહ, મુકુલ વાસનિક, રાજીવ શુક્લ અને પ્રમોદ તીવારી સહિતના કૉંગ્રેસના સંસદસભ્યોના પ્રતિનિધિમંડળે પોલીસ સ્ટેશને મુલાકાત લઈને ફરિયાદ નોંધાવી હતી. ભાજપનું પ્રતિનિધિમંડળ નવી દિલ્હીના ડીસીપી દેવેશકુમાર મહલાની ઓફિસમાં હતા ત્યારે કૉંગ્રેસના નેતાઓ તેમની ફરિયાદ સાથે સ્ટેશનમાં આવ્યા હતા અને આ પ્રતિનિધિમંડળને અંદર એસીપીના રૂમમાં રાહ (જુઓ પાનું ૨) ▸▸

### એનડીએની ફરિયાદ

નવી દિલ્હી : અનુરાગ ઠાકુર અને બાંસુરી સ્વરાજ સહિત એનડીએના ત્રણ સંસદસભ્યો ગુરુવારે સંસદના મકરદ્વારના પગથિયા આગળ વિરોધ પક્ષ અને એનડીએના સંસદસભ્યો વચ્ચે થયેલી ધક્કામુક્કીની પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ લખાવી હતી, એવી માહિતી અધિકારીઓએ આપી હતી. ઠાકુર અને સ્વરાજ ટીડીપીના સંસદસભ્ય સાથે પોલીસ સ્ટેશનના સિનિયર અધિકારીઓને મળ્યા હતા.

બી. આર. આંબેડકરના કથિત અપમાન અંગે સંસદના પરિસરમાં વિરોધ પક્ષ અને એનડીએના સંસદસભ્યો વચ્ચે થયેલી ધક્કામુક્કીમાં ભૂતપૂર્વ (જુઓ પાનું ૨) ▸▸

નવી દિલ્હીઃ સંસદ ગૃહના 'મકર દ્વાર' ખાતે વિપક્ષના સાંસદો અને ભાજપના સાંસદો વચ્ચે ઝપાઝપી થતાં અનેક સાંસદ ઘાયલ થયા હતા અને એકબીજાએ સામસામા આક્ષેપ કર્યા હતા. કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મારેલા હોવાનું કહેવાતા ધક્કાથી ઓડિશાના બાલેશ્વર ખાતેથી ચૂંટાયેલા ભાજપના ૬૯ વર્ષીય સાંસદ અને ભૂતપૂર્વ પ્રધાન પ્રતાપચંદ્ર સારંગી અને મુકેશ રાજપૂત ઘાયલ થયા હતા.

કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ લોકસભાના સ્પીકરને આપેલા પત્રમાં આક્ષેપ કર્યો હતો કે ભાજપના સાંસદોએ મને ધક્કો માર્યો હતો અને હું પડી ગયો હતો. મારા ઘૂંટણમાં ઈજા થઇ હતી. મેં થોડા સમય પહેલાં ઘૂંટણનું ઓપરેશન કરાવ્યું હતું. ભાજપના સાંસદ પ્રતાપચંદ્ર (જુઓ પાનું ૨) ▸▸

## 'કૌન બનેગા કરોડપતિ'માં મુંબઈ સમાચાર આધારિત સવાલ પુછાયો




મુંબઈઃ સુપરસ્ટાર અમિતાભ બચ્ચન જેમાં એન્કર છે એવા 'કૌન બનેગા કરોડપતિ' કાર્યક્રમમાં ગુરુવારે રાત્રે એક સ્પર્ધકને એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર' આધારિત પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો.

મુંબઈ સમાચારને ૨૦૦ વર્ષ પૂરા થયા એ નિમિત્તે બનાવવામાં આવેલી '૨૦૦ નોટ આઉટ' નામની દસ્તાવેજી ફિલ્મ વિશે કેબીસીમાં સવાલ પુછાયો હતો. સપ્ટેમ્બર, ૨૦૨૪માં રિલીઝ કરાયેલી '૨૦૦ નોટ આઉટ' નામની ડોક્યુમેન્ટ્રી કયા અખબાર વિશે છે એવો સવાલ અમિતાભ બચ્ચને સ્પર્ધકને કર્યો હતો.

એ પછી અમિતાભ બચ્ચને એમ પણ કહ્યું હતું કે મુંબઈ સમાચાર એવું અખબાર છે જેણે ૧૮૫૭ની ક્રાંતિ અને આઝાદીના ૭૫ વર્ષ પૂરા થયા એના પણ સમાચાર આપ્યા છે.

વાચકોજોગ અહીં એ ખાસ નોંધવું ઘટે કે મુંબઈ સમાચારની ૨૦૦ વર્ષની સફર પર આધારિત ૨૦૦ નોટ આઉટ દસ્તાવેજી ફિલ્મનું અનાવરણ કેન્દ્રીય ગૃહ પ્રધાન અને ભાજપના અગ્રણી નેતા અમિતભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. ■



પેપર લીકઃ દસમા ધોરણના પેપર ફૂટી જવાને મામલે વિરોધ પ્રદર્શન કરી રહેલા કેરળના તિરુવનંતપુરમમાં ગુરુવારે સ્ટુડન્ટ્સ યુનિયનના કાર્યકરોને વિખેરવા પોલીસે વૉટર કૅનનનો ઉપયોગ કરવો પડ્યો હતો. (એજન્સી)

## પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ૧૧ આતંકી ઠાર

પેશાવરઃ પાકિસ્તાની સુરક્ષા દળોએ ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં ત્રણ અલગ-અલગ ઓપરેશનોમાં ૧૧ આતંકવાદીઓને ઠાર કર્યા છે. આ માહિતી અધિકારીઓએ આપી હતી.

પાકિસ્તાન સશસ્ત્ર દળોની મીડિયા વિંગ ઇન્ટર-સર્વિસ પબ્લિક રિલેશન્સ (આઈએસપીઆર) અનુસાર આ ઓપરેશન ૧૭ અને ૧૮ ડિસેમ્બરના રોજ પ્રાંતના વિભિન્ન વિસ્તારોમાં હાથ ધરવામાં આવ્યાં હતાં. આ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરીની બાતમી મળ્યા બાદ પ્રથમ ઓપરેશન ટાંક જિલ્લામાં હાથ ધરાયું હતું. ઓપરેશન દરમિયાન સાત આતંકીઓ માર્યા ગયા હતા. બીજું ઓપરેશન ઉત્તર વઝીરિસ્તાન જિલ્લાના દત્તા ખેલમાં હાથ ધરાયું હતું, જ્યાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. મોહમંદ જિલ્લામાં વધુ બે (જુઓ પાનું ૨) ▸▸

રમતગમતમાં પણ ગુજરાતીઓ અવ્વલ
મુંબઈ સમાચાર આયોજિત
ખેલ મહોત્સવ
પ્રાયોજકોઃ
PRAKASH KAMDAR ESTATE CONSULTANT
ALAG GROUP SPACES. THAT STAND OUT
ખેલ મહોત્સવમાં કાંદિવલી રિક્રિએશન ક્લબ, માટુંગા ગુજરાતી ક્લબ, ગરવારે ક્લબ અને નોર્થ ઈન્ડિયા એસો.નો અદ્ભુત સહયોગ સાંપડ્યા બાદ
હવે...
આવતી કાલે અને રવિવારે ફાઈનલમાં મળીશું
ઘાટકોપર જોલી જિમખાનામાં
GHATKOPAR JOLLY GYMKHANA the joy of life
તમામ સ્પર્ધકોને અપાશે ઈનામ
સહપ્રાયોજકઃ
MAGIC ART COLOURS
PROUDLY INDIAN
ગિફ્ટિંગ પાર્ટનર્સઃ
GLOBAL NETWORKING BARTER COMPANY
SONY PLASTICS CORPORATE GIFTS SINCE -1982
TOSAA NON-STICK COOKWARE MUCH MORE...
ખાસ નોંધઃ તમામ બેડમિંટન કોર્ટ આંતરરાષ્ટ્રીય દરજ્જાની હોવાથી તમામ સ્પર્ધકોએ ગમ સોલ શૂઝ પહેરીને આવવાનું ફરજિયાત.

## અમિત શાહે જમ્મુ-કાશ્મીરની સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરી

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ ખાતાના પ્રધાન અમિત શાહે ગુરુવારે યોજાયેલી બેઠકમાં જમ્મુ-કાશ્મીરની સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું. કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીરમાં સપ્ટેમ્બર-ઑક્ટોબરમાં વિધાનસભાની ચૂંટણી યોજાયા બાદની આ પ્રથમ સમીક્ષા બેઠક હતી. જમ્મુ-કાશ્મીરના લે. ગવર્નર મનોજ સિંહા, સેનાના ટોચના અધિકારીઓ, ગુપ્તચર સંસ્થા અને ગૃહ ખાતાના અધિકારીઓએ પણ આ બેઠકમાં ભાગ લીધો હતો. બેઠકમાં વર્ષ ૨૦૨૫ માટે સુરક્ષાના રોડમેપ અંગે ચર્ચા કરવામાં આવી હતી. (એજન્સી)

## મારી દેવાંની કુલ રકમ કરતાં બમણી રકમ વસૂલી લેવામાં આવી છે : વિજય માલ્યા

નવી દિલ્હીઃ ભાગેડુ બિઝનેસમેન વિજય માલ્યાએ કહ્યું હતું કે મારી દેવાંની કુલ રકમ કરતાં બમણી રકમ વસૂલી લેવામાં આવી હોવાને કારણે હવે હું એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટ અને બૅન્કો પાસે રાહતની માગણી કરીશ.

વિજય માલ્યાની મિલકતો ટાંચમાં લઈ કુલ રૂ. ૧૪,૧૩૦ કરોડની રિકવરી કરવામાં આવી હોવાનું નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે લોકસભામાં જણાવ્યા બાદ માલ્યાએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

સોશિયલ મીડિયા પરની પૉસ્ટમાં વિજય માલ્યાએ કહ્યું હતું કે ડૅબ્ટ રિકવરી ટ્રીબ્યુનલના જણાવ્યા અનુસાર કિંગફીશર ઍરલાઈન્સ પાસેથી રૂ. ૧૨૦૦ કરોડ વ્યાજ સહિત કુલ રૂ. (જુઓ પાનું ૨) ▸▸

## યુપીના શાહજહાંપુરમાં માર્ગ અકસ્માતમાં છનાં મોત

શાહજહાંપુરઃ ઉત્તર પ્રદેશના શાહજહાંપુર જિલ્લામાં એક કાર અને ટ્રક વચ્ચેની અથડામણમાં એક જ પરિવારના છ સભ્યોના મોત નીપજ્યા હતા. જ્યારે ચાર ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ માહિતી પોલીસે ગુરુવારે આપી હતી.

પોલીસ અધિક્ષક(એસપી) રાજેશ એસ.ના જણાવ્યા અનુસાર આ અકસ્માત બરેલી-ઇટાવા હાઇવે પર બરખેડા જયપાલ ચાર રસ્તા પાસે થયો હતો. બુધવારે મોડી રાત્રે કારમાં દિલ્હી જઇ રહેલો એક પરિવાર સામેથી આવતી ટ્રક સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. મૃતકોની ઓળખ રિયાઝુલ અલી(૪૫), આમના(૪૨), ગુડિયા(૯), તમન્ના 'અનુ'(૩૨), ગુલફીશા (૨૫) અને નૂર(૬) તરીકે થઇ છે. પોલીસે જણાવ્યું કે શાહજહાંપુરના કાંત નગરનો રહેવાસી રિયાઝુલ દિલ્હીમાં કપડાનો વ્યવસાય કરતો હતો.

એસપીએ જણાવ્યું કે પરિવાર લગ્નમાં હાજરી આપીને બુધવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યાની આસપાસ (જુઓ પાનું ૨) ▸▸

## સેન્સેક્સમાં ચાર સત્રમાં ૨,૯૧૫ પોઈન્ટનો ઘટાડો

### રોકાણકારોની સંપત્તિમાં ₹ ૯.૬૫ લાખ કરોડનું ધોવાણ, રૂપિયો ૧૬ પૈસા ગબડીને ૮૫ની પાર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૫માં માત્ર બે વખત જ વ્યાજદરમાં કાપ મૂકી શકશે એમ ગઈકાલે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવૅલે નિવેદન આપતા આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સેન્સેક્સ ૯૬૪.૧૫ પૉઈન્ટના નિફ્ટી ૨૪૭.૧૫ પૉઈન્ટના ગાબડાં સાથે અનુક્રમે ૭૯,૨૧૮.૦૫ના મથાળે અને ૨૩,૯૫૧.૭૦ના મથાળે બંધ રહ્યા હતા. તેમ જ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી આવતા સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા ગબડીને ૮૫ની સપાટી પાર કરીને ૮૫.૧૦ની નવી ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૫માં કેવી નાણાનીતિ અપનાવશે તેની અવઢવ વચ્ચે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં છેલ્લાં ચાર સત્રમાં સતત પીછેહઠ જોવા (જુઓ પાનું ૨) ▸▸

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાંગ્લાદેશના નગુણા શાસકો, ભારતની મદદથી તમારું અસ્તિત્વ છે...

**બાંગ્લાદેશને** હમણાં ભારતવિરોધી વા ઉપડેલો છે એટલે ભારત કંઈ પણ કરે તેને વાંકું જ પડી જાય છે. તાજો દાખલો બાંગ્લાદેશના સ્વાતંત્ર્ય દિને આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પોસ્ટ સામે ઉઠાવેલો વાંધો છે. બાંગ્લાદેશે ૧૬ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ ભારતની મદદથી પાકિસ્તાનથી આઝાદી મેળવી હતી તેથી બાંગ્લાદેશમાં સ્વતંત્રતા દિવસને વિજય દિવસ તરીકે ઊજવવામાં આવે છે.

બાંગ્લાદેશના સ્વાતંત્ર્ય દિને મોદીએ સોમવારે સોશિયલ મીડિયા એક્સ પર ૧૯૭૧ના યુદ્ધ વિશે પોસ્ટ કરી હતી. મોદીએ યુદ્ધમાં જીવ ગુમાવનારા સૈનિકોનાં બલિદાનને યાદ કરીને ભારતની જીતમાં તેમના યોગદાનને મહત્ત્વપૂર્ણ ગણાવતાં લખેલું કે, આજે, વિજય દિવસ પર, અમે ૧૯૭૧માં ભારતની ઐતિહાસિક જીતમાં યોગદાન આપનારા બહાદુર સૈનિકોની હિંમત અને બલિદાનનું સન્માન કરીએ છીએ. તેમના નિઃસ્વાર્થ સમર્પણ અને અતૂટ સંકલ્પે આપણા રાષ્ટ્રનું રક્ષણ કર્યું અને આપણને ગૌરવ અપાવ્યું. આ દિવસ તેમની અસાધારણ બહાદુરી અને તેમની અટલ ભાવનાને શ્રદ્ધાંજલિ છે. તેમનું બલિદાન પેઢીઓને કાયમ પ્રેરણા આપશે અને આપણા રાષ્ટ્રના ઈતિહાસમાં ઊંડે સુધી જડિત રહેશે.

મોદીની પોસ્ટમાં કશું ખોટું નથી કેમ કે બાંગ્લાદેશને આઝાદ કરાવવામાં ભારતીય સૈનિકોએ સક્રિય ભૂમિકા ભજવી હતી અને ૧૬૦૦ ભારતીય જવાનો શહીદ થયા હતા. પાકિસ્તાને ભારત પોતાની આંતરિક બાબતમાં દખલ કરે છે એવું કહીને હુમલો કર્યો પછી ભારતે તેનો જડબાતોડ જવાબ આપીને પાકિસ્તાનને પછાડ્યું હતું એ જોતાં ભારત માટે ૧૯૭૧નું યુદ્ધ ભારતનું પોતાનું યુદ્ધ હતું પણ બાંગ્લાદેશે તેની સામે પણ વાંધો લીધો છે.

બાંગ્લાદેશના કાયદા સલાહકાર આસિફ નઝરુલે ૧૯૭૧ની જીતમાં ભારતીય સૈનિકોના યોગદાનને માન આપીને ૧૬ ડિસેમ્બરને વિજય દિવસ તરીકે ઉજવતી પીએમ મોદીની સોશિયલ મીડિયા પોસ્ટ સામે વળતી પોસ્ટ કરી છે. નઝરુલે ફેસબુક પર પોસ્ટ મૂકીને ડહાપણ ડહોળ્યું છે કે, ૧૬ ડિસેમ્બર બાંગ્લાદેશનો વિજય દિવસ છે અને બાંગ્લાદેશ ભારપૂર્વક કહે છે કે બાંગ્લાદેશની જીતમાં ભારત માત્ર એક સાથી હતો, અને તેનાથી વધુ કંઈ નહોતો તેથી હું મોદીની વાતનો સખત વિરોધ કરું છું. બાંગ્લાદેશના કટ્ટરવાદીઓ અને ભારત વિરોધીઓએ નઝરૂલની વાતમાં ટાપસી પૂરાવી છે તેમાં બાંગ્લાદેશી સોશિયલ મીડિયા પર ભારત વિરોધી માહોલ થઈ ગયો છે.

ભારતને આ બકવાસ વાતોથી કોઈ ફરક પડતો નથી પણ બાંગ્લાદેશના હાલના શાસકો કેટલા નગુણા છે તેનો આ પુરાવો છે. શેખ હસીનાના સમયમાં બાંગ્લાદેશના વિજય દિવસની ઉજવણીમાં ભારતના યોગદાનને પ્રેમથી યાદ કરાતું અને ભારતીય સૈનિકોને શ્રધ્ધાંજલિ આપીને બાંગ્લાદેશની આઝાદીમાં તેમણે આપેલા યોગદાનને યાદ કરીને આભાર વ્યકત કરાતો. હસીના સત્તા પરથી હટ્યાં એ સાથે જ એ બધું બાજુ પર રહી ગયું ને ભારત માત્ર સાથી બનીને રહી ગયું.

જો કે તેનાથી ઈતિહાસ બદલાવાનો નથી. ભારત ના હોત તો બાંગ્લાદેશ હજુય પૂર્વ પાકિસ્તાન હોત ને પાકિસ્તાનની લશ્કરની એડી તળે સબડતું હોત, પાકિસ્તાની લશ્કરના અત્યાચારો સહન કરતું હોત. બાંગ્લાદેશની આઝાદી માટે હથિયાર ઉઠાવનારી મુક્તિબાહિની ભારતની દેન હતી. ભારતે તેને મદદ ના કરી હોત ને સીધો પાકિસ્તાની લશ્કર પર હુમલો કરીને તેને ખોખરું ના કર્યું હોત તો મુક્તિબાહિનીની બાંગ્લાદેશને આઝાદ કરાવવાની તાકાત જ નહોતી. આ ઈતિહાસ છે ને નઝરુલ જેવા લખોટાઓના કહેવાથી એ ઈતિહાસ બદલાવાનો નથી.

બાંગ્લાદેશીઓ ભલે આ ઈતિહાસ ભૂલાવી દેવા માગતા હોય પણ ભારતીયોએ આ ઈતિહાસ યાદ રાખવો જોઈએ કેમ કે બાંગ્લાદેશને આઝાદ કરાવવામાં ભારતે ભજવેલી ભૂમિકા આઝાદ ભારતના સુવર્ણ પ્રકરણોમાંથી એક છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૭૧માં લડાયેલું યુદ્ધ ૧૩ દિવસ ચાલ્યું હતું. પાકિસ્તાના ૩ ડિસેમ્બર, ૧૯૭૧ના આક્રમણ સાથે યુદ્ધ શરૂ થયું ને ભારતે ૧૬ ડિસેમ્બર, ૧૯૭૧ના રોજ ઢાકા પર કબજો કરીને યુદ્ધનો અંત લાવી દીધો. ૩ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ સાંજે ૦૫:૪૦ વાગ્યે પાકિસ્તાની વાયુસેનાનાં સેબર જેટ્સ અને સ્ટાર ફાઇટર્સ વિમાનો ભારતીય સીમાં ઘૂસીને બોમ્બમારો શરૂ કરીને સત્તાવાર રીતે યુદ્ધનું એલાન કરી દીધું હતું. પાકિસ્તાની એરફોર્સે પઠાણકોટ, શ્રીનગર, અમૃતસર, જોધપુર અને આગ્રા સહિત દેશમાં ૧૧ લશ્કરી હવાઈ મથકોને નિશાન બનાવીને બોમ્બમારો કરતાં ભારતે પણ વળતો પ્રહાર કરીને ૧૩ દિવસમાં તો પાકિસ્તાનના ગાભા કાઢી નાંખ્યા.

ભારત આ યુદ્ધમાં સામેલ થયું કેમ કે ભારતે પાકિસ્તાનના બાંગ્લાભાષીઓને મદદ કરી હતી. પશ્ચિમ પાકિસ્તાન (હાલનું પાકિસ્તાન)માં પંજાબી અને સિંધીઓની સત્તા હતી તેથી પાકિસ્તાનના શાસકો બંગાળીઓના વિરોધને લશ્કરી તાકાતની મદદથી કચડવા મથ્યા કરતા હતા પણ લોકોની લાગણીને કચડી નાખવી શક્ય નહોતી. ભૂરાંટા થયેલા લશ્કરી સરમુખત્યાર યાહ્યાખાને બંગાળીઓ પર અત્યાચારો કરવા માંડ્યા. સામે શેખ મુજીબુર રહેમાને પણ લોકોને પૂરી તાકાતથી લડવાનું એલાન કરતાં બંગાળીઓ રસ્તા પર ઉતર્યા ને પ્રચંડ આંદોલન ઊભું થયું.

આ આંદોલનને કચડી નાખવા ૨૫ માર્ચ, ૧૯૭૧ના રોજ યાહ્યાખાને લશ્કરને છૂટો દોર આપી દીધો. બંગબંધુ શેખ મુજિબુર રહેમાનની ધરપકડ કરવામાં આવી. બાંગ્લા પ્રજા પર પાકિસ્તાની લશ્કરે બેફામ અત્યાચાર શરૂ કર્યા. મુજિબુરના સમર્થકોને ખતમ કરવા પાકિસ્તાની લશ્કરે ઓપરેશન સર્ચલાઈટ શરૂ કર્યું. મુજિબુર રહેમાનના સમર્થકોએ પાકિસ્તાની લશ્કરના અત્યાચારો સામે બંગાળીઓનું રક્ષણ કરવા હથિયાર ઉઠાવ્યાં. ૧૦ એપ્રિલે બાંગ્લાદેશમાં પ્રોવિઝનલ ગવર્નમેન્ટ રચાઈ. આ સરકારે મોહમ્મદ અતાઉલ ગોની ઉસ્માનીને કમાન્ડર બનાવીને મુક્તિ બાહિની રચી. મુક્તિ બાહિની બાંગ્લાદેશની આઝાદી માટે રચાયેલું લશ્કર જ હતું.

પૂર્વ પાકિસ્તાન પાકિસ્તાનનો ભાગ હતું તેથી ભારત સીધી રીતે દખલગીરી કરી શકે તેમ નહોતું તેથી ઈન્દિરાએ મુત્સદીગીરી વાપરીને મુક્તિ બાહિનીને પાછલા બારણે મદદ કરવા માંડી. મુક્તિ બાહિનીએ ગેરીલા સ્ટાઈલમાં હુમલા કરીને પાકિસ્તાની લશ્કરની ઊંઘ હરામ કરી નાખી. છ મહિના સુધી મુક્તિ બાહિનીને મદદ કરીને ભારતીય લશ્કરે પાકિસ્તાની લશ્કરને પરેશાન કરી દીધું એટલે જનરલ યાહ્યાખાનની ધીરજ ખૂટી. તેણે ડિસેમ્બર મહિનામાં ભારત પર હુમલો કરવાની મોટી ભૂલ કરી નાખી ને ભારતીય લશ્કરે આ તક ઝડપી લીધી. પાકિસ્તાને હુમલાની શરૂઆત પૂર્વ તથા ઉત્તરના મોરચે હુમલાથી કરી. ભારતને ભિડવવા પાકિસ્તાને પશ્ચિમ સરહદ પર પણ હુમલો કરી દીધો. પાકિસ્તાની લશ્કરે ગુજરાત સરહદે પણ હુમલા કર્યા. પાકિસ્તાનના સેબર જેટ્સે કચ્છમાં નેપામ બોમ્બ પર બોમ્બ ઝીંકવા માંડ્યા. ભારતે જડબાતોડ જવાબ આપીને પાકિસ્તાનને આક્રમણને છિન્નભિન્ન કરી નાખ્યું.

ભારતીય લશ્કરે પાકિસ્તાન એરફોર્સના આક્રમણને મારી હઠાવ્યા પછી બાંગ્લાદેશ તરફ કૂચ શરૂ કરી. ૧૬ ડિસેમ્બર, ૧૯૭૧ના રોજ ઢાકા પર કબજો કરીને ભારતે પાકિસ્તાની લશ્કરને હરાવ્યું. પાકિસ્તાની લશ્કરના કમાન્ડર જનરલ નિયાઝીએ ભારતના જનરલ જગજીતસિંહ અરોરા સામે ૯૩ હજાર સૈનિકા સાથે શરણાગતિ સ્વીકારી એ સાથે જ આ યુદ્ધ સમાપ્ત થઈ ગયું.

ભારત માટે આ બહુ મોટી જીત હતી ને એ માટે ગર્વ અનુભવવાનો ભારતને પૂરો અધિકાર છે. બાંગ્લાદેશ ભલે ઉપકાર પર અપકાર કરીને ભારતને ખાલી સાથી ગણાવે પણ એ સાથી ના હોત તો આજે બાંગ્લાદેશ પણ ના હોત એ વાસ્તવિકતાને કોઈ બદલી નહીં શકે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન/સૌર હેમંતઋતુ શુક્રવાર, તા. ૨૦-૧૨-૨૦૨૪

- ભારતીય દિનાંક ૨૯, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૮મો દએપઆદર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૮મો દએપઆદર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૯મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર મઘા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૪૬ સુધી, પછી પૂર્વાફાલ્ગુની.
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ.૦૮ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૭, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૪, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૫-૧૫, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૭ (તા. ૨૧)
- ઓટઃ સવારે ક. ૦૯-૩૫, રાત્રે ક. ૨૦-૫૨
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - પંચમી. -
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાતમુહૂર્ત, વાસ્તુકળશ. શ્રી ગણેશ પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, મઘા જન્મનક્ષત્ર શાંતિ પૂજા,શ્રી સુક્ત અભિષેક, પિતૃપૂજા, શુક્ર-કેતુ દેવતાનું પૂજન, વડનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું, ખેતીવાડીના કામકાજ, સ્થાવર લેવડદેવડના કામકાજ, ધાન્ય ઘરે લાવવું,
- આચમનઃ શુક્ર-ગુરુ ત્રિકોણ ગુલાબી સ્વભાવના, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ ગૃહસ્થ જીવનમાં સરળતા, ચંદ્ર-બુધ ચતુષ્કોણ પીઠ પાછળ નિંદા કરવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ શુક્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ (તા. ૨૧). ચંદ્ર મઘા યુતિ
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# કાશ્મીરમાં ગાત્રો થીજવતી ઠંડીઃ શ્રીનગરમાં સિઝનની સૌથી ઠંડી રાત નોંધાઈ

શ્રીનગરઃ શ્રીનગરમાં અત્યાર સુધીની સિઝનની સૌથી ઠંડી રાત નોંધાઈ હતી. કાશ્મીરમાં ગાત્રો થીજવતી ઠંડી સાથે લઘુતમ તાપમાન શૂન્યથી અનેક ડિગ્રી નીચે ગગડ્યું હતું. આ જાણકારી અધિકારીઓએ ગુરુવારે આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર શ્રીનગર શહેરના ઘણા ભાગોમાં ધુમ્મસનું પાતળું આવરણ પણ જોવા મળ્યું હતું. અહીં લઘુતમ તાપમાન માઇનસ છ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે ગત રાત્રિના માઇનસ ૪.૫ ડિગ્રી સેલ્સિયસ કરતાં ઓછું છે. બુધવારની રાત શહેરમાં આ સિઝનની સૌથી ઠંડી રાત રહી હતી તથા રાત્રિનું તાપમાન સિઝનના આ ભાગ માટે સામાન્ય કરતાં ૪ ડિગ્રી ઓછું હતું.

તેઓએ જણાવ્યું કે તીવ્ર ઠંડીના કારણે અહીંના પ્રખ્યાત દાલ સરોવર સહિત અનેક જળાશયોના કાંઠા થીજી ગયા છે, જ્યારે શહેરના ઘણા વિસ્તારો અને ખીણમાં અન્ય સ્થળોએ ભારે ઠંડીના કારણે પાણી પુરવઠાની લાઈનો જામી ગઈ છે. દક્ષિણ કાશ્મીરમાં પ્રવાસન સ્થળ પહેલગામમાં લઘુતમ તાપમાન માઇનસ ૬.૮ ડિગ્રી નોંધાયું હતું. ગુલમર્ગના પ્રખ્યાત સ્કી રિસોર્ટમાં લઘુતમ તાપમાન માઇનસ ૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

પંપોર શહેરના બહારી ભાગમાં આવેલું કોનીબલ ખીણનું સૌથી ઠંડું હવામાન મથક રહ્યું હતું. જ્યાં લઘુતમ તાપમાન માઇનસ ૮.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

કાશ્મીરના પ્રવેશદ્વાર કાઝીગુંડમાં લઘુતમ તાપમાન માઇનસ ૭ ડિગ્રી, ઉત્તર કાશ્મીરના કુપવાડામાં માઇનસ ૬.૨ ડિગ્રી અને દક્ષિણ કાશ્મીરના કોકરનાગમાં માઇનસ ૫.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગે ૨૬ ડિસેમ્બર સુધી મુખ્યત્વે શુષ્ક હવામાનની આગાહી કરી છે. જ્યારે ૨૧-૨૨ ડિસેમ્બરની રાત્રે ખીણના ઊંચાણવાળા વિસ્તારોમાં હળવી હિમવર્ષા થવાની સંભાવના છે.

હવામાન વિભાગે જણાવ્યું કે ૨૭ ડિસેમ્બરની રાતથી ૨૮ ડિસેમ્બરની સવાર સુધી કેટલાક ઊંચાણવાળા વિસ્તારોમાં હળવી હિમવર્ષા થઈ શકે છે.

# પંજાબ, હરિયાણામાં કડકડતી ઠંડીનો પ્રકોપ ફરીદકોટમાં બે ડિગ્રી તાપમાન નોંધાયું

ચંદીગઢઃ પંજાબ અને હરિયાણાના કેટલાક વિસ્તારોમાં ગુરુવારે ઠંડીનો પ્રકોપ યથાવત્ રહ્યો હતો, ફરિદકોટમાં લઘુતમ તાપમાન બે ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે ભટિંડા પણ તીવ્ર ઠંડીની ઝપેટમાં આવ્યું હતું, ત્યાં ૩.૬ ડિગ્રી સેલ્સિયસનું નીચું તાપમાન નોંધાયું હતું, પઠાણકોટ અને ગુરદાસપુરમાં અનુક્રમે ૪.૬ અને ૪.૫ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

વિભાગના ડેટા અનુસાર, અમૃતસરમાં લઘુતમ તાપમાન ૪.૨ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લુધિયાણામાં ૫.૬ ડિગ્રી સેલ્સિયસ અને પટિયાલામાં લઘુતમ ૬.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

બે રાજ્યની સામાન્ય રાજધાની ચંડીગઢમાં ૭.૪ ડિગ્રી સેલ્સિયસનું નીચું તાપમાન નોંધાયું હતું.

હરિયાણામાં, હિસારમાં લઘુતમ ૨.૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું, જ્યારે સિરસા અને કરનાલ પણ તીવ્ર ઠંડીથી લપેટાઈ ગયા હતા, બંને સ્થળોએ અનુક્રમે ૩.૨ અને ૫.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

રોહતકમાં લઘુતમ તાપમાન ૫.૬ ડિગ્રી અને અંબાલામાં લઘુતમ ૮.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, એમ હવામાન કચેરીએ જણાવ્યું હતું.

# કુલગામની અથડામણમાં હિજબુલ કમાન્ડર ફારૂક નાલી સહિત પાંચ ત્રાસવાદી ઠાર

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : સુરક્ષા દળોએ એક મોટી સફળતામાં હિજબુલ કમાન્ડર ફારૂક નાલીને દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં બીજા ચાર આતંકવાદીઓ સાથે ઠાર માર્યો હતો. પોલીસના ટોચના અધિકારીએ માહિતી આપી હતી કે ફારૂક નાલી મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હતો અને કાશ્મીરમાં તે સૌથી લાંબા સમય સુધી જીવંત રહેનાર આતંકવાદી છે. પોલીસ અને સુરક્ષા દળો અને આતંકવાદીઓની અથડામણમાં તેને ઠાર મારવામાં આવ્યો હતો. આના પહેલાં ગોળીબાર દરમિયાન પાંચ આતંકવાદી માર્યા ગયા હતા અને લશ્કરના બે જવાન ઘાયલ થયા હતા. કુલગામ જિલ્લામાં પરોઢિયે સુરક્ષા દળો અને પોલીસે અથડામણમાં પાંચ આતંકવાદીના ઢીમ ઢાળી દીધા હતા. આ અથડામણમાં જવાનો ઘાયલ થયા હતા.

જમ્મુ અને કાશ્મીર પોલીસના જણાવ્યા મુજબ કુલગામ જિલ્લાના કદ્દેર વિસ્તારમાં અથડામણ શરૂ થઈ હતી. શોધ અભિયાન દરમિયાન આતંકવાદીઓએ જવાનો પર ગોળીબાર કરતાં લશ્કરે આતંકવાદીઓને ઘેરી લીધા હતા.

પોલીસના પ્રવકતાના જણાવ્યા પ્રમાણે જમ્મુ અને કાશ્મીરના કુલગામ જિલ્લાના બેહિબાગના કદ્દેર ગામમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી હતી. ગુરવારે પરોઢિયે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ શરૂ થઈ હતી. અથડામણમાં સુરક્ષા દળોએ પાંચ આતંકવાદીઓને મારી નાખ્યા હતા. આ વિસ્તારમાં વધારે આતંકવાદીઓ ફસાયા હોવાની આશંકા હોવાથી શોધ અભિયાન હજી ચાલુ છે.

સેનાના ચિનાર કોર્પ્સએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર માહિતી આપી હતી કે આતંકવાદીઓ સંતાયા હોવાની ખાસ ગુપ્તચર બાતમીના આધારે કુલગામમાં સંયુક્ત ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી.

આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો અને સુરક્ષા દળોએ જવાબી ગોળીબાર કર્યો હતો.

# અફઘાનિસ્તાનમાં બે હાઈવે અકસ્માતમાં ૫૦નાં મોત, ૭૬ ઘાયલ

કાબુલઃ અફઘાનિસ્તાનના દક્ષિણ-પૂર્વ ભાગમાં બે હાઈવે અકસ્માતમાં કુલ ૫૦ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૭૬ લોકો ઘાયલ થયા હતા. આ જાણકારી એક સરકારી પ્રવક્તાએ ગુરુવારે આપી હતી.

ગઝની પ્રાંતના ગવર્નરના પ્રવક્તા હાફિઝ ઓમરના જણાવ્યા અનુસાર બુધવારે મોડી રાત્રે કાબુલ-કંધાર હાઈવે પર એક યાત્રી બસ અને ઑઇલ ટેન્કર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જ્યારે બીજી દુર્ઘટના એ જ હાઈવેના એક અલગ વિસ્તારમાં થઈ હતી. જે અફઘાન રાજધાનીને દક્ષિણ સાથે જોડે છે. ઓમરે જણાવ્યું કે ઘાયલોને ગઝનીની હૉસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા છે. તેમ જ સત્તાધીશો મૃતદેહોને પરિવારોને સોંપવાની પ્રક્રિયામાં છે.

## પહેલા પાનાનું ચાલુ

### સંસદની ગરિમાને

સારંગીને એમ્બ્યુલન્સમાં રામ મનોહર લોહિયા હૉસ્પિટલમાં લઇ જવાયા હતા. તેમનું વહેતું લોહી રોકવા માટે થોડા ટાંકા લેવા પડ્યા હતા. સંસદ ગૃહના મકર દ્વાર ખાતેનાં પગથિયાંની નજીક વિપક્ષના સાંસદો અને ભાજપના સાંસદો સામસામા આવતાં ધક્કામુક્કી અને ઝપાઝપી શરૂ થઈ હતી. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ આક્ષેપ કર્યો હતો કે રાહુલ ગાંધીએ અમારા વરિષ્ઠ સાંસદ પ્રતાપચંદ્ર સારંગીને ધક્કો માર્યો હતો. કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાળે જણાવ્યું હતું કે ભાજપના સાંસદ મુકેશ રાજપૂત પણ આ ઝપાઝપીમાં ઘાયલ થયા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સારંગી અને રાજપૂતની તબિયત અંગે પૂછપરછ કરી હતી. ઓડિશાના સાંસદ સારંગીના લમણે ઘા લાગ્યો હતો. નિશિકાંત દુબેએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધીને એક મોટી વયની વ્યક્તિને ધક્કો મારતાં શરમ પણ નથી આવતી. રાહુલ ગાંધી સંસદમાં ગુંડાગીરી કરી રહ્યા છે. સંસદ ગૃહના મકર દ્વાર ખાતે ભાજપના સાંસદોએ ભેગા થઈને કૉંગ્રેસ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો. સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ જણાવ્યું હતું કે આ સંસદ છે. શારીરિક તાકાત બતાવવાની જગ્યા કે કુસ્તીની રિંગ નથી.ભાજપના નેતૃત્વ હેઠળ એનડીએના સાંસદોએ કૉંગ્રેસ-વિરોધી સૂત્રોચ્ચાર કર્યો હતો અને તેની પાસે માફીની માગણી કરી હતી.વિપક્ષના સાંસદોએ બાબાસાહેબ આંબેડકરને મુદ્દે અમિત શાહના નિવેદન સંબંધમાં સંસદના પટાંગણમાં અને ગૃહમાં વિરોધ કર્યો હતો. (એજન્સી)

#### ભાજપના સાંસદોએ મનેધક્કો માર્યો હતોઃ ખડગે

નવી દિલ્હીઃ કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ લોકસભાના સ્પીકરને આપેલા પત્રમાં આક્ષેપ કર્યો હતો કે ભાજપના સાંસદોએ સંસદ ગૃહના મકર દ્વાર ખાતે મને ધક્કો માર્યો હતો અને હું સમતોલપણું ગુમાવી દેતાં પડી ગયો હતો. મારા ઘૂંટણમાં ઈજા થઈ હતી. મેં થોડા સમય પહેલાં ઘૂંટણનું ઓપરેશન કરાવ્યું હતું. તેમણે આ ઘટનાની તપાસ યોજવાની માગણી કરી હતી. કૉંગ્રેસના લોકસભામાંના અમુક સાંસદે સ્પીકરને કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે અમારા (કૉંગ્રેસના) નેતા રાહુલ ગાંધીને શાસક પક્ષના સાંસદોએ ધક્કે ચઢાવ્યા હતા. કૉંગ્રેસના સાંસદો - કે. સી. વેણુગોપાલ, કુડ્કુનીલ સુરેશ, વી. કે. શ્રીકંદન સહિત કેટલાક સાંસદે સહી કરેલા પત્રમાં જણાવ્યું હતું કે અમે મકર દ્વાર ખાતેથી સંસદમાં પ્રવેશી રહ્યા હતા ત્યારે અમને ધક્કે ચઢાવાયા હતા. (એજન્સી)

### પાકિસ્તાનના ખૈબર

આતંકવાદીઓ માર્યા ગયા હતા. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી હથિયાર અને દારૂગોળો પણ મળી આવ્યો છે.

સેન્ટર ફોર રિસર્ચ એન્ડ સિક્યોરિટી સ્ટડીઝ(સીઆરએસએસ) દ્વારા જારી કરાયેલા એક રિપોર્ટ અનુસાર પાકિસ્તાનમાં ૨૦૨૪ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં (જુલાઈ-સપ્ટેમ્બર) આતંકવાદી હિંસા અને આતંકવાદ વિરોધી અભિયાનોમાં થનારાં મોતમાં તીવ્ર વધારો જોવા મળ્યો છે, જેમાં હિંસામાં ૯૦ ટકાનો વધારો થયો છે.

### કૉંગ્રેસની ફરિયાદ

જોવાનું કહેવામાં આવ્યું હતું.

સિનિયર ઓફિસરે કહ્યું હતું કે પોલીસને ફરિયાદ મળી છે અને તે તપાસ કરી રહી છે. તીવારીએ પોલીસ સ્ટેશનમાં પત્રકારોને કહ્યું હતું કે ૮૪ વર્ષના દલિત નેતા મલ્લિકાર્જુન ખડગેને ધક્કો મારવામાં આવ્યો હતો અને તેમની સાથે ગેરવર્તન કરવામાં આવ્યું હતું. અમે આ કૃત્ય સામે ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશનમાં આવ્યા છીએ. દિવસની શરૂઆતમાં સંસદના પરિસરમાં વિરોધ પક્ષ અને એનડીએના સંસદસભ્યો વચ્ચે ધક્કામુક્કી થઈ હતી અને આમાં ભૂતપૂર્વ પ્રધાન પ્રતાપચંદ્ર સારંગીને ઈજા થઈ હતી. ભાજપે એવો આક્ષેપ કર્યો હતો કે રાહુલ ગાંધીએ સારંગીને ધક્કો માર્યો હતો. જો કે કૉંગ્રેસે આ આક્ષેપને નકારી કાઢ્યો છે. કૉંગ્રેસે દાવો કર્યો હતો કે ભાજપના સંસદસભ્યોએ અમારા પ્રમુખ ખડગેને ધક્કો માર્યો હતો અને તેમની સાથે ગેરવર્તન કર્યું હતું. કૉંગ્રેસના સંસદસભ્યોએ લોકસભાના સ્પીકર ઓમ બિરલાને એક પત્ર લખીને આ બનાવની તપાસનો આદેશ આપવાની વિનંતી કરી છે. (એજન્સી)

### એનડીએની ફરિયાદ

પ્રધાન પ્રતાપચંદ્ર સારંગી ઘાયલ થયા હતા. ભાજપે એવો આક્ષેપ કર્યો હતો કે રાહુલ ગાંધીએ સારંગીને ધક્કો માર્યો હતો. કૉંગ્રેસના નેતા રાહુલે આ આક્ષેપને રદિયો આપ્યો હતો. કાયદાપ્રધાન અર્જુન મેઘવાલે કહ્યું હતું કે ભાજપના સંસદસભ્ય મૂકેશ રાજપુત પણ આ ધમાચકડીમાં ઘાયલ થયા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદભવનમાં ઈજા પામનાર સારંગી અને રાજપુતને ફોન કરીને તેમની તબિયત અંગે પૃચ્છા કરી હતી. (એજન્સી)

### મારા દેવાંની રકમ

૬,૨૦૩ કરોડ લેવાના નીકળતા હતા.

નિર્મલા સીતારમણે લોકસભામાં જાહેરાત કરી હતી કે બૅન્કોએ ઈડી મારફતે વિજય માલ્યા પાસેથી રૂ. ૬,૨૦૩ કરોડની સામે રૂ. ૧૪,૧૩૦ કરોડ વસૂલ્યા છે અને એમ છતાં હજુ પણ હું આર્થિક ગુનેગાર છું, એમ માલ્યાએ કહ્યું હતું.

કઈ રીતે તેમણે મારી પાસેથી દેવાં કરતાં બમણી રકમ વસૂલી એ બાબતને ઈડી અને બૅન્કો કાયદેસર ન્યાયી નહીં ઠેરવે ત્યાં સુધી હું રાહત મેળવવાને પાત્ર છું, એમ માલ્યાએ કહ્યું હતું,

માર્ચ ૨૦૧૬માં દેશ છોડીને ભાગી ગયેલા વિજય માલ્યા બૅન્કો સાથે રૂ. ૯૦૦૦ કરોડ કરતાં પણ વધુની છેતરપિંડી કરવાને મામલે વૉન્ટેડ છે.

મને કોઈનો ટેકો નથી એમ જણાવી માલ્યાએ સવાલ કર્યો હતો કે મને ગાળો દેનારાં મારી સાથે થઈ રહેલા આ અન્યાય સામે અવાજ ઉઠાવશે? કોઈનામાં એવી હિંમત છે? એમ તેમણે કહ્યું હતું.

મેં અંગત રીતે એક રૂપિયાની પણ લૉન નથી લીધી કે નથી ચોરી કરી એવો દાવો કરતાં માલ્યાએ કહ્યું હતું કે કીંગફીશર ઍરલાઈન્સની લૉનના ગૅરેન્ટર તરીકે હું સીબીઆઈ સહિત અનેક બૅન્કોનો આરોપી છું.

વ્યાજ સહિત સંપૂર્ણ લૉન ચુકવાઈ ગઈ છે તો ત્યાર પછી પણ છેતરપિંડી કે ભંડોળના દુરુપયોગના કોઈ પુરાવા કેમ નથી? એવો સવાલ તેમણે કર્યો હતો.

ભારત યુકે પાસેથી માલ્યાની સોંપણીની માગણી કરી રહ્યું છે. માલ્યાએ આક્ષેપ કર્યો હતો કે ભૂતકાળમાં મેં લોકોના પૂરેપૂરા રૂપિયા ચુકવી દેવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ બૅન્કો અને સરકારે મારા આ પ્રસ્તાવને નકારી કાઢ્યો હતો. (એજન્સી)

### યુપીના

દિલ્હી જવા રવાના થયો હતો. જેના થોડા સમયમાં જ તેમની કારનો ભયાનક અકસ્માત થયો હતો. ટ્રક ડ્રાઇવરની અટકાયત કરવામાં આવી છે અને વાહન કબજે કર્યાનું પોલીસે જણાવ્યું હતું.

ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. એક નિવેદનમાં તેમણે જિલ્લા અધિકારીઓને ઘાયલોને યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો અને તેમના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી હતી.

### સેન્સેક્સમાં

મળી રહી હતી અને આ ચાર સત્રમાં છેલ્લાં ચાર સત્રમાં સેન્સેક્સમાં ૨૯૧૫.૦૭ પૉઈન્ટનો અથવા તો ૩.૫૪ ટકાનો અને નિફ્ટીમાં ૮૧૬.૬ પૉઈન્ટ અથવા તો ૩.૨૯ ટકાનો કડાકો બોલાઈ ગયો છે, જેમાં રોકાણકારોની સંપત્તિમાં ૯.૬૫ લાખ કરોડનું ધોવાણ થઈ ગયું છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ચાર સત્ર દરમિયાન બીએસઈ ખાતે લિસ્ટોડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૯,૬૫,૯૩૫.૯૬ કરોડ ઘટીને રૂ. ૪,૪૯,૭૬,૪૦૨.૬૩ કરોડ (૫.૨૯ ટ્રિલિયન)ની સપાટીએ રહ્યું છે.


એકંદરે ફેડરલ રિઝર્વનાં આગામી વર્ષે તંગ નાણાનીતિ અપનાવે તેવા સંકેતો સાથે વિશ્વ બજારના બૅન્ચમાર્કોએ મનોવૈજ્ઞાનિક સપાટી ગુમાવી હોવાના નિર્દેશો સાથે સ્થાનિકમાં ઓલારાઉન્ડ વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. તેમ જ ડૉલર ઈન્ડેક્સ મજબૂત થતાં રૂપિયો પણ ગબડી જવાની સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૪૨૨૪.૯૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં ગબડતા બૅન્ચમાર્કને ઢાળ મળ્યો હોવાનું મહેતા ઈક્વિટીઝ લિ.નાં વાઈસ પ્રેસિડેન્ડ પ્રશાંત તાપસેએ જણાવ્યું હતું.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર સનફાર્મા, હિન્દુસ્તાન યુનીલિવર અને પાવરગ્રીડ કોર્પોરેશનના શૅરના ભાવમાં સુધારો આવ્યો હતો. આ સિવાયના તમામ શૅરના ભાવમાં પીછેહઠ જોવા મળી હતી, જેમાં મુખ્યત્વે ઈન્ફોસિસ, બજાજ ફિનસર્વ, બજાજ ફાઈનાન્સ, આઈસીઆઈસીઆઈ બૅન્ક, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટાટા મોટર્સ અને ટેક મહિન્દ્રામાં વધુ ઘટાડો જોવા મળ્યો હતો.

### અમિત શાહને

અન્ય લોકો અવરજવર સરળતાથી કરી શકે તેનું ધ્યાન રાખતા હતા. મારી નજર સમક્ષ કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને ધક્કો મરાયો હતો અને તેથી તેઓ પડી ગયા હતા. બાદમાં માર્ક્સવાદી પક્ષના સાંસદને ધક્કો મરાતાં તેઓ ખડગેની ઉપર પડ્યા હતા. (એજન્સી)

# જાણીતા લેખક એચ. એન. ગોલીબારનો બ્રેઇન હેમરેજને લીધે ઇન્તેકાલ



અમદાવાદઃ સાપ્તાહિક 'ચંદન'ના તંત્રી-માલિક એચ.એન. ગોલીબાર એટલે કે હાજી મહમ્મદ યુનુસ ગોલીબાર એટલે કે ભોલાભાઈ ગોલીબારનું બ્રેઇન હેમરેજને કારણે ગુરુવારે સાંજે પાંચ વાગ્યાની આસપાસ અમદાવાદની હોસ્પિટલમાં મૃત્યુ થયું હતું. બુધવારે તેઓ પડી ગયા હતા જેથી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, પરંતુ ગુરુવારે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. હાલમાં તેમની ધારાવાહિક નવલકથા 'તૃપ્ત-અતૃપ્ત' એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'માં ચાલી રહી છે.

ગોલીબાર લોકપ્રિય લેખક તો ખરા પણ એક એવા માણસ હતા જે દરેક ઉંમરની વ્યક્તિઓ સાથે સહજ રીતે મોકળા મને હસીને તેમની સાથે વાતો કરી શકે. તેમની વાતોમાં ક્યારેય ડંખ ન જોવા મળે.

ગોલીબાર જ્યારે અગિયાર વર્ષના હતા ત્યારે તેમને તેમના પિતા નૂર મહમ્મદ ગોલીબારે 'ચક્રમ'ના પ્રેસમાં કામ પર રાખ્યા હતા.

ગોલીબાર ટીનેજર હતા ત્યારે ૧૯૬૬માં તેમનાં પિતા નૂર મહમ્મદ ગોલીબારનું મુત્યુ થયું હતું. એ પછી ગોલીબારના મોટાભાઈ છોટે ગોલીબારે ચક્રમ'નું સુકાન સાંભળી લીધું હતું. પરંતુ તેઓ પણ ૩૧ વર્ષની નાની ઉંમરે મુત્યુ પામ્યા. ૧૯૭૦માં 'ચક્રમ'ની સાથે આખા ગોલીબાર કુટુંબની જવાબદારી માત્ર ૧૯ વર્ષીય ગોલીબાર ઉપર આવી પડી હતી. તેઓ એ વખતે કોલેજમાં અભ્યાસ કરતા હતા.

૧૯૭૧માં ભોલાભાઈએ ચક્રમ'નું સુકાન સંભાળ્યું. એ પછી તેમણે ૧૯૭૩માં એક અકલ્પ્ય નિર્ણય લીધો, તેમણે જાહેર કર્યું કે આજ પછી ચક્રમ સામાયિકમાં એક પણ જાહેરખબર પ્રકાશિત નહીં થાય.

ગોલીબાર સવા બસો નોવેલ્સ લખી ચૂક્યા છે. એમાંથી અડધોઅડધ નોવેલ હોરર થ્રિલર છે. ■

# હાસ્ય જગતમાં હવે 'વસંત' નથી

*જામનગર:* તેમનું નામ તો પરેશ ખેતસીભાઈ વસંત... પણ લોકો તેને તેમના તખલ્લુસ (ઉપનામ) 'બંધુ' થી વિશેષ ઓળખે, બોલાવે અને નવાજે. કેટલાક અજાણ્યા તો તેની 'વસંત' અટકને જ તેનું નામ સમજી લેતા.

જામનગરનો એ તેજસ્વી સિતારો હાસ્યગગનના ગોખે ત્રણ દાયકા સુધી સૂર્યની માફક ઝળહળતો રહ્યો. ડાયરા-મહેફિલની વ્યાપક રોનકમાં તેનું નામ માત્ર પૂરતું હતું. હિન્દી ભાષાની સ્વરચિત શાયરીઓને પોતાના કથનાત્મક કાર્યક્રમમાં એવી રીતે વણી લે કે, શ્રોતાઓ આફરીન પોકારી ઊઠે. કેટલાક સમકાલીન ઉદ્‌ઘોષકો પણ બંધુ રચિત પ્રેમ તથા મૃત્યુ વિષયક ચોટદાર શાયરીઓને પોતાના ઉપયોગમાં લેતા.

વીસમી સદીના અંતિમ બે દાયકા અને એકવીસમીના પ્રથમ દોઢ દસક સુધી ગુજરાતના કોઈપણ ધોરીમાર્ગ પર આવતી હોટલો-ધાબા ઉપર તેમની હાસ્યરસિક કેસેટો જ સાંભળવા મળતી. તેમની અભિનય મિશ્રિત હાસ્યકલાના ચાહકવર્ગમાં યુવાનો, મહિલાઓ, ગ્રામ્ય પ્રદેશના વયોવૃદ્ધો, સંતો-મહંતો, શિક્ષિતો ઉપરાંત શ્રમજીવી વર્ગ પણ હતો. ચાહકો સદાય તથા વારંવાર તેમને સાંભળવા ઉત્સુક રહેતા. મલકાટના મહારથીઓ પાસે મબલખ મિત્રોની મિરાત હતી.

''તમારી દૃષ્ટિ હાસ્યની હોય તો આપણી આસપાસમાંથી જ હાસ્ય મળી રહે...'' તેવું ઉચ્ચારનાર



બંધુ પોતાની પત્નીના સંબંધો તેમજ મિત્રોનો નામોલ્લેખ કરી એવી શૈલીથી જોક્સ કરતા કે, લોકો તેની વાતને સાચેસાચી માની લેતા. ''પાલી'' વાળો જોક્સ તો આપણે ગમે તેટલી વખત તેમના મુખેથી સાંભળીએ તો પણ હસ્યા વિના ના રહી શકીએ.

ધર્મ અને રાજકારણ એ સ્નિગ્ધ વિષયો છતાં તેમાં પ્રવર્તતી બદીઓ અંગે બેધડક જોક્સ કરતાં... ત્યારે નેતાઓ તેમજ સંતો પણ હસીને તેનો સ્વીકાર કરતા. તેમના કંઠે કહેવાયેલી એંસીથી પણ વધુ ઓડિયો કેસેટો, તેનું વિષય વૈવિધ્ય, અનેકાનેક વિદેશયાત્રાઓ, કાર્યક્રમ સંચાલનો તેમને સ્ટેજ પર પ્રમોટ કરેલા અનુગામી હાસ્ય કલાકારો જેવી અઢળક બાબતો તો પુસ્તક ભરાય તેટલી છે. ૧૧૦ કેસેટ અને સીડી વસંતભાઈના અવાજમાં ગુજરાતીઓના હૃદય સુધી પહોંચી હતી. હાસ્યનો પ્રકાર છે બ્લેક હ્યુમર. સ્મશાનયાત્રા અને નનામી ઉપર પણ જોક કરી અને ખડખડાટ હસાવી શકે અને બીજી જ ક્ષણે આંખના ખૂણા ભીના પણ કરાવી શકે તેવી ક્ષમતા વસંતભાઈમાં હતી. નવોદિત હાસ્ય કલાકારોનું ઘોડિયાઘર કહી શકાય. ઘણા કલાકારોને હાથ પકડી અને સ્ટેજ પર બેસાડ્યા છે. સાઈરામ દવે, ગુણવંત ચુડાસમા, મિલન ત્રિવેદી, કિરીટ વ્યાસ, ગિરીશ શર્મા, જગદીશ ત્રિવેદી, નીરવ મહેતા જેવા નામી-અનામી ઘણા કલાકારોને માર્ગદર્શન આપી અને વાહવાહી કેમ લૂંટાય તે શીખવ્યું છે. દિલદાર કલાકાર સૂક્ષ્મ હાસ્યના બેતાજ બાદશાહ હતા. દેશ-વિદેશમાં જ્યાં જ્યાં ગુજરાતી વસે છે ત્યાં તેના હૃદય સુધી પહોંચી અને ખડખડાટ હસાવ્યા છે. જામનગરની અનન્ય ઓળખ બની ગયેલા આ કલાકાર તેમની હાસ્યકલા પ્રદર્શન થકી સદાય જીવંત રહેશે. પરંતુ આવી ઓળખને ગુમાવવી એ આપણા શહેર માટે ઊંડો આઘાત છે. હાસ્ય કલાકાર તરીકે એટલું જ કહી શકાય કે સારો કલાકાર વહેલો બુક થાય. ઈશ્વરે સ્વર્ગમાં હાસ્ય દરબાર યોજવો હશે તેવું માનવું રહ્યું. ■

# ગુજરાતમાં ભારે વરસાદમાં અસરગ્રસ્ત ૭.૧૫ લાખ ખેડૂતોને દોઢ મહિનામાં ૧૩૭૨ કરોડની સહાય ચૂકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચાલુ વર્ષે જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસમાં વરસેલા ભારે વરસાદમાં રાજ્યના અનેક ખેડૂતોના પાકને વ્યાપક નુકસાન થયું હતું. રાજ્ય સરકારે તાત્કાલિક સર્વે કરીને અસરગ્રસ્ત ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું હતું.કૃષિ રાહત પેકેજ જાહેર કર્યા બાદ રાજ્ય સરકારે માત્ર દોઢ મહિનાના સમયગાળામાં જ આશરે ૭.૧૫ લાખથી વધુ ખેડૂતોને કુલ ૧૩૭૨ કરોડથી વધુ સહાય ચૂકવી હતી. ગુજરાતના કૃષિ પ્રધાન રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગત જુલાઈ માસમાં થયેલા ભારે વરસાદમાં જૂનાગઢ, રાજકોટ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવા માટે કૃષિ રાહત પેકેજ જાહેર કરીને તા. ૩૦ ઓગસ્ટથી તા. ૩૦ સપ્ટેમ્બર દરમિયાન ખેડૂતો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં મળેલી અરજીઓ પૈકી ૧.૨૨ લાખથી વધુ ખેડૂતોને નિયમો અનુસાર મળવાપાત્ર સહાય ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા વધારાની રૂ. ૪૨.૮૫ કરોડ સહાયને મળીને કુલ રૂ.૧૮૭.૩૭ કરોડની સહાય ચૂકવવામાં આવી હતી.

આ ઉપરાંત ગત ઓગસ્ટ અને સપ્ટેમ્બર માસ દરમિયાન થયેલા ભારે વરસાદમાં પંચમહાલ, નવસારી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, ખેડા, આણંદ, વડોદરા, મોરબી, જામનગર, તાપી, કચ્છ, દાહોદ, રાજકોટ, ડાંગ, અમદાવાદ, ભરૂચ, જૂનાગઢ, સુરત, પાટણ અને છોટા ઉદેપુરના મળી કુલ ૨૦ અસરગ્રસ્ત જિલ્લાઓ માટે પણ ખાસ કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. ખાસ કૃષિ રાહત પેકેજ માટે ઉપરોક્ત જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતો પાસેથી પણ તા. ૨૫ ઓકટોબરથી તા. ૧૦ નવેમ્બર સુધી અરજીઓ મંગાવવામાં આવી હતી. જેમાં મળેલી અરજીઓ પૈકી ૫.૯૩ લાખથી વધુ ખેડૂતોને પણ નિયમો અનુસાર મળવાપાત્ર સહાય ઉપરાંત વધારાની રૂ. ૨૭૧.૧૫ કરોડ સહાય મળી કુલ રૂ. ૧૧૮૪.૬૬ કરોડની સહાય ચૂકવવામાં આવી છે. માત્ર દોઢ મહિનામાં જ સહાય સીધી બેંક ખાતામાં જમા કરાઈ હતી.

વર્ષ ૨૦૨૪-૨૫ના બંને કૃષિ રાહત પેકેજ મળી છેલ્લા પાંચ વર્ષમાં (૨૦૨૦-૨૧ થી ૨૦૨૪-૨૫) રાજ્ય સરકાર દ્વારા પાક નુકસાન અંતર્ગત કુલ ૩૮.૯૮ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને કુલ રૂ. ૬૨૦૪ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. ■

# ગુજરાતમાં એનઆરઆઈ ડિપોઝિટ સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં એક લાખ કરોડને પાર થઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિશ્વમાં યુદ્ધના માહોલ વચ્ચે ભારતીય શેરબજારમાં રેકોર્ડ બ્રેક તેજી છવાયેલી રહેતા દેશના લોકોએ જંગી રોકાણ કર્યું હતું. એટલું જ નહીં એનઆરઆઈ લોકો પણ રોકાણ કરવા મુદ્દે આકર્ષિત થયા હતાં. ત્યારે ગુજરાતમાં એનઆરઆઈ ડિપોઝિટનો આંક એક લાખ કરોડ પાર કરી ગયો છે.

સ્ટેટ લેવલ બેંકર્સ કમિટીના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં એનઆરઆઈઓની થાપણ સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં જ એક લાખ કરોડને પાર થઈ ગઈ હતી. જે ગત વર્ષની સરખામણીએ ૧૪ ટકાનો વધારો સૂચવે છે. ચાલુ વર્ષે એનઆરઆઈ ડિપોઝિટનો આંકડો ૧.૦૧ લાખ કરોડ થયો છે તે ગત વર્ષે ૮૯૦૫૭ કરોડ હતો.

સ્ટેટ લેવલ બેંકર્સ કમીટીના સિનિયર અધિકારીએ કહ્યું કે, ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે એનઆરઆઈઓ દ્વારા વધુ નાણાં મોકલવામાં આવ્યા છે તે પાછળ અનેકવિધ કારણો જવાબદાર છે. વિશ્વસ્તરે અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો હોવાને કારણે ભારતીયોએ સુરક્ષા માટે પણ ભારતમાં નાણાં રાખવાનો વ્યુહ અપનાવ્યો છે. આ સિવાય રિયલ એસ્ટેટ જેવા ક્ષેત્રોમાં પણ રોકાણ નોંધાયું છે.

ભારતીય શેરબજાર સપ્ટેમ્બર સુધી જોરદાર તેજીમાં જ હતુ ત્યારે એનઆરઆઈ દ્વારા જબરદસ્ત રોકાણ આવ્યું હતું. જેથી ભારતમાં એનઆરઆઈને ભરોસો હોવાનું સ્પષ્ટ થઈ ગયું છે. સંપતિ વધારવા માટે તેઓ ભારતમાં રોકાણ વધારી રહ્યા છે. એસોસિએશન ઓફ નેશનલ એકસચેંજ મેમ્બર્સ ઓફ ઈન્ડિયાના ડાયરેકટર વૈભવ શાહે કહ્યું કે કોરોના બાદ ભારતીય શેરબજારે જોરદાર રિટર્ન આપ્યું છે અને આવનારા વર્ષોમાં પણ આવી જ આશા સેવાઈ રહી છે.

વૈશ્વિક અર્થતંત્ર સંકટથી ઘેરાયેલુ છે. યુદ્ધ અને તનાવનો માહોલ છે ત્યારે ભારતમાં રોકાણ સુરક્ષિત હોવાનું માનવા ઉપરાંત રિટર્ન પણ મળવાના આશાવાદથી એનઆરઆઈના રોકાણ વધારી રહ્યા છે. મુખ્યત્વે મ્યુચ્યુઅલ ફંડ મારફતે ઈન્વેસ્ટમેન્ટમાં વધારો થઈ રહ્યો છે. ■

# ગુજરાતમાં શરૂ કરાયેલી 'ઈ-પાસ સિસ્ટમ'નો ૨.૭૫ લાખ વિદ્યાર્થીઓએ લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ 'દેશભરમાં ઈ-પાસ સિસ્ટમ' પ્રથમ વખત જ ગુજરાત એસ.ટી. વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે. રાજ્યમાં બીજા શૈક્ષણિક સત્રથી શરૂ કરવામાં આવેલી 'ઈ-પાસ સિસ્ટમ'નો અત્યાર સુધીમાં કુલ ૨.૭૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ લાભ લીધો છે, જ્યારે ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓ ઓનલાઇન ઈ-પાસ કરાવીને ડિજિટલ ગુજરાત અભિયાનમાં સહભાગી થયા છે. ગ્રામીણ ક્ષેત્રમાંથી આવતી વિદ્યાર્થિનીઓને એસ.ટી. નિગમ દ્વારા આ પાસ વિનામૂલ્યે આપવામાં આવે છે, જેમાં અન્ય વિદ્યાર્થીઓને પાસ મેળવવા માટે ૮૨.૫ ટકા કન્સેશન આપવામાં આવે છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે 'ઈ-પાસ સિસ્ટમ'નું તા. ૦૮ જૂન ૨૦૨૩ના રોજ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ યોજનાનો મુખ્ય હેતુ શાળા-કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓનો સમયની બચત થાય તેમજ વિદ્યાર્થીઓને એસ.ટી.બસના પાસ કઢાવવા માટે લાંબી લાઈનોમાં ઊભું રહેવું ન પડે તેમજ વારંવાર ધક્કા ખાવા ન પડે, ફોર્મમાં વિગતો ભરવાની ઝંઝટમાંથી મુક્તિ મળે અને વિદ્યાર્થી કોઇપણ જાતની હેરાનગતિ, દોડધામ કે માનસિક ત્રાસ વગર સરળતાથી બસનો મુસાફરી પાસ કાઢી શકે તે માટે શિક્ષણ વિભાગ સાથે એપીઆઈ મારફતે પાસ સિસ્ટમ ઈન્ટિગ્રેશન ચાલુ કરી ચાલુ શૈક્ષણિક વર્ષથી ઓનલાઇન ઇ-પાસ કાઢી આપવામાં આવે છે.

ઈ-પાસ સિસ્ટમની વિદ્યાર્થી જાતે જ ઓનલાઈન એપ્લિકેશન કરી શકે છે. જે-તે શૈક્ષણિક સંસ્થા દ્વારા ઓનલાઈન એપ્લિકેશન મંજૂર કરવામાં આવે છે. મંજૂર થયેલા ફોર્મ વિદ્યાર્થીએ નક્કી કરેલા એસ.ટી વિભાગના કાઉન્ટર પર જતું રહે છે અને ત્યાં જઈને ફોર્મ નંબર આપી જરૂરી પાસના પૈસા ઓનલાઈન-કેશમાં ચૂકવી પાસ કલેક્ટ કરી શકે છે. જેનાથી વિદ્યાર્થીઓ માટે પાસ કાઢવાનું સરળ બની રહે છે. અરજી નંબરના આધારે વિદ્યાર્થી તેની અરજી અંગે લેટેસ્ટ સ્ટેટસ પણ ચેક કરી શકે છે. ■

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે પંચમહાલ જિલ્લાની વાવકુલ્લી-૨ પંચાયતને એક કરોડની રકમ અપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પંચાયત વિભાગ દ્વારા તમામ જિલ્લાઓ સાથે સતત બેઠકો તેમજ વીડિયો કોન્ફરન્સથી જરૂરી સૂચના આપવામાં આવતી હતી. જેના પરિણામ સ્વરૂપે દેશની અંદાજે ૧.૯૪ લાખ ગ્રામ પંચાયતના નોમિનેશન પૈકી નેશનલ પંચાયત એવોર્ડ-૨૦૨૪'માં પંચમહાલ જિલ્લાની ઘોઘંબા તાલુકાની વાવકુલ્લી-૨ દેશની સર્વશ્રેષ્ઠ ''સુશાસન યુક્ત પંચાયત'' તરીકે પસંદગી કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે એવોર્ડ એનાયત કરી પ્રથમ પુરસ્કાર તરીકે રૂ. ૧ કરોડની રકમ ગ્રામ પંચાયતને આપવામાં આવી હતી.

ભારત સરકાર દ્વારા નેશનલ પંચાયત એવોર્ડ ૨૦૨૪-૨૫ અંતર્ગત દીન દયાલ ઉપાધ્યાય પંચાયત સતત વિકાસ પુરસ્કાર આપવામાં આવે છે. આ એવોર્ડમાં કુલ ૦૯ થીમ આધારિત દરેક થીમમાંથી ત્રણ એવોર્ડ આપવામાં આવે છે. જેમાં પ્રથમ પુરસ્કાર માટે રૂ. ૧ કરોડ, બીજા પુરસ્કાર માટે રૂ. ૭૫ લાખ અને ત્રીજા પુરસ્કાર માટે રૂ.૫૦ લાખની રકમ એવોર્ડ તરીકે એનાયત કરવામાં આવે છે. દેશની ૪૫ એવોર્ડ વિજેતા પંચાયતોને ડિજિટલ ટ્રાન્સફર દ્વારા કુલ રૂપિયા ૪૬ કરોડની રકમ એનાયત કરવામાં આવી છે.

નવી દિલ્હી ખાતે યોજાયેલ આ એવોર્ડ ગુજરાત સરકાર વતી અધિક વિકાસ કમિશનર ગૌરવ દહિયા, અને નેશનલ પંચાયત નોડલ અધિકારી દ્વારા એવોર્ડ સ્વીકારવામાં આવ્યો હતો. તેમ વિકાસ કમિશનર કચેરી ગાંધીનગરની યાદીમાં જણાવાયું હતું. ■

# ગુજરાતમાં ઉત્સવનો પ્રારંભઃ ૫૭ આંગણવાડી કેન્દ્રો નંદઘરનું ઈ-લોકાર્પણ અને ઈ-ભૂમિપૂજન કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મહિલા અને બાળવિકાસ પ્રધાન ભાનુબહેન બાબરિયાએ ગાંધીનગર ખાતેથી પોષણ ઉત્સવ ૨૦૨૪નો પ્રારંભ કરાવ્યો હતો. તે ઉપરાંત રાજ્યભરમાં 'ટેક હોમ રાશન' અને 'શ્રી અન્ન'માંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગીઓની ચાર ભાગમાં સ્પર્ધા યોજાશે. તે ઉપરાંત ૫૭ આંગણવાડી કેન્દ્રો 'નંદઘર' તથા ત્રણ ઘટકોનું ઈ-લોકાર્પણ તેમજ ઈ-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

મહિલા અને બાળવિકાસ પ્રધાન ભાનુબહેન બાબરિયાએ જણાવ્યું હતું કે, દેશને વિકસિત ભારતના નિર્માણમાં સશક્ત મહિલા અને સ્વસ્થ બાળકની મહત્ત્વની ભૂમિકા રહેલી છે. દરેક ઉંમર અને વ્યક્તિના વિકાસમાં શિયાળાની ઋતુની મહત્ત્વતાને ધ્યાનમાં રાખી,સહી પોષણ, દેશ રોશનના સૂત્રને સાર્થક કરવા સમગ્ર રાજ્યમાં પોષણ ઉત્સવ-૨૦૨૪ નો શુભારંભ કરવામાં આવ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, સ્વસ્થ, સશક્ત અને સામર્થ્યવાન બાળક દેશના ઉજ્જવળ ભવિષ્યની નિશાની છે, આજનું બાળક દેશનું ભવિષ્ય છે, તેમને પોષણયુક્ત સ્વાસ્થ્ય આહાર આપવો ખૂબ જ જરૂરી છે. આ ઉત્સવ ચાર ભાગમાં યોજવામાં આવશે. જેમાં રાજ્ય કક્ષાએ, દરેક ઝોન કક્ષાએ, તમામ જિલ્લા-મહાનગરપાલિકા, ઘટક તેમજ સેજા કક્ષાએ યોજાશે. આંગણવાડીના માધ્યમથી લોકોમાં અને ખાસ કરીને મહિલાઓને મિલેટ એટલે કે, શ્રી અન્ન તેમજ સરગવા જેવા ઘરઆંગણે સરળતાથી મળતા પૌષ્ટિક ખાદ્યો અને તેના પોષણના મહત્વ અંગે જાગૃત કરી તેના વધુ ઉપયોગ અંગે પ્રોત્સાહિત કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં ભાનુબહેનના હસ્તે પ્રધાનમંત્રી જનજાતિ ન્યાય મહાઅભિયાન યોજના તથા સંકલિત બાળવિકાસ સેવા યોજના અંતર્ગત આદિમ જનજાતિ ધરાવતા વિસ્તારમાં નવનિર્માણાધિન ૫૭ આંગણવાડી કેન્દ્રો 'નંદઘર' તથા ત્રણ ઘટક કચેરીનું ઈ-લોકાર્પણ અને ઈ-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. ■

# બેંગકોકથી લાવેલો ૩.૬૦ કરોડનો ગાંજો મોરબી પહોંચાડે તે પહેલાં પોલીસે યુવકની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદ એરપોર્ટ પર હવે માદક પદાર્થોની હેરાફેરીના બનાવો પ્રકાશમાં આવી રહ્યાં છે. મુંબઈથી લાવવામાં આવતો ગાંજાનો જથ્થો મોરબી પહોંચાડવામાં આવે તે પહેલાં અમદાવાદ શહેરમાં પોલીસે વાહન ચેકિંગ દરમિયાન ૩.૬૦ કરોડનો ગાંજો ઝડપી પાડ્યો હતો. વટવા પોલીસની ટીમ ચેકપોસ્ટ પર વાહન ચેકિંગ કરી રહી હતી. ત્યારે કારમાં બેઠેલા મુસાફરનું ચેકિંગ કર્યું હતું. પેસેન્જરની બેંગ ચેક કરતા તેની પાસેથી ગાંજા જેવો પ્રદાર્થ મળી આવ્યો હતો. વટવા પોલીસ મુસાફરની અટકાયત કરી તેને પોલીસ સ્ટેશનમાં લઇ ગઇ હતી જ્યાં એફએસએલની ટીમને તપાસ માટે બોલાવી હતી. એફએસએલની ટીમે શંકાસ્પદ પ્રદાર્થને ચેક કરતા તે હાઇબ્રીડ ગાંજો હોવાનું જણાયું હતું. વટવા પોલીસે મુસાફરની ધરપકડ કરી તેની પૂછપરછ શરૂ કરી હતી. જેમાં યુવકે તેનું નામ યોગેશ દસાડીયા હોવાનું તેમજ તે મોરબીનો રહેવાસી હોવાનું જણાવ્યું હતું. તે બેંગકોકથી કરોડો રૂપિયાનો હાઇબ્રીડ ગાંજો લાવ્યો હતો. તે ગાંજો લઇને મોરબી જઇ રહ્યો હતો જ્યાં તેની પોલીસે ચેકિંગ દરમિયાન ધરપકડ કરી હતી. બેંગકોકમાં રૂપિયા કમાવવાના ઇરાદે યોગેશ અનેક વખત ટ્રીપ મારતો હતો. વટવા પોલીસ નાર્કોટિક્સની કલમ હેઠળ ગુનો નોંધીને તપાસ કરતા યોગેશની સાથે અન્ય બે મહિલાની સંડોવણી હોવાનું જણાયું હતું. આ બે મહિલાઓએ યોગેશને રૂપિયા ૭૦,૦૦૦ની ટ્રીપ આપીને બેગકોંક હાઈબ્રીડ ગાંજો લેવા મોકલ્યો હોવાનું તપાસમાં જાણવા મળ્યું હતું.પોલીસે બે ફરાર મહિલાની શોધખોળ અને તપાસ હાથ ધરી છે. ■

# નવસારીમાં મકાનમાં ચાલતી બોગસ હૉસ્પિટલ ઝડપાઈઃ નિષ્ણાત ડોક્ટરો વિઝિટ માટે જતા હતાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં બોગસ ડોક્ટરોને ઝડપી પાડવા માટે પોલીસ સક્રિય થઈ ગઈ છે. નવસારી જિલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી બોગસ ડોક્ટરોને ઝડપી પાડવા શરૂ થયેલા અભિયાનમાં અત્યાર સુધીમાં નવ કેસ બોગસ ડોક્ટર વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. નવસારી તાલુકાનાં સાતેમ ગામે નટવરગીરી ગોસ્વામી નામનો બોગસ તબીબ આયુર્વેદિક અને પંચકર્મ ટ્રીટમેન્ટના નામે ૨ વર્ષથી ૬ બેડની એલોપેથિક હોસ્પિટલ ચલાવતો હતો. જેને પોલીસે ઝડપી લીધો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે નવસારીના સાતેમ ગામે આવેલા હનુમાન ફળિયામાં શિવ આયુર્વેદિક હોસ્પિટલના નામે નટવરગીરી ગોસ્વામી છેલ્લા બે વર્ષથી આયુર્વેદિક અને પંચકર્મ ટ્રીટમેન્ટની આડમાં હોસ્પિટલ ચલાવતો હતો. જેની નવસારી પોલીસની એસઓજીની ટીમને જાણ થતાં દરોડા પાડ્યા હતા. હોસ્પિટલમાંથી અલગ-અલગ દવાઓ, ડોક્ટરી પ્રેક્ટિસ કરવાના સાધન સામગ્રી મળી કુલ ૨,૬૯,૭૧૯નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે નવસારી શહેરના જાણિતા ડોક્ટરો આ હોસ્પિટલમાં સારવાર આપવા માટે આવતા હતા. હોસ્પિટલ લાઈસન્સ ધરાવે છે કે, કેમ તે ચકાસવાની પણ તસ્દી શહેરના ડિગ્રીધારક ડોક્ટરોએ લીધી ન હતી. એમ એસ ઓર્થોની ડિગ્રી ધરાવતા ડોક્ટર દ્વારા આ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવતી હોવાની પોલીસ તપાસમાં જાણકારી મળી હતી.

આ હોસ્પિટલમાં છ થી સાત જેટલા બેડ હતા. આ હોસ્પિટલમાં ઓપરેશન થિયેટર હતું કે, કેમ તે અંગે તપાસ કરવામાં આવશે. આરોપી ડોક્ટર નટવરગીરી રેવાગીરી ગોસ્વામી દ્વારા ઉત્તર પ્રદેશના કાનપુરમાંથી વર્ષ ૨૦૧૪માં ડિગ્રી લીધી હોવાની પ્રાથમિક માહિતી મળી છે, જેમાંથી ચોક્કસ કઈ ડિગ્રી ધરાવે છે તેની તપાસ પોલીસ કરી રહી છે. નવસારી જિલ્લા પોલીસવડા સુશીલ અગ્રવાલે જણાવ્યું હતું કે, નવસારી જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવેલી સ્પેશિયલ ડ્રાઈવમાં ૯ જેટલા ડોક્ટરો વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યો છે. આ ડ્રાઈવ દરમિયાન ૨,૬૯,૭૧૯નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. ડોક્ટર દ્વારા બી એમ એસની ડીગ્રી રજૂ કરવામાં આવી છે. એ સાચી છે કે કેમ તે અંગેની તપાસ શરૂ કરવામાં આવી છે. ■

# ગુજરાતમાં ડમી શાળાઓની તપાસ કરી તેને બંધ કરવા મુખ્ય પ્રધાનને પત્ર લખી રજૂઆત કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના પૂર્વ સભ્ય ડો. પ્રિયવદન કોરાટ દ્વારા ગુજરાત રાજયમાં આવેલી ડમી શાળાઓની તપાસ કરી આવી શાળાઓ બંધ કરવા અને તેની સામે જરૂરી કાર્યવાહી કરવા માટે મુખ્ય પ્રધાનને રજૂઆત કરવામાં આવી હતી.

તેમણે કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની જાહેર પરીક્ષા પાસ કર્યા બાદ આઈઆઈટી, આઈઆઈએમ અને મેડિકલ જેવા ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માટે ધો. ૧૦ની જાહેર પરીક્ષા પાસ કર્યા બાદ મોટાં શહેરોમાં આવા ઉચ્ચ અભ્યાસ માટેના કોચિંગ ક્લાસ ધો. ૧૧થી જ શરુ થાય છે. આથી આઈઆઈટી, આઈઆઈએમ અને મેડિકલ જેવા ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માગતા વિદ્યાર્થીઓ ધો. ૧૦ પાસ કર્યા બાદ સીધા કોચિંગ ક્લાસમાં જ પ્રવેશ મેળવે છે અને આવા વિદ્યાર્થીઓ ડમી શાળાઓમાં ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહમાં માત્ર કાગળ ઉપર જ પ્રવેશ મેળવવા માટે તોતિંગ ફી ભરે છે.

આવી ડમી શાળાઓમાં શિક્ષકો પણ કાગળ ઉપર જ હોય છે અને આ શિક્ષકો ધો. ૧૨ની જાહેર પરીક્ષાની ઉત્તરવહી ચકાસણી માટે પણ જતાં નથી તેમજ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટિકલ પરીક્ષામાં વિદ્યાર્થીઓની પરીક્ષા લીધા વગર પાસ કરી દેવામાં આવે છે.

આ અંગે મુખ્ય પ્રધાનને પત્ર લખીને તેમણે રજૂઆત કરી હતી. જે અન્વયે જિલ્લા મથકે આવી શાળાઓની તપાસ કરવા માટેના આદેશો થયા હતા, પરંતુ આ તપાસ યોગ્ય રીતે ન થતાં હજી પણ ડમી શાળાઓ ચાલી રહી છે. આવી શાળાઓની યોગ્ય તપાસ કરી ગુજરાતના શિક્ષણના વિશાળ હિતમાં સત્વરે જરૂરી કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી હતી. ■

# પીએમ કિસાન યોજનાની અરજી માટે પહેલી જાન્યુઆરીથી ફાર્મર આઈડી ફરજિયાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત સરકાર દ્વારા પીએમ કિસાન યોજના હેઠળ પાત્રતા ધરાવતા ખેડૂતોની પોર્ટલ ઉપર નોંધણી સેલ્ફ રજિસ્ટ્રેશન દ્વારા કરવામાં આવે છે. આ નોંધણી માટે પહેલી જાન્યુઆરી ૨૦૨૫થી અરજદાર માટે ફાર્મર રજિસ્ટ્રી હેઠળનો ફાર્મર આઈડી ફરજિયાત કરવામાં આવ્યો છે. પોર્ટલ પર સેલ્ફ રજિસ્ટ્રેશન દ્વારા અરજી કરતી વખતે અરજદારે ફાર્મર આઈડી-ખેડૂત નોંધણી ક્રમાંક ફરજિયાત દાખલ કરવાનો રહેશે. પીએમ કિસાન યોજના માટે પાત્રતા ધરાવતા ખેડૂતો વેબ પોર્ટલ અથવા મોબાઈલ એપ્લિકેશનથી જાતે અથવા ગ્રામ્ય કક્ષાએ કોમ્પ્યુટર ઓપરેટર મારફતે અરજી કરી શકે છે, પરંતુ તે માટે ફાર્મર આઈડી જરૂરી હોય છે. જે માટે ખેડૂતે પોર્ટલ પર જાતે અથવા ગામમાં કોમ્પ્યુટર ઓપરેટર મારફતે અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે ગામના ગ્રામસેવક અથવા તલાટી-કમ-મંત્રી અને તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારીનો સંપર્ક કરવા, ખેતી નિયામક કચેરીની યાદીમાં જણાવ્યું હતું. ■

# એક-બે નહીં, પૂરા ૨૬ તમાચાઃ છેડતી કરનારનો નશો ઉતાર્યો મહિલાએ



મુંબઈઃ પુણેમાં ચાલતી બસમાં નશામાં ચકચૂર એક શખસે મહિલાને અયોગ્ય રીતે સ્પર્શ કરનારા પુરુષ પ્રવાસીને ધોપટી નાખ્યો હતો. એક, બે નહીં પણ પૂરા છવ્વીસ લાફા આ મહિલા પ્રવાસીએ પુરુષ પ્રવાસીને માર્યા હતા. આ ઘટનાનો વીડિયો વાયરલ થવા લાગ્યો છે.

આ વીડિયોની શરૂઆત મહિલા નશામાં ધૂત પુરુષ સાથે થાય છે, જે તેની બાજુમાં બેઠેલો હતો. પુરુષ પ્રવાસી જ્યારે તેની સીટ પરથી ઊભો થાય છે ત્યારે તે મહિલાને અયોગ્ય રીતે સ્પર્શ કરતો જોવા મળે છે. મહિલા પ્રવાસીને તેનો વળતો જવાબ આપે છે અને કોઇ પણ ખચકાટ વિના તેને લાફા મારવાનું શરૂ કરી દે છે. પુરુષ પ્રવાસી તેની આ હરકત માટે માફી માગે છે, પણ મહિલા તેનું એક પણ સાંભળતી નથી. બસમાં પરિસ્થિતિ એકદમ વણસી ગઇ હોવા છતાં બસમાં પ્રવાસ કરી રહેલા અન્ય પ્રવાસીઓએ દરમિયાનગીરી કરવાનું મુનાસિબ માન્યું નહોતું. જોકે બસ કંડક્ટરે દરમિયાનગીરી કરી ત્યારે મહિલા પ્રવાસીએ તેને નજીકના પોલીસ સ્ટેશને લઇ જવા માટેની માગ કરી હતી. ■

# વારસામાં તાજ મળે બુદ્ધિ નહીંઃ એકનાથ શિંદેની ઉદ્ધવને ટકોર

નાગપુરઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગુરુવારે રાજ્ય વિધાન પરિષદમાં શિવસેના યુબીટીના નેતા ઉદ્ધવ ઠાકરે પર કટાક્ષ કરતાં કહ્યું હતું કે વારસામાં તાજ મળી શકે છે, બુદ્ધિ નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે મહાયુતિ મહારાષ્ટ્રને ત્રણગણી ઝડપે વિકાસની દિશામાં આગળ લઈ જશે. તેમણે એવો દાવો કર્યો હતો કે મહાયુતિ દ્વારા કરવામાં આવેલા વિકાસકામોને આધારે તે ફરી સત્તામાં આવી છે.

કોઈનું પણ નામ લીધા વગર શિંદેએ ટીકા કરતાં કહ્યું હતું કે, કેટલાક લોકોને વારસામાં તાજ મળે છે, બુદ્ધિ નહીં. તેમણે એવી પણ ટીકા કરી હતી કે તેઓ ગૃહમાં પાર્ટ-ટાઈમ પ્રવૃત્તિ તરીકે મહેમાન તરીકે આવે છે.

રાજ્યપાલના ભાષણ પરની ચર્ચાનો જવાબ આપતાં શિંદેએ કહ્યું હતું કે વિધાનસભાની ચૂંટણી દરમિયાન મહાયુતિએ વિપક્ષે લોકસભાની ચૂંટણીમાં જે ફેક નરેટિવ ફેલાવ્યો હતો તેની હવા કાઢી નાખી હતી.

શિંદેએ કહ્યું હતું કે તેમનો ઉલ્લેખ ગેરકાયદે મુખ્ય પ્રધાન તરીકે કરવામાં આવતો હતો, પરંતુ મહાયુતિની સરકારે મહિલાઓ, ખેડૂતો અને સમાજના અન્ય વર્ગોના કલ્યાણ માટે કામ કર્યું હતું અને તેને પરિણામે જ્વલંત વિજય મેળવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે હું કોઈની ટીકા કરવા માગતો નથી, પરંતુ છેલ્લા અઢી વર્ષમાં અમારે ફક્ત ટીકાનો સામનો કરવો પડ્યો છે. હવે ચૂંટણી પતી ગયા પછી પણ આ લોકો બંધ થયા નથી. કેટલાક લોકોને વારસામાં તાજ મળે છે, બુદ્ધિ નહીં. મહાયુતિ સરકાર દ્વારા વિદર્ભના વિકાસ માટે કરવામાં આવેલા કામ ગણાવતાં તેમણે કહ્યું હતું કે સમૃદ્ધિ એક્સપ્રેસનો છેલ્લો તબક્કો પૂર્ણ થવાને આરે છે. નાગપુરને લોજિસ્ટિક હબ તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે અને નક્સલવાદનો ગઢચિરોલીમાંથી નાશ કરવામાં આવ્યો છે. ■

# મોતને પણે જીવી ગઈ ટ્રેઈની પાઈલટઃ ચેષ્ટાએ અવયવદાન કરી પાંચને નવજીવન બક્ષ્યું

પુણેઃ મહારાષ્ટ્રમાં પુણે-બારામતી રોડ પર નવમી ડિસેમ્બરે એક એસયુવી વૃક્ષ સાથે અથડાઈ હતી. જેમાં બે ટ્રેઇની પાઇલટના મોત થયા હતા. આ ઘટનામાં અન્ય બે ઘાયલ થયા હતા. જેમાં રાજસ્થાનના પોખરણની રહેવાસી ચેષ્ટા બિશ્નોઈનો પણ સમાવેશ થાય છે. મિત્રો સાથે ફરવા નીકળેલી ચેષ્ટા પાઈલટ બનવાના માર્ગે હતી.

પોખરણના ખેતોલાઈ ગામની રહેવાસી ૨૧ વર્ષીય ટ્રેઈની પાઈલટ ચેષ્ટા બિશ્નોઈ નવમી ડિસેમ્બરે પુણેમાં એક અકસ્માતમાં ઘાયલ થઇ હતી. ત્યારથી ચેષ્ટાની સારવાર ચાલી રહી હતી. પરિવારે દુઃખના સમયે એક સાહસિક નિર્ણય લીધો હતો અને પુત્રીના અંગોનું દાન કરવાનું નક્કી કર્યું હતું. તે પુણેમાં એક વર્ષથી પાઈલટની ટ્રેનિંગ લઈ રહી હતી. તે જેસલમેર જિલ્લાની પ્રથમ આશાસ્પદ પુત્રી હતી જે તાલીમ બાદ પાઈલટ બનવા જઈ રહી હતી. ચેષ્ટાએ નિર્ધારિત ૨૦૦ કલાકમાંથી ૬૮ કલાકની ફ્લાઈંગ તાલીમ પૂર્ણ કરી હતી. ચેષ્ટાના આકસ્મિક અવસાનથી પરિવાર સહિત સમગ્ર સમાજમાં શોકનું વાતાવરણ છે, પરંતુ આ શોકભરી સ્થિતિમાં પણ ચેષ્ટાના પરિવારે લીધેલા નિર્ણયની ભારે પ્રશંસા થઈ રહી છે.

ચેષ્ટાની બે વર્ષની પાઈલટની તાલીમ બાકી હતી. નવ દિવસથી સારવાર હેઠળ ચેષ્ટાનું મંગળવારે મૃત્યુ થતાં પરિવારજનોએ તેના અંગોનું દાન કરવાનો નિર્ણય લીધો હતો. ચેષ્ટાના ભાઈએ જણાવ્યું કે ચેષ્ટાના હૃદય, લીવર, બંને કિડની, સ્વાદુપિંડ જેવા અંગોનું દાન કરવામાં આવ્યું છે. તેનાથી પાંચ લોકોને નવું જીવન મળશે. ચાર તાલીમાર્થી પાઈલટ કારમાં બારામતીથી ભીગવન તરફ જઈ રહ્યા હતા. આ અકસ્માતમાં તક્ષુ શર્મા અને આદિત્ય કનાસેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે કૃષ્ણ સિંહ અને ચેષ્ટા બિશ્નોઈ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ■

# અન્ય દેશોમાં લઘુમતીઓ સાથે શું થાય છે એ તો જુઓઃ મોહન ભાગવત

પુણેઃ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે ગુરુવારે કહ્યું હતું કે ભારતને ઘણીવાર લઘુમતીઓના મુદ્દાઓ પર ધ્યાન આપવાની સલાહ આપવામાં આવે છે, પરંતુ હવે આપણે જોઈ રહ્યા છીએ કે અન્ય દેશોમાં લઘુમતી સમુદાયો કેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે.

પુણેમાં 'હિન્દુ સેવા મહોત્સવ'ના ઉદ્ઘાટન પ્રસંગે તેમણે એમ પણ જણાવ્યું હતું કે વિશ્વ શાંતિની વાતો કરીને આધિપત્ય જમાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. વિશ્વ શાંતિ વિશે મોટી જાહેરાતો કરવામાં આવી રહી છે. અમને (ભારતને) પણ વિશ્વ શાંતિની સલાહ આપવામાં આવી રહી છે, પરંતુ સાથે સાથે યુદ્ધો પણ થઈ રહ્યા છે. આપણને (ભારતને) ઘણીવાર આપણા દેશમાં લઘુમતીઓ વિશે ચિંતા કરવાનું કહેવામાં આવે છે, પણ અન્ય દેશોમાં લઘુમતીઓ કેવા પ્રકારની પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે એ દેખાઈ રહ્યું છે.'.

આરએસએસના વડાએ પાડોશી દેશ બાંગ્લાદેશમાં હિન્દુ સમુદાય પર થયેલી હિંસાનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. (પીટીઆઈ) ■

# ભાજપના રામ શિંદે વિધાન પરિષદના સભાપતિ બન્યા

નાગપુરઃ ભાજપના વિધાનસભ્ય રામ શિંદે મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં બિનવિરોધ સભાપતિ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. વિધાન પરિષદના સભાપતિનું પદ એનસીપીના નેતા રામરાજે નાઈક-નિંબાળકરની મુદત પૂરી થયા બાદ સાતમી જુલાઈ, ૨૦૨૨થી રિક્ત પડ્યું હતું.

શિંદે વિધાન પરિષદમાં સભાપતિ બન્યા બાદ હવે વિધાનસભાના બંને ગૃહના સભાપતિ અત્યારે ભાજપની પાસે જ છે. ગયા અઠવાડિયે ભાજપના રાહુલ નાર્વેકર વિધાનસભાના સ્પીકર તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

ગુરુવારે વિધાન પરિષદના સભ્યો શ્રીકાંત ભારતીય, ઉમા ખાપરે અને શિવાજીરાવ ગર્જેએ શિંદેનું નામ સભાપતિ પદ માટે પ્રસ્તાવિત કર્યું હતું અને મનીષા કાયંદે, અમોલ મિટકરી અને જ્ઞાનેશ્વર મ્હાત્રે દ્વારા તેને અનુમોદન આપવામાં આવ્યું હતું.

નાયબ સભાપતિ નીલમ ગોરે દ્વારા શિંદેની નવા સભાપતિ તરીકે જાહેરાત કરવામાં આવી હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવાર તેમ જ વિપક્ષી નેતા અંબાદાસ દાનવે રામ શિંદેને તેમની ખુરશી તરફ દોરી ગયા હતા. ■

# લાસલગાંવમાં કાંદાના ભાવ ગગડ્યા, ખેડૂતોએ હરાજી રોકી

નાશિકઃ ડુંગળીના ભાવમાં થયેલા ઘટાડાને કારણે ગુસ્સે ભરાયેલા ખેડૂતોએ ગુરુવારે મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના દેશના સૌથી મોટા જથ્થાબંધ બજાર લાસલગાંવ એપીએમસીમાં હરાજી થોડા સમય માટે અટકાવી દીધી હતી. ખેડૂતોએ ડુંગળી પરની ૨૦ ટકા નિકાસ વેરો દૂર કરવા અને ઉત્પાદનના ક્વિન્ટલદીઠ ૧,૦૦૦ થી ૧,૨૦૦ રૂપિયાની સહાય આપવાની માગણી કરી હોવાનું એપીએમસીના અધિકારીઓએ જણાવ્યું હતું. જોકે, લાસલગાંવ એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી (એપીએમસી)માં કિંમતમાં ભારે ઘટાડો થતાં ડુંગળીના ખેડૂતોએ હરાજી અટકાવી દીધી હતી અને ગુરુવારે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ગુરુવારે એપીએમસીમાં ડુંગળીના ૧૫૦૦ જેટલાં વાહનો હરાજી માટે પહોંચ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર સવારના સત્રમાં લઘુત્તમ ભાવ ક્વિન્ટલ દીઠ ૮૦૦ રૂપિયા, મહત્તમ ૨,૯૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ અને સરેરાશ ૧,૯૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતો. જોકે, હરાજી શરૂ થતાં જ હરાજી કરનારાઓએ ૧,૨૦૦થી ૧,૫૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવ જાહેર કર્યા હતા. આને કારણે ગુસ્સે ભરાયેલા ખેડૂતોએ હરાજી બંધ કરી દીધી હતી. (પીટીઆઈ) ■

# કાંદા પરનો ૨૦ ટકાનો નિકાસ વેરો દૂર કરોઃ અજિત પવાર

નાગપુરઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ગુરુવારે ભાજપના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારને કાંદાની નિકાસ પરનો ૨૦ ટકા વેરો દૂર કરવા અને કાંદાના ઉત્પાદકને રાહત આપવા વિનંતી કરી છે. કેન્દ્રીય વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલને લખેલા પત્રમાં પવારે નાશિક જિલ્લાના ખેડૂતો ને લગતા મુદ્દાઓ પર પ્રકાશ પાડ્યો હતો. નાશિક જિલ્લામાં કાંદાનો પાક મોટા પ્રમાણમાં લેવામાં આવે છે.

અજિત પવારે જણાવ્યું હતું કે 'અહીં (નાસિકમાં) ઉગાડવામાં આવતા કાંદા ભારતના અન્ય રાજ્યોમાં પણ ઉપલબ્ધ છે અને મોટા પ્રમાણમાં એની નિકાસ પણ કરવામાં આવે છે. આજની તારીખમાં ઉનાળાની ઉપજનાના કાંદા ખલાસ થઈ ગયા છે અને નવો પાક મહારાષ્ટ્રની વિવિધ (કૃષિ ઉત્પન્ન) બજાર સમિતિઓ સુધી પહોંચી ગયો છે. જોકે, કાંદાનો મોટો જથ્થો આવી જવાથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. હજી સુધી કોઈ લઘુત્તમ ટેકાના ભાવ મળ્યા ન હોવાથી કાંદા ખૂબ જ નીચા દરે વેચવાની ખેડૂતોને ફરજ પડી છે. ક્વિન્ટલદીઠ સરેરાશ ૨,૪૦૦ રૂપિયાના ભાવે કાંદા વેચી રહ્યા છે. કમોસમી વરસાદ અને બદલાતા વાતાવરણને કારણે કાંદાનો પાક લેતા ખેડૂતોની આવકમાં પહેલેથી જ મોટો ફટકો પડ્યો છે.'કેન્દ્ર સરકારે કાંદાની નિકાસ પર ૨૦ ટકા ડ્યુટી લાદી હોવાથી મહારાષ્ટ્રના કાંદા આંતરરાષ્ટ્રીય બજારમાં સ્પર્ધામાં ટકી નથી શકતા એવો અભિપ્રાય ખેડૂતોએ વ્યક્ત કર્યો છે. ■

# રાજસ્થાનના સપ્લાયર સાથે ભાયંદરના વેપારીએ કરી ૫૬ લાખની છેતરપિંડી

થાણેઃ રાજસ્થાનના સપ્લાયર સાથે ૫૬ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે ભાયંદરના વેપારી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

સ્ટીલ પ્લૅટ્સ સપ્લાય કરનારા ૪૦ વર્ષના ફરિયાદીએ મીરા-ભાયંદર પોલીસને લેખિતમાં ફરિયાદ કરી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે આરોપી અને ફરિયાદી વચ્ચે સારા વ્યાવસાયિક સંબંધો હતા. ૨૦૧૪થી ૨૦૧૭ દરમિયાન આરોપીએ સમયસર માલની રકમ ચૂકવી દીધી હતી. જોકે ૨૦૧૯-૨૦થી આર્થિક સમસ્યા ઊભી થઈ હતી. જોધપુરના સપ્લાયરના કહેવા મુજબ આ સમયગાળામાં ૫૬ લાખ રૂપિયાની સ્ટીલ પ્લૅટ્સ સપ્લાય કરવામાં આવી હતી, પરંતુ આરોપીએ તેનું પેમેન્ટ આપ્યું નહોતું. નાણાંની માગણી કરવામાં આવશે તો ખરાબ પરિણામ ભોગવવાની ધમકી પણ વેપારીએ આપી હોવાનો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.

આ પ્રકરણે વેપારી વિરુદ્ધ છેતરપિંડીનો ગુનો નોંધવામાં આવ્યો હતો. પોલીસ ફરિયાદ મોડી શા માટે નોંધાવી તેનો કોઈ ખુલાસો ફરિયાદીએ આપ્યો નહોતો. આ મામલે તપાસ કરવામાં આવી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

પાચમાં પાનાનું ચાલુ

## ચૂંટણીમાં ટેરર

દેશની સંસદમાં આવ્યા છે. આપણે બધા એકબીજાના વિચારોના વિરોધી છીએ. મને તમારી દેશભક્તિ પર શંકા નથી. પરંતુ દુર્ભાગ્યવશ, મને એ વાતનું દુઃખ છે કે આપણા વિરોધીઓ તમારા ખભા પર બંદૂક મૂકી રહ્યા છે. તમારે એ પણ વિચારવું જોઈએ કે આપણા ખભા પર બંદૂક કોણ મૂકી રહ્યું છે, એમ ફડણવીસે ગૃહમાં વિપક્ષને સંબોધતાં જણાવ્યું હતું.

### હું આધુનિક અભિમન્યુ...

મુખ્યપ્રધાન ફડણવીસે 'હું પાછો આવીશ' (મી પુન્હા યેઈન) વાક્યને નિઃશંકપણે વાસ્તવિક કરી દેખાડ્યું હતું અને કહ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં મને અને મારા પરિવારને જે રીતે ટાર્ગેટ કરવામાં આવ્યો, મહારાષ્ટ્રમાં આ એક રેકોર્ડ હશે, છ-સાત લોકો સવારથી સાંજ સુધી મારા વિશે જ વાતો કરતા હતા. પરંતુ તેમનો આભાર, લોકો મારા પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હતા કારણ કે તેઓ મારા વિશે વાત કરતા હતા. છેલ્લા ૩૦ વર્ષમાં કોઈને ૫૦ ટકા વોટ મળ્યા નથી, મહાયુતિને મળ્યા છે. મેં કહ્યું હતું કે, હું આધુનિક અભિમન્યુ છું, હું ચક્રવ્યૂહને ભેદી શકું છું. હું માત્ર એટલું જ કહીશ કે 'આંધીયોં મેં ભી જો જલતા હુઆ મિલ જાયેગા, ઉસ દિયે સે પૂછ લેના મેરા પતા મિલ જાયેગા' એમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું.

### લાડકી બહેનોને ડિસેમ્બરમાં જ મળશે બાકી હપ્તાઃ

દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે રાજ્યની લાડકી બહેનોને વિધાનસભા સત્રના અંત પછી ડિસેમ્બર મહિનાના નાણાં મળી જશે.

હું ગૃહને અત્યારે એવી ખાતરી આપવા માંગુ છું કે, કોઈ શંકા ન રાખો, અમે જે વચનો આપ્યા છે, જે યોજનાઓ ચાલુ કરી છે તેમાંથી એક પણ યોજના બંધ થવા દેવામાં આવશે નહીં.

### પવાર અને ઈવીએમ

વિધાનસભાની ચૂંટણીમાં અમારી જીત પર હવે શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, વિપક્ષોએ ઈવીએમનું બનાવટી નેરેટિવ બનાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે, પરંતુ ઈવીએમની સાથે વીવીપેટ પણ હતું. તમારો મત તેના પર પ્રદર્શિત થાય છે. તેથી વિપક્ષના આરોપોનો કોઈ અર્થ નથી. શરદ પવારે આ પહેલાં ક્યારેય ઈવીએમનો મુદ્દો ઉઠાવ્યો ન હતો, હવે તેમણે પણ આ મુદ્દો ઉઠાવ્યો છે, એમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે ઈવીએમ એટલે મહારાષ્ટ્ર માટે દરેક મત (એવરી વોટ ફોર મહારાષ્ટ્ર).

### મહારાષ્ટ્ર ગુજરાતની સરખામણી કરનારાઓને જવાબ

મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, ઈવીએમ છે એટલે પરાજય થયો એવી વાતો કરવામાં આવે છે તેવી જ રીતે બીજો કશો મુદ્દો ન મળે એટલે મહારાષ્ટ્રના ઉદ્યોગો ગુજરાતમાં જઈ રહ્યા હોવાના ઢોલ પીટવામાં આવતા હોય છે. ગુજરાત રાજ્યની જાહેરાતો શા માટે આપે છે, અમારા વિરોધીઓ કહે છે કે ગુજરાત સારું છે, તેઓ રોજેરોજ તેનો પ્રચાર અને પ્રસાર કરે છે, ત્યાં બધા જ ઉદ્યોગો જઈ રહ્યા છે, ચિંતા કરશો નહીં, મહારાષ્ટ્ર ગઈ કાલે નંબર વન હતું, આજે નંબર વન છે અને આવતી કાલે નંબર વન રહેશે.

### ખંડણીખોરોને બક્ષવામાં નહીં આવે

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી બીડના મસ્સાજોગના સરપંચ સંતોષ દેશમુખની હત્યા બાબતે બોલતાં મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે રાજ્યના તમામ ખંડણીખોરો સામે કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યના પ્રધાન ધનંજય મુંડેના નજીકના સહયોગી વાલ્મીક કરાડ પર પવનચક્કી કંપની પાસેથી બે કરોડની ખંડણી માંગવાનો આરોપ છે. આ કેસના આરોપીઓએ સંતોષ દેશમુખની હત્યા કરી છે. ■

## એ ૫૦ વિદ્યાર્થીઓનું

એસઆઈટીની રચના કરવામાં આવી છે. હવે આ એસઆઈટી ક્યારે એનો અહેવાલ આપશે એ વિશે કોઈ સ્પષ્ટતા નથી અને એ પછી શું થશે એ સંબંધે અનિશ્ચિતતા છે ત્યારે વિદ્યાર્થીઓનું ભણતર બરબાદ થઈ જાય એવું જોખમ હાલ તો છે. ઉલ્લેખનીય છે કે કૅશ ફોર એડમિશનનું રેકેટ ચલાવવા બદલ તિલકનગર પોલીસે તાજેતરમાં અર્જુન વસરામ રાઠોડ, મહેન્દ્ર વિષ્ણુ પાટીલ અને દેવેન્દ્ર સયાદેની ધરપકડ કરી હતી. પાટીલ અને રાઠોડ ક્લર્ક તરીકે કામ કરતા હતા. વિદ્યાર્થીઓને પ્રવેશ માટે લાયક બનાવવા માટે આરોપીઓ બનાવટી દસ્તાવેજો તૈયાર કરતા હતા.

વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૧૧મા ધોરણમાં પ્રવેશ માટે માર્કશીટ અને લિવિંગ સર્ટિફિકેટ્સની ચકાસણી દરમિયાન આ રેકેટ સામે આવ્યું હતું. જેને પગલે કે.જે. સોમૈયા કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ કોમર્સના પ્રિન્સિપાલે ફરિયાદ નોંધાવી હતી.

દરમિયાન આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઇ એસીપી રેન્કના અધિકારીની આગેવાની હેઠળ પાંચ સભ્યોની એસઆઇટી (સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ)ની રચના કરાઇ છે. એવી શક્યતા છે કે આરોપીઓએ ભૂતકાળમાં પણ આવું રેકેટ ચલાવ્યું હશે. એસઆઇટી દ્વારા આ મામલાની તપાસ કર્યા બાદ પોતાનો અહેવાલ રજૂ કરશે અને ત્યાર બાદ કોર્ટમાં કેસ ચાલશે. આ કાનૂની પ્રક્રિયા ચાલશે ત્યાં સુધી વિદ્યાર્થીઓ બીજે એડમિશન લેવું કે પછી રાહ જોવી એની અસંમજસ વાલીઓમાં અત્યારે તો છે.

સોમૈયા ટ્રસ્ટનો સંપર્ક સાધવામાં આવતાં તેમના પ્રતિનિધિએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે તપાસ દરમિયાન જે દોષી જણાશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.

ઘાટકોપરના એક સમાજસેવકે જણાવ્યું હતું કે અમુક વાલીઓએ અમારો સંપર્ક સાધ્યો હતો અને તેઓ આ બાબતને લઇ કોલેજ સામે મહારાષ્ટ્ર શિક્ષણ વિભાગમાં ફરિયાદ કરી છે. જોકે વિભાગ તરફથી અમને કોઇ જવાબ આપવામાં આવ્યો નથી. ■

## પારસી મરણ

સોરાબ અરદેશર ગીસ્તા તે મરહૂમ અરનવાઝ એસ. ગીસ્તાના ખાવીંદ. તે મરહૂમો ટેમીના તથા અરદેશરના દીકરા. તે બેહરામ, ફરઝાદ ને પરશિયશના પપ્પા. તે રશ્ના બી ગીસ્તા, હીતા એફ. ગીસ્તા ને ક્યનાઝ પી. ગીસ્તા ના સસરા. તે મરહૂમો પેરીન, બચા, કેટી, શાવકને જરૂના ભાઈ. તે અરનવાઝ, ઝકશીશ, ઝોયશ, ઝહાન, સનાયરા, દર્શનના ગ્રાન્ડફાધર (ઉં.વ. ૯૪) રે.ઠેઃ ૪/૭ તાતા મિલ્સ કો.ઓ.હા.સો. લિમિટેડ, એલફીનસ્ટન રોડ (પૂર્વ) પરેલ મુંબઈ-૪૦૦૦૧૨. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૦-૧૨-૨૦૨૪ને બપોરે ૩.૪૫ કલાકે દાદર મધે રૂસ્તમ ફરામના અગિયારીમાં.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સરઘાટ નિવાસી હાલ ગોરેગામ સ્વ. નવલબેન શીવલાલ મેઘજીભાઈ શાહના સુપુત્ર હરીલાલ શાહ (ઉં.વ. ૯૦) તા. ૧૮-૧૨-૨૪ના બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કાંતિભાઈ, સ્વ. અમૃતલાલભાઈ, નવિનભાઈ, ગં.સ્વ. ધનલક્ષ્મીબેન, વિનોદભાઈ સંઘવીના ભાઈ. ગોવિંદજી દેવચંદ પારેખના જમાઈ. અ.સૌ. સોનલ મનીષ, અ.સૌ. નયના ઉમેશ, હીનાબેન આશિતકુમાર શાહના પિતાશ્રી. સિદ્ધાર્થ, ઈશા, ધાર્મિક, મોનલ, નવ્યાના દાદા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયણના શાંતિલાલ કાનજી છેડા (શાહ) (ઉં.વ. ૮૨) તા. ૧૭-૧૨-૨૪ના અવસાન પામેલ છે. માતુશ્રી રતનબેન કાનજી ખીમજીના પુત્ર. સુકેશી (ઇંદિરા)ના પતિ. દેવપુરના ભાનુબેન નાનજી આસુભાઈ વીરાના જમાઈ. અંકુર, ડો. રીષભના પિતા. બિકેશકુમાર, લક્ષ્મીચંદ, જયંત, વિજયના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. શાંતિલાલ શાહ, ૬, ખટાઉ એપાર્ટમેન્ટ, જોષી લેન, તિલક રોડ, ઘાટકોપર (ઈ).

નાના ભાડીયાના માતુશ્રી સાકરબેન દામજી ગોગરી (ઉં.વ. ૮૪) અંબરનાથ મુકામે તા. ૧૮/૧૨ના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. દામજી વિરજીના ધર્મપત્ની. માતુશ્રી દેવકાબેન વિરજીના પુત્રવધૂ. કિરણ, અજીતના માતુશ્રી. નાગલપરના ભચીબાઇ (લાડુમાં) પુંજા ગોસરના દિકરી. પ્રેમજી, લક્ષ્મીબાઇ, ભાણબાઇ, લક્ષ્મીચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મંજુલા ગડા, ૪૬૨, પાટીલ કોલોની, અંબરનાથ (વેસ્ટ).

નાના ભાડીયાના શ્રી ફતેહચંદ ધનજી ગડા (ઉં.વ. ૭૩) તા. ૧૮-૧૨-૨૪ના અવસાન પામેલ છે. ધનવંતીબેન ધનજીના પુત્ર. જયવંતીના પતિ. સુનિલ, ફાલ્ગુની, રીનાના પિતા. નરેન્દ્ર, અરવિંદ, પોપટ, પંકજ, સરલા, ગીતા, દીનાના ભાઇ. ભુજપુર સુંદરબેન કેશવજીના જમાઇ. પ્રા. : હાલારી વિ.ઓ. વાડી, દાદા ફાલકે રોડ, દાદર (વે) ટા. ૩ થી ૪.૩૦. નિ. ફતેહચંદગડા, ૧૧/૧૨, દેવપુંજ, વાલજી લધા રોડ, મુલુંડ (વે).

તલવાણાના શાંતિલાલ રતનશી પોલડીયા (ઉં.વ. ૮૬) તા. ૧૭-૧૨-૨૪ના અવસાન પામ્યા છે. સોનબાઈ રતનશી જેઠાના સુપુત્ર. ચંપાબેનના પતિ. જયેશ, પંકજ, જિનેશ, પ્રિન્સીના પિતાશ્રી. લક્ષ્મીચંદ, બિદડાના સુંદરબેન ઠાકરશી નાનજી, નાની ખાખરના ભાનુબેન શામજી કેશવજી, કોડાયના ગુણવંતી (જયાબેન) કલ્યાણજી મોરારજીના ભાઈ. કોડાયના કેસરબેન દેવચંદ કુંવરજી ગોગરીના જમાઈ. પ્રા : શ્રી વ. સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૨ થી ૩.૩૦. નિ. જિનેશ શાહ : બી-૧૫૦૩, વન મેરાકી, આર. કે. સ્ટુડીયોની સામે, ચેમ્બુર.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ વિલેપાર્લા સ્વ. વૃજલાલ વીરચંદ સંઘવીના ધર્મપત્ની વિમળાબેન સંઘવી (ઉં.વ. ૮૯) બુધવાર, તા. ૧૮-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે નલીન, કમલેશ તથા હર્ષાના માતુશ્રી. વર્ષા, પ્રિતી, અજિતકુમારના સાસુ. સ્વ. શાંતીભાઈ, સ્વ. શશીકાન્તભાઈ, કૃપેશરત્ન મ.સા.ના સંસારીભાઈ. ખડસલીયા નિવાસી હાલ અમદાવાદ, સ્વ. છોટાલાલ હીરાચંદ શાહના દિકરી. જસવંતલાલ, સ્વ. નવીનચંદ્ર, સ્વ. હિંમતલાલ, સ્વ. કિર્તીભાઈ, અશ્વિનભાઈના બેન. માતૃવંદના રવિવાર, તા. ૨૨-૧૨-૨૪ના ૯.૩૦. સ્થળ- હીરાબેન મણીલાલ નાણાવટી સ્કૂલ (એચ.એમ.એન.સ્કૂલ) ગ્રાઉન્ડ ફ્લોર, દિક્ષીત ક્રોસ રોડ, વિલેપાર્લા ઈસ્ટ.

**ઝાલાવાડી સ્થા દશા શ્રીમાળી જૈન**

નગરા નિવાસી હાલ ડોમ્બીવલીના દિનેશ વોરા (ઉં.વ. ૫૮) ૧૭/૧૨/૨૪ના બોરીવલી અરિહંતશરણ પામેલ છે. સ્વ. મીનાબેન તથા રજનીકાંત ધનજીભાઈ વોરાના સુપુત્ર. જ્યોતિબેનના પતિ. રિટા નટવરલાલ વોરાના ભત્રીજા. જીતેન્દ્ર, કિન્નરી, હેતલ, સારિકા, પિંકી, ભાવેશ, કલ્પેશના મોટાભાઈ. સાસરાપક્ષે પોપટલાલ મોતીચંદ શાહના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## હિન્દુ મરણ

**કપોળ**

સિહોરવાળા હાલ સુરત સ્વ. શાંતાબેન ચીમનલાલ મુની, સ્વ. પદ્માબેન મોરલીધર મુનીના પુત્ર વિનોદભાઈ મુની (ઉં.વ. ૭૬) તા. ૧૫-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે નલિનીબેનના પતિ. કીર્તિભાઈ તથા સ્વ. ભરતભાઈના મોટાભાઈ. હરિલાલ ડાહ્યાભાઈ મહેતાના જમાઈ. હેમલ અને પરાગના પિતા. કિલ્પા અને તપસ્યા (પિંકી)ના સસરા. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૨-૧૨-૨૪ રવિવારે ૫ થી ૭. સંન્યાસ આશ્રમ, પહેલા માળે, સંન્યાસ આશ્રમ રોડ, વિલેપાર્લે વેસ્ટ.

**જેતપુર દશા સોરઠિયા વણિક**

હાલ બોરીવલી સ્વ. ચંપાબેન તથા સ્વ. નાનાલાલ ગોરધનદાસ પારેખના સુપુત્ર પ્રકાશભાઈ (ઉં.વ. ૬૮) તે ગં.સ્વ. શોભનાબેનના પતિ. જિજ્ઞાબેન હિરેનકુમાર પારેખ તથા કલ્પેશભાઈના પિતાશ્રી. ગં.સ્વ. સરલાબેન ત્રંબકલાલ, ગં.સ્વ. સુશીલાબેન બાબુલાલ, સ્વ. શિરિષભાઈ, ગં.સ્વ. રેણુકાબેન પ્રેમચંદભાઈ, ચારૂબેન, સ્વ. દિલીપભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, હસમુખભાઈ, રાજુભાઈના ભાઈ. સ્વ. કુસુમબેન ચીમનલાલ શાહના જમાઈ. ભારતીબેન હસમુખભાઈ, ભાવનાબેન સુનિલકુમાર, જ્યોતિબેન કમલેશભાઈ, પૂર્વીબેન રમેશભાઈના બનેવી બુધવાર, તા. ૧૮-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. (પ્રાર્થનસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**કચ્છી લોહાણા**

ગામ મંજલ મંગવાણા હાલ મુલુંડ દિનેશચંદ્ર દૈયા (ઉં.વ. ૭૮) તા. ૧૮-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે સ્વર્ગવાસી કસ્તૂરબેન રતનશી પુરુષોત્તમ દૈયાના મોટાપુત્ર. સ્વર્ગવાસી ટાબાબાઈ શામજી નરશી સેજપાલના જમાઈ. ગામ નલીયા, ગંગા સ્વ. રુક્ષમણિબેન દૈયાના પતિ. મુરલીધર રતનશી દૈયાના મોટાભાઈ. કરીશ્માબેન જયેશકુમાર કોઠારીના પિતા. જયેશ ભરત કોઠારીના સસરા. (લૌકિક વ્યવહાર બંધ છે.) પ્રાર્થનાસભા તા. ૨૦-૧૨-૨૪ ૪.૩૦થી ૬.૩૦. સમૃદ્ધિ બેંકવેટ હોલ, ૨જે માળે, મદન મોહન માલવિયા રોડ, મુલુંડ (વેસ્ટ). બૈરાંઓએ પ્રાર્થનાસભામાં આવી જવું.

**વિશા ઝારોળા વણિક**

કુણઘેર નિવાસી (હાલ મુલુંડ) અ.સૌ. ભારતી (ઉં.વ. ૬૮) તે રશ્મિકાંત ચીમનલાલ શાહનાં પત્ની. સરસ્વતીબેનનાં પુત્રવધૂ. અંકુર, અલ્પા સુજલ શાહનાં માતા. ભૈરવી, સુજલ શાહનાં સાસુ. વિઠ્ઠલદાસ ગાંધીના દીકરી. દૈવિક અને રિયાનાં દાદી. ૧૭મીએ દેવલોક પામ્યા છે. લૌ. વ્ય. બંધ છે.

**ગોડ બ્રાહ્મણ**

ગોવર્ધન નિવાસી હાલ વાલકેશ્વરના મનોજભાઈ શર્મા (ઉં.વ. ૬૨) તા. ૧૬/૧૨/૨૪ના કૈલાશવાસી થયેલ છે. તે સ્વ. પ્રમોદભાઈ શર્માના ભાઈ. સ્વ. શાંતિદેવી ગયાપ્રસાદ શર્માના પુત્ર. પ્રાર્થનાસભા ૨૦/૧૨/૨૪ના ૫ થી ૬. આશાદીપ સોસાયટી, રૂમ નં ૧૧, પ્લોટ નં ૪૬, ગોરાઈ -૧ બોરીવલી વેસ્ટ.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

જેતપુર નિવાસી હાલ બોરીવલી સ્વ. દલપતરામ બેચરદાસ મેરના ધર્મપત્ની ગં.સ્વ. શાંતાબેન મેર (ઉં.વ. ૯૬) તે રસિકભાઈ, ભરતભાઈ, બકુલેશ, ઈલા અનીલકુમાર પડિયા, રિટા કિરણકુમાર બગરીયા, મમતા અશોકકુમાર પડિયાના માતુશ્રી. મધુ, ચંદ્રિકા, છાયાના સાસુ. સ્વ. હીરામણી વીરજી પડિયા, સ્વ. કાંતાબેન હકીમચંદ જગડના ભાભી. ચિતલ નિવાસી સ્વ. અંબાવીદાસ જોગીના દીકરી. ૧૮/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૦/૧૨/૨૪ના ૧૦.૩૦ થી ૧૨. લોહાણા મહાજનવાડી, પહેલે માળે, શંકર મંદિર પાસે, એસ. વી રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

સાવરકુંડલા નિવાસી હાલ ભાયંદર મનહરલાલ રતિલાલ શેઠ (ઉં.વ. ૮૫) ૧૭/૧૨/૨૪ના સાવરકુંડલા મુકામે શ્રીજીશરણ પામેલ છે. તે રક્ષાબેનના પતિ. સરજુભાઈ, સંદીપભાઈ, પિનાકીનભાઈના પિતાશ્રી. કોમલ, ગીતા તથા કિન્નરીના સસરા. રજનીભાઇ, સ્વ. મંજુલાબેન ગુણવંતલાલ દલાલ, ગં.સ્વ. રેખાબેન સુરેશભાઈ મહેતા, માલતીબેન ભરતભાઈ જાંગલાના ભાઈ. સાસરાપક્ષે યુએસએવાળા અતુલભાઈ શાહના બનેવી. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૧/૧૨/૨૪ના ૪ થી ૬. કપોળવાડી, ગીતાનગર, ફાટક રોડ, ભાયંદર વેસ્ટ.

**લુહાર સુથાર**

મોટી ધારી નિવાસી હાલ ભાયંદર અ.સૌ. રંજનબેન ચિત્રોડા (ઉં.વ. ૭૨) તે ૧૮/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. જીવનભાઈ વાલજી ચિત્રોડાના ધર્મપત્ની. ભદ્રેશભાઈ, નિકેશ, સ્વ. ચેતના, સંગીતા, નીતાના માતુશ્રી. સ્વ. ભગવાનભાઇ, સ્વ. ધીરજભાઈ, સ્વ. પ્રભાબેન, સ્વ. સવિતાબેન, મંગળાબેન, હંસાબેનના ભાઈના પત્ની. બિપીનકુમાર બાલુભાઇ ડોડીયા, અશ્વિનકુમાર જીવનભાઈ પરમાર, મેહુલકુમાર પ્રભુભાઈ ડોડીયા, પરેશાબેનના સાસુ. સાવરકુંડલાવાળા વલ્લભભાઈ, લાલજીભાઈ બાલુભાઇ મકવાણા, લીલીબેન ગોવર્ધનભાઈ કવાના બહેન. પ્રાર્થનાસભા ૨૦/૧૨/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**લુહાર સુથાર**

ગામ કાંધી નિવાસી હાલ સુરત મકનજી લાખાભાઇ હીરાભાઈ કવા (ઉં.વ. ૮૧) ૧૭/૧૨/૨૪ના રામશરણ પામેલ છે. તે કાંતાબેનના પતિ. રસિકભાઈ, ધનસુખભાઇ, ગીરીશભાઈ, અશ્વિનભાઈ, વિપુલભાઈ, હીરાબેનના પિતા. બાબુભાઈ, વલ્લભભાઈના મોટાભાઈ. ધોકડવાવાળા સ્વ. નાનજીભાઈ કાનજીભાઈ ગોહિલના જમાઈ. પ્રાર્થનાસભા ૨૧/૧૨/૨૪ના ૫ થી ૭. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ ૩, અંબાજીમંદિર પાસે, બોરીવલી ઈસ્ટ.

**દરજી જ્ઞાતિ**

ગામ ચાણસ્મા હાલ વિલેપાર્લે શ્રીમતી જસુમતીબેન કનૈયાલાલ દરજી (ઉં.વ. ૬૯) ૧૮-૧૨-૨૪ના બુધવારે દેવલોક પામ્યા છે. તે કનૈયાલાલ દરજીના પત્ની. હર્ષદ્ય, વિપુલ, હિતેશના માતા. રાજીવ, શીતલ, ચારૂલના સાસુ. વેદિકા, અહાનના નાની. નાયશા, વિવાન, વેરોનિકાના દાદી. બેસણું, સુંવાળું, સાથરો ૨૨/૧૨/૨૪ને રવિવાર ૯ થી ૧૨. ખડાયતા ભુવન, ૩૨, હનુમાન રોડ, વિલેપાર્લે તિલક વિદ્યાલયની સામે, વિલેપાર્લે ઈસ્ટ.

**શ્રીમાળી સોની**

સ્વર્ગીય ડોક્ટર અનંત પુરુષોત્તમ ધંધુકિયાના ધર્મપત્ની તથા અશોક અનંત ધંધુકિયા તથા અમર અનંત ધંધુકિયાના માતુશ્રી ગુણવંતી અનંત ધંધુકિયા તા. ૧૮/૧૨/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૨૦/૧૨/૨૪ શુક્રવારના ૫ થી ૭. સીતા સિંધુ ભવન હૉલ, નેહરુ રોડ, વિહાર હોટેલની સામે, વિનસ ફોટો સ્ટુડિયોની પાછળ, સાંતાક્રુઝ પૂર્વ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# મેટિની

# સિક્વલમ્ શરણમ્ ગચ્છામિ...

## ઑરિજિનલ સ્ટોરી તેમ જ વેગળો વિચાર ધરાવતી ફિલ્મો ફ્લોપ થતી હોવાથી અજય દેવગન શૃંખલા ચિત્રપટોને વધુ મહત્ત્વ આપી રહ્યો છે

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી



વાત દીવા જેવી સ્પષ્ટ છે. ચાર વર્ષ પહેલાં કારકિર્દીની ૧૦૦મી ફિલ્મ 'તાનાજીઃ ધ અનસંગ વૉરિયર' (૨૦૨૦)ને બૉક્સ ઑફિસ પર સારી સફળતા મળ્યા પછી 'સિંઘમ અગેન' (૨૦૨૪) સુધીમાં અજય દેવગનની ૧૫ ફિલ્મ રિલીઝ થઈ છે. એમાંથી સાત ફિલ્મે નિર્માતાને નુકસાનના ખાડામાં નથી ઉતાર્યા. કોઈ સુપરહિટ, કોઈ હિટ તો કોઈ ખર્ચાયેલી રકમ પાછી મેળવવામાં સફળ રહી છે. લગભગ ૫૦ ટકાનો હિસાબ- કિતાબ. કોઈ પણ એક્ટરને ગમે એવી વાત છે, પણ અજય બહુ ખુશ નથી.

એનું કારણ જાણવા અને સમજવા જેવું છે. સાતમાંથી બે ફિલ્મ 'ગંગૂબાઈ કાઠિયાવાડી' અને 'આરઆરઆર' (બંને ૨૦૨૨)માં મિસ્ટર દેવગન લીડ રોલમાં નથી. 'સૂર્યવંશી' (૨૦૨૦માં કેમિયો - મહેમાન કલાકાર અને 'આર્ટિકલ ૩૭૦' (૨૦૨૩)માં નેરેટર. 'દૃશ્યમ-૨' (૨૦૨૨) અને 'સિંઘમ અગેન' (૨૦૨૪) સિક્વલ અને 'શૈતાન' (૨૦૨૩) ગુજરાતી ફિલ્મ 'વશ'ની રિમેક... ટૂંકમાં હિન્દીની ઑરિજિનલ સ્ટોરી તો નહીં જ. આ સિવાય છેલ્લાં ચાર વર્ષમાં રિલીઝ થયેલી 'ભુજઃ ધ પ્રાઈડ ઑફ ઈન્ડિયા' (૨૦૨૦), 'રન-વે ૩૪' અને 'થેન્ક ગોડ' (બંને ૨૦૨૨), 'ભોલા' અને 'મૈદાન' (બંને ૨૦૨૩) તેમ જ 'ઔરોં મેં કહાં દમ થા' અને 'નામ' (બંને ૨૦૨૪) ફલોપ અથવા સુપરફલોપ નીવડી છે એ અજય માટે કડવી વાસ્તવિકતા છે.

હવે બિલોરી કાચ મૂકીને નજર નાખવાથી ખ્યાલ આવે છે કે લીડ રોલવાળી હિટ ફિલ્મો સિક્વલ કે રિ-મેક છે, જ્યારે નવી સ્ટોરી ધરાવતી ફિલ્મો કમાણી કરવામાં નિષ્ફળ થઈ છે. સિક્વલ નથી, પણ ફ્લોપ થઈ છે એવી ફિલ્મોમાં વૈવિધ્ય પણ છેઃ 'ભુજ - ધ પ્રાઈડ ઑફ ઈન્ડિયા'માં ભારત-પાક યુદ્ધની પાર્શ્વભૂમિ છે, 'રન-વે ૩૪' થ્રિલર, 'થેન્ક ગોડ' ફેન્ટસી કોમેડી, 'ભોલા' એક્શન થ્રિલર, 'મૈદાન' સ્પોર્ટ્સ બાયોપિક, 'ઔરોં મેં કહાં દમ થા' રોમેન્ટિક થ્રિલર અને 'નામ' એક્શન થ્રિલર. આમ છતાં, આ બધી ફિલ્મ બૉક્સ ઑફિસ પર ઊંધા માથે પછડાઈ હતી. ૨૦૨૫ના જાન્યુઆરીમાં 'આઝાદ' રિલીઝ થઈ રહી છે. ફિલ્મ એક્શન વત્તા રોમેન્સનું મિશ્રણ લાગે છે - સિક્વલ તો નથી જ. ફિલ્મમાં નવી જોડી છે અમન દેવગન (અજય દેવગનનો ભત્રીજો) અને રાશા થડાની (રવીના ટંડનની દીકરી) અને ખુદ અજયનો રોલ પાવરફુલ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જોકે, સિક્વલ સિવાયની ફિલ્મ હોવાથી સાહેબ ટેન્શનમાં છે. અલબત્ત, સિક્વલની સ્ટોરી ઑરિજિનલ-મૌલિક નથી એવું ઠસાવવાનો આશય નથી, પણ સિક્વલમાં આગલી ફિલ્મની કથાનો તંતુ આગળ વધારવામાં આવતો હોય છે.

ચાર વર્ષના હિસાબ-કિતાબ જોયા-જાણ્યા અને સમજ્યા પછી અજય દેવગને તોડ કાઢ્યો છે કે સિક્વલ નામના સરોવરમાં જ હમણાં તરવું, કારણ કે એમાં ડૂબી જવાની સંભાવના ઘણી ઓછી રહેલી છે. આ વર્ષની બે બ્લોકબસ્ટર 'સ્ત્રી-૨' અને 'પુષ્પા-૨' સિક્વલ જ છે. અજયની પોતાની હિટ 'સિંઘમ અગેન' પણ સિક્વલ જ છે. તૈયાર ભાણે જમવા બેસવું કોને ન ગમે? આજના પ્રેક્ષકને પણ 'પહેલા ભાગ પછી આગળ શું થશે?' એ મગજમાં સળવળતા કીડાનું શમન કરવાની તાલાવેલી હોય છે. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પહેલી સિક્વલ છેક ૧૯૪૩માં (હંટરવાલી કી બેટી) બની, પણ ૨૦૦૬થી સિક્વલ ફૅક્ટરીના પ્રોડક્શનમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. પ્રેક્ષકો હોંશે હોંશે સિક્વલ જોવા આવતા હોવાથી અજય દેવગને સિક્વલનું નાડું ઝાલ્યું છે. એની આગામી ફિલ્મોમાં પૂરી અડધો ડઝન (૬) ફિલ્મ સિક્વલ છે. 'રેડ-૨' અને 'દે દે પ્યાર દે-૨'ની સિક્વલની તો સત્તાવાર ઘોષણા થઈ ગઈ છે. ૨૦૧૮માં આવેલી આયકર વિભાગના છાપા પર આધારિત 'રેડ'ને સારી સફળતા મળી હતી. સિક્વલનું ઘણું શૂટિંગ થઈ ગયું છે અને ફિલ્મ આવતા વર્ષે પહેલી મેના દિવસે રિલીઝ કરવાની ગણતરી છે. ૨૦૧૯માં રિલીઝ થયેલી રોમેન્ટિક કૉમેડી ફિલ્મ 'દે દે પ્યાર દે'ની સિક્વલ 'દે દે પ્યાર દે-૨'નું કામ પણ જોરશોરથી ચાલી રહ્યું છે. મૂળ ફિલ્મના ત્રણેય કલાકાર (અજય, તબુ અને રકુલ પ્રીત સિંહ) સિક્વલમાં જાળવી રાખવામાં આવ્યાં છે અને આર. માધવનનો ઉમેરો છે. આ ફિલ્મ પણ ૨૦૨૫માં રિલીઝ કરવામાં આવશે.

સિક્વલના આકર્ષણમાં અજય એવો લપેટાયો છે કે ઉપરોક્ત બે ફિલ્મ ઉપરાંત 'સન ઑફ સરદાર-૨', 'શૈતાન -૨', 'દૃશ્યમ-૩', 'ગોલમાલ-૫', 'ધમાલ-૪' સિક્વલ કરવા પણ એ થનગની રહ્યો છે. ૧૨ વર્ષ પહેલાં આવેલી એક્શન કોમેડી 'સન ઑફ સરદાર'ને બૉક્સ ઑફિસ પર ઝળહળતી સફળતા મળી હતી. આ સિક્વલ સાથે અજય કૉમેડી તરફ પાછો વળી રહ્યો છે. ઑગસ્ટ મહિનામાં એનું શૂટિંગ પણ શરૂ થઈ ગયું હતું. સંજય દત્તને વિઝાની કોઈ સમસ્યા નડી હોવાથી એના બદલે 'લાપતા લેડીઝ'ના ઇન્સ્પેક્ટરના રોલમાં પ્રશંસા મેળવનારા રવિ કિશનને લેવામાં આવ્યો છે. ગુજરાતી ફિલ્મ 'વશ'ની રિમેક 'શૈતાન'ની સિક્વલ 'શૈતાન-૨' માટે પણ ચક્રો ગતિમાન થયાં છે. સ્ક્રિપ્ટ તૈયાર થઈ ગયા પછી સત્તાવાર ઘોષણા કરવામાં આવશે. અજય અને આર. માધવન સિક્વલમાં પણ હાજર હશે.

ખુદ અજય દેવગને એક ઈન્ટરવ્યૂ દરમિયાન સિક્વલને ગ્રીન સિગ્નલ આપી જણાવ્યું છે કે હાલ 'શૈતાન-૨'ની સ્ક્રિપ્ટ લખાઈ રહી છે. કેટલાક લોકો 'દૃશ્યમ-૩' પર કામ કરી રહ્યા છે. 'ધમાલ' અને 'ગોલમાલ'ની સિક્વલ માટે પણ વાતચીત ચાલી રહી છે. સિક્વલનો દોર ચાલી રહ્યો છે. ફિલ્મમાં શું જોવા મળશે એનો આછો અંદાજ પ્રેક્ષકોને હોવાથી સિક્વલ જોવા હોંશે હોંશે આવે છે.' ટૂંકમાં સિક્વલને શરણે જઈ અજય દેવગન 'સેફ ગેમ' રમી રહ્યો છે. ■

# 'માં' સે સિનેમા તક!

સ્ટાર-યાર-કલાકાર
સંજય છેલ

નાતાલનો સમય પાસે આવે કે સૌને સાન્તા ક્લોઝ યાદ આવે, પણ નાતાલ સાથે બીજું પણ એક વ્હાલું પાત્ર જોડાયેલું છે : મધર મેરી. પ્રભુ ઈશુ ખ્રિસ્તને જન્મ આપનાર માતા. આપણી ભારતીય પરંપરા હોય કે પાશ્ચાત્ય સંસ્કૃતિ, બધે જ મધર- માતા- મા- મમ્મીનું મહત્વ અને સન્માન હંમેશા રહ્યું છે ને રહેશે. આમ તો 'સિનેમા' શબ્દમાં જ મા' શબ્દ સમાયેલો છે! વળી 'ડ્રામા' શબ્દમાં પણ 'મા' છે!



દુર્ગા ખોટે

અચલા સચદેવ

નિરુપા રોય

એમાંયે આ બધા વચ્ચે આપણાં હિંદી સિનેમામાં માનો જેટલો અગત્યનો રોલ હોય છે એટલો ભાગ્યે જ વિશ્વ સિનેમામાં ક્યાંયે હશે માટે જ મા-કસમ, મા-સિનેમાના કિસ્સાઓની મજા જ અલગ છે.

હિંદી ફિલ્મોની માતાઓએ હીરો લોકો માટે જેટલા ટન ગાજરના હલવા બનાવ્યા છે એટલી તો આખા જગતમાં ગાજરની પેદાશ પણ નહીં હોય! એક જમાનામાં હીરો લોકો વર્લ્ડ કપ જીતી આવ્યા હોય એમ હરખાઇને માતાના પગે પડીને હંમેશ કહેતા : 'માં,માં, મૈં બી.એ. પાસ હો ગયા!' ને પછી વિધવા માતા તરત જ સજળ નેત્રે મૃત પતિની તસ્વીર સામે લવારા કરવા માંડતી. હિંદી ફિલ્મોમાં પ્રેમાળ માતાઓ ઘણી આવી, પણ વિધવા અને ગરીબ માતાની વાત જ કૈંક ઓર છે. આઝાદી બાદ ૮૦ના દાયકા સુધી જેવી માતાઓએ વિધવા માતા તરીકે રાજ કરેલું. એમાંયે મનમોહન દેસાઇ જેવા ફિલ્મમેકરની 'અમર અકબર એંથની' કે 'પરવરિશ' જેવી મિલના-બિછડના ઉર્ફ 'લોસ્ટ એંડ ફાઉંડ'ની ફોર્મ્યુલાવાળી ફિલ્મોમાં નિરૂપમા રોય તો દરેક ફિલ્મોમાં છોકરાંવને મેળામાં કે ટ્રેનમાં ખોવાડી નાખતી! કદાચ વિશ્વની સૌથી 'બેદરકાર માતા'નો એવોર્ડ આપવાનો હોય તો એ નિરૂપા રોયને આપી શકાય! નિરૂપાજી ( જે મૂળ વલસાડનાં ગુજરાતી મહિલા હતા અને સાચું નામ કોકિલાબહેન બલસારા હતું) હંમેશાં અમિતાભની માતા બનતાં ને ફિલ્મો ચાલી જતી માટે એમને 'લકી માતા' પણ ગણવામાં આવતી! એ સમયે જીતેંદ્ર, ધર્મેંદ્ર કે રાજેશ ખન્ના સૌની એક એક ફેવરિટ માતાઓ હતી પછી સલમાન અને શાહરૂખ ખાનની માતા તરીકે સ્વ. રીમા લાગુ, રાખી અને ફરીદા જલાલે રાજ કર્યું! જો કે હિંદી સિનેમામાં ઘણીવાર તો એક જ સમયે એક ફિલ્મમાં જે અભિનેત્રી કોઇ એક હીરોની માતા બની હોય તે વળી બીજી ફિલ્મામાં એમની હીરોઇનનો રોલ કરતી હોય એવુંયે બનતું... જેમ કે, વહિદા રહેમાનજી 'ત્રિશૂલ' ફિલ્મમાં અમિતાભની માતાની ભૂમિકામાં હતા અને 'અદાલત'માં હીરોઇન! એ જ રીતે રાખી, 'કભી કભી' અને 'બેમિસાલ'માં પ્રેમિકા કે પત્ની હતા પણ 'શક્તિ'માં માતા!

માતા અંગે ધર્મેંદ્રનો એક કિસ્સો મજાનો છે. મદ્રાસમાં એક સાંજે ધર્મેંદ્રની જૂની હીરોઇન એમને હોટેલમાં મળી. બેઉએ જૂની યાદોમાં સરી જઇને સાથે સાંજ ગાળી. બીજે દિવસે સેટ પર એ જ અભિનેત્રી ધર્મેંદ્રની માતાના રોલમાં વાળ ધોળા કરીને હાજર! ધર્મેંદ્રે તરત જ કહ્યું, આની સાથે દીકરાની ભૂમિકા કેવી રીતે ભજવું? હજી કાલે તો આની સાથે મેં રોમાંસ કર્યો છે! પછી તરત જ મુંબઇથી નવી માતાને હાજર કરવી પડેલી !

છેલ્લાં અનેક દાયકાઓથી મુંબઇની 'ઇપ્ટા' નામની નાટ્યસંસ્થા દ્વારા હિંદી એકાંકી નાટકોની આંતરકોલેજ હરીફાઇ યોજાય છે, જેમાંથી ભાગ લઇને અમજદ ખાન, રાજેશ ખન્નાથી લઇને પરેશ રાવલ, શાહિદ કપૂર, વિવેક ઓબેરોય કે આમિર ખાન જેવા અનેક કલાકારો ફિલ્મોમાં આગળ આવ્યા છે. એ હરીફાઇમાં ૧૯૭૦ના દાયકામાં હંમેશાં ગરીબ વિધવા માતા અને બેરોજગાર દીકરાના સંઘર્ષની દુઃખી વાર્તાવાળા નાટકો ઇનામ જીતતાં. એવાં નાટકોમાં ગરીબ વિધવા મા, ચૂલો ફૂંકતી હોય, બેકાર દીકરો ઘરે આવીને માટલામાંથી પાણી પીને ખાટલા પર હતાશ થઇને બેસી પડે એવો સીન હોય જ હોય! આવાં નાટકોની ફોર્મ્યુલાનું લોકોએ નામ પાડેલુંઃ 'મા - માટલા ને ખાટલા'.. ફિલ્મોમાં પણ ત્યારે શહેર આવેલો ગામડાનો હીરો હંમેશા કહેતો, 'ક્યા કરું? ગાંવમેં માં કા ઇલાજ કરવાના હૈ ઔર બહન કી શાદી!' એકવાર તો રાજેંદ્ર કુમારે એક શૂટિંગમાં ભૂલથી એમ કહી દીધેલું કે 'માં કી શાદી કરવાની હૈ ઔર બહન કા ઇલાજ!' ત્યાર પછી એમના પર ઘણાં બધા જોક બનેલા!

૭૦-૮૦ના દાયકામાં, હીરો લોકો મા સામે અચાનક હીરોઇનને લાવીને બહુ સહેલાઇથી કહે નાખતા કે-'માં, માં,દેખ મૈં તેરે લિયે ઘર કી બહુ લાયા હું!' જાણે નવું ટી.વી. કે ફ્રિજ ના લાવ્યો હોય! પાછી માતા પણ નામ-ઠામ કે ઘર-પરિવાર કે અભ્યાસ વગેર કશુંયે પૂછ્યા વિના ઇન્સટન્ટલી તરત જ હીરોઇનને માથે હાથ ફેરવીને આશીર્વાદ આપવા માંડે ને કટ ટુ-ગાજરનો હલવો બનાવવા ફૌરન રસોડા તરફ હાલતી પકડે! આવા દ્રશ્યો 'માં કા ઇમોશન' કે 'મધર ઇંડિયા ઇફેક્ટ' તરીકે ફિલ્મલાઇનમાં પંકાતા...

જોકે, હદ તો ત્યારે થઇ કે ૧૯૮૯ની ફિલ્મમાં હીરો ગોવિંદા સફેદ સૂટ, બૂટ અને હાથમાં ગન સાથે ઘરમાં પ્રવેશીને, માતાના ચરણ સ્પર્શ કરીને કહે છેઃ 'માં માં, મૈં ડોન બન ગયા અબ સારા શહેર મુઝ સે ડરેગા!' ને પાછી પેલી માતા ગોવિંદાને આશીર્વાદ પણ આપે છે! બોલો? કેટલી ભોળી અને ભાવુક મા હશે જે દીકરાને ખૂંખાર ડોન બનતો જોઇને પણ હરખાઇ શકે!

જો કે સમય વીતતા આવી રડમસ ભોળી અબૂધ માતાઓ ફિલ્મોમાં આવવાની સાવ બંધ થઇ ગઇ અને હિંદી ફિલ્મોનો ડ્રામા જાણે સાવ અનાથ થઇ ગયો. પછી તો ૯૦ના દાયકામાં ગ્લોબલાઇઝેશનના જમાનામાં ખુશ ખુશ શણગારેલી માતાઓ આવવા માંડી, જે હીરો અને હીરોઇનો સાથે લગ્નના ગીતોમાં નાચવા પણ માંડી અને હિંદી ફિલ્મોની પેલી પ્રેમાળ માતૃત્વસભર માતાનું સાવ મોત જ થઇ ગયું. વળી જ્યારથી ૨૦૦૦ની સાલ બાદ સાસ-બહુની સિરિયલોમાં જુવાન માતાઓ આવવા માંડી ત્યારે તો સાવ ૨૩-૨૪ વરસની અભિનેત્રીઓ એમની જ ઉમ્મરના હીરો સામે કાળા વાળમા ગજરા લટકાવીને માતા બનવા માંડી, પછી તો કોણ હીરોઇન છે ને કોણ મા? એ નરી આંખે આપણને સમજાય જ નહીં એવા હાલ થયા..

આમ છતાં મા કસમ, ક્યારેક થાય છે કે પહેલાની ફિલ્મો જેવી ઇમોશનલ ઇન્નોસન્ટ ક્યૂટ માતાઓ ફરી ક્યારે જોવા મળશે? ■

# પાક્યાં પછી પડે તે ફળ, પડ્યા પછી પાકે એ માણસ..!



સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

'કલંક' નાટક ઘણું ચાલ્યું. ગુજરાત-સૌરાષ્ટ્રમાં પણ ધૂમ મચાવી. રાધનપુર, જ્યાં ઘણા ઓછા નાટ્ય-પ્રયોગો થાય, ત્યાં પણ એ વખતે 'કલંક' ભજવાયું. લોકચાહના પણ મેળવી. હા, ત્યાં શો માત્ર એક જ! પ્રેક્ષકો તરબોળ થયા. કડી-કલોલમાં પણ શો કર્યા. વધુ શ્રમ ભૈરવીબહેનને પડતો. મુંબઈમાં બપોર-સાંજ એમ બે શો હોય ત્યારે એમને થાક વર્તાતો, પણ ભૈરવીબહેનની ઇન્ટેન્સિટી એવી જ રહેતી અને એ જ નાટકનું હાર્દ હતું. પ્રેક્ષકોએ ભૈરવીબહેનનાં વખાણ કર્યાં તો અખબારોએ પણ એમના અભિનયને નવાજ્યો. એમને ક્યારેય આ વસ્તુનો અહંકાર અડી પણ ન શક્યો. એ દરેક થતાં વખાણ સામે તટસ્થ જ રહેતાં. બધાને માન આપે. બાકી અહંકાર સત્ય જોવા નથી દેતો અને ગેર-સમજ સત્ય સાંભળવા નથી દેતી. આટલાં થતાં વખાણો સામે માત્ર એમનું હળવું સ્મિત રહેતું. ઘણાં કહેતાં કે તમારો ઉમળકો મૌનમાં જ વર્ણવો છો ત્યારે એ કહેતાં કે મૌન એ નબળાઈ નથી, નિયંત્રિત શક્તિ છે. ઘણાને આ વાત 'ઉપર'થી જતી રહેતી.

એ પછી અમે, હું, તુષારભાઈ અને રાજેન્દ્ર મળતા રહેતા. રાજેન્દ્રએ નવો વિષય કાઢ્યો અને પૂરી ખંતથી સ્ક્રિપ્ટ પણ તૈયાર કરી. રિહર્સલની વાત આવી ત્યારે તુષારભાઈએ પારોઠનાં પગલાં ભર્યાં, કદાચ 'શક'ની કળ હજી વળી નહી હોય.

એ પછી તુષારભાઈ સાથેની મુલાકાતો ઘટતી ગઈ. 'વેપારી' હતાં પણ 'શક'ને કારણે નહીં, કદાચ પોતાના બીજા વ્યવસાયમાં ખૂપી ગયા હશે. પોતાની લાચારી એમણે સાચે સાચી કહી દીધી. સાચું બોલવું શ્રેષ્ઠ હોય છે, પરંતુ સાચું સાંભળી લેવું સર્વશ્રેષ્ઠ હોય છે.

રાજેન્દ્રએ કહેલું કે 'થોડો આરામ કરો, નાટક તો પછી પણ થશે'. એ વખતે એમણે જ નવા વિષય માટે કહેલું. પાછું કહેલું કેઃ 'સ્વીકાર કરવાની હિંમત અને સુધરવાની દાનત હોય તો માણસ ઘણું શીખી શકે છે.' ન જાણે કેમ, એમણે હિમ્મત ખોઈ નાખી હતી.

રાજેન્દ્રને એણે કરેલી મહેનતનો વસવસો હતો. હવે તુષારભાઈ ખમતીધર થાય અથવા નવા નિર્માતાની રાહ જોવા સિવાય આરો નહોતો. અમને તુષારભાઈમાં કોઈ ખામી નહોતી દેખાતી. ખામી બધામાં હોય, પણ કોતરણી કરો તો મૂર્તિ બને અને ખોદકામ કરો તો ખાડા. અમારે સંબંધને લક્ષમાં રાખી 'ખાડા' નહોતા ખોદવા....

રાજેન્દ્ર મને કહે, 'મેં બહુ ઉતાવળ કરી. દિવસ-રાત એક કરી સ્ક્રિપ્ટ તૈયાર કરી. વાત વહેલી સમજાણી હોત તો વૈતરું ન કરત.'

મેં કહ્યું, રાજેન્દ્ર, આપણે ઓછું સમજશું તો ચાલશે, ઊંધું સમજશું તો નહી ચાલે.'

રાજેન્દ્ર મને જોઈ રહ્યો. થોડા શો 'કલંક' ના હતા એ અમે કરતા રહ્યા. ઘણા શોમાં તુષારભાઈ આવતાં પણ નહી. ટિકિટબારીના વકરામાંથી ખર્ચ નીકળી જતો નહીં તો અમે કઈ રીતે 'ટાંટિયા' ભેગા કરી શકત?

હું અને રાજેન્દ્ર હવે એકાંતરે ફોન કરતા રહેતા. તૈયાર કરેલ સ્ક્રિપ્ટ માટે એને ઘણી મમત હતી. નવા નિર્માતાની શોધ શરૂ કરી દીધી હતી. તુષારભાઈની સ્પષ્ટ 'ના'ના ઝટકાએ અમને ઓચિંતા પરિપક્વ બનાવી દીધા હતા. પાક્યાં પછી પડે તે ફળ. પડ્યા પછી પાકે એ માણસ.

પોતાની મહેનતથી લખાયેલ સ્ક્રિપ્ટ માટે, એ જલદી મંચસ્થ થાય એ માટે નિર્માતાની રોજ તપાસ કરતો રહેતો. એનું સપનું હતું કે આ સ્ક્રિપ્ટ તખ્તે જલદીથી રજૂઆત પામે. સપનાં એટલે પગથિયાં વિનાની સીડી અને સંકલ્પ એટલે નિશ્ચિત પગથિયાં. રાજેન્દ્રનો દૃઢ સંકલ્પ આખરે રંગ લાવ્યો.

રમણિક ગોહિલ - એક બિલ્ડર, જે ભાયંદરમાં રહેતા. 'કલંક'નાં એક શોમાં છૂટીને મળવા આવ્યા. એમની ઇચ્છા નાટકના નિર્માણની હતી. રાજેન્દ્રને જાણે ગોળનું ગાડું મળી ગયું. તુષારભાઈની જેમ આ પણ વેપારી હતા. વધુપડતા ધંધાદારી. એમની સાથે મિટિંગો કરતાં ત્યારે તુષારભાઈ યાદ આવી જતા. ખાલી ચડે ત્યારે પગનું મહત્ત્વ સમજાય અને ખાલીપો લાગે ત્યારે સંબંધનું. તુષારભાઈ સાથે સંબંધ એવો જ હતો, હવે નવા નિર્માતા સાથે પ્રયત્નો કરવાના હતા. એક સાથેનું ઋણાનુબંધ પૂરું થાય પછી બીજા સાથે મનમેળ થતાં વાર તો લાગે.

નિર્માતા તો મળી ગયા. પૂરા 'ધંધાદારી'. બે-ત્રણ દિવસે ભરત જોશી (ભ.જો.) પાસે પૈસાનો હિસાબ કરવા બેસી જતા. એ વ્યવહારુ પણ હતું. રાજેન્દ્રને આ ગમતું નહી. ઘણી વાર એ બબડતો કે આ સંઘ કેમ કરી કાશી પહોંચશે? હું કહેતો, હિંમત રાખ. ડરવાનું નહી. ડરથી મોટો કોઈ વાયરસ નથી અને હિંમતથી મોટી કોઈ વેક્સિન નથી. એ નાટક કરશે જ.'

રમણિકભાઈ નાટકની દુનિયામાં સાવ નવા. આ પહેલું જ નાટક એટલે બધું સમજાવવું પડે. રાજેન્દ્રની ઇચ્છા કે કાસ્ટિંગમાં એક સેલિબ્રિટી મળી જાય તો ટિકિટબારી ઉપર બહુ ફરક પડે.

આ પ્રથા હવે ખૂબ ચાલે છે. મોટી 'નાઈટ' આપી એક સેલિબ્રિટી લઈ બાકીના કલાકારો 'એવરેજ' કવરવાળા લઈ નાટકો થાય. આ મોંઘવારીમાં નિર્માતાઓનો આ અભિગમ સાચો પણ છે.

મેં કહ્યું, 'તું કોઈ સેલિબ્રિટી શોધી કાઢ. મારી ચાંચ આમાં નહી ડૂબે. લેખક તરીકે તું ઘણાના સંપર્કમાં હોય એટલે તારે માટે આ સહેલું પણ પડે...' મને કહેઃ 'ઠીક છે...પ્રયત્ન કરી જોઈએ, લાગ્યું તો તીર...હું કાલે જ ટીકુ તલસાણિયાને ફોન કરી પૂછી જોઉં છું.'

મેં પૂછ્યુંઃ 'એ હા પાડશે?', મને કહેઃ 'બહુ બહુ તો ના પાડશે બીજું શું?'

હું પ્રશ્નાર્થ બની એની સામે જોઈ રહ્યો...■



**ડબ્બલ રિચાર્જ**

ઠંડી વધી રહી છે... પોતાનો ખ્યાલ રાખજો. લોકો આંસુ લૂછે છે, નાક નહીં...

હેન્રી શાસ્ત્રી

ફ્લેશ બેક

# રાજ કપૂરનો આલાપ પ્રેમ

## આખું ગીત રેકોર્ડ થયા પછી પણ રાજસાબ સ્વરાંકનમાં ફેરફાર કરતા અને છેલ્લી મિનિટનો એ બદલાવ ગીતની લોકપ્રિયતા વધારવામાં નિમિત્ત બનતો!



રાજ કપૂરની ફિલ્મોની જે કેટલીક ઊડીને આંખે વળગે એવી વાત છે એમાં એક છે એમની ટીમનું બંધારણ. 'આર. કે.' બેનરના ચિત્રપટમાં નરગિસની હાજરી હોય, સિનેમેટોગ્રાફર રાધુ કર્માકર હોય, લેખક ખ્વાજા અહમદ અબ્બાસ હોય, એડિટર જી. જી. મયેકર હોય, સંગીતકાર શંકર-જયકિશન હોય, ગીતકાર શૈલેન્દ્ર - હસરત જયપુરી હોય, ગાયક મુકેશ હોય અને યસ, લતા મંગેશકર પણ હોય.

૧૯૪૮ની 'આગ'થી રાજ કપૂરે 'આર. કે. ફિલ્મ્સ'ના બેનર હેઠળ સ્વતંત્રપણે ફિલ્મ નિર્માણનો પ્રારંભ કર્યો. જોકે, આ ફિલ્મમાં સંગીતકાર રામ ગાંગુલી તેમ જ ગીતકાર બહઝાદ લખનવી હતા અને ખાસ નોંધવાલાયક વાત એ હતી કે ફિલ્મનાં કુલ ૭ ગીતમાંથી ૬ ગીતમાં (એકલ ગીત અથવા યુગલ ગીત) પાર્શ્વગાયિકા તરીકે શમશાદ બેગમ હતાં. સમ ખાવા પૂરતું એક ગીત સુધ્ધાં લતા મંગેશકરનું નહોતું. 'આર. કે. ફિલ્મ્સ'ના બીજા ચિત્રપટ 'બરસાત'માં ૧૧ ગીત હતાં, જેમાંથી ૧૦ ગીતમાં લતાજીની હાજરી હતી - ૮ સોલો, મુકેશ સાથે બે ડ્યુએટ. બાકી રહેલું એક ગીત મોહમ્મદ રફીનું સોલો સોંગ - 'મૈં જિંદગી મેં હરદમ રોતા હી રહા હૂં'. યસ, શમશાદ બેગમનું એક સુધ્ધાં ગીત નહીં.

એક લાંબી ઈનિંગ્સનો પ્રારંભ થયો - 'બરસાત' (જીયા બેકરાર હૈ...)થી 'હિના' (મૈં હૂં ખુશ રંગહિના). રાજ કપૂરના ફિલ્મ સંગીતમાં લતા મંગેશકરની હાજરી અચૂક અને અનિવાર્ય બની ગઈ.

રાજ કપૂર - લતા મંગેશકર જોડાણની શરૂઆત કેવી રીતે થઈ અને સંગીતકાર અનિલ વિશ્વાસ એમાં કેવી રીતે કારણભૂત બન્યા એ જાણવા જેવો કિસ્સો છે. 'રાજ કપૂર - ધ વન એન્ડ ઑન્લી શોમેન' પુસ્તકમાં ખુદ લતાદીદીએ આ 'મિલન' વિશે વિગતે વાત કરી છે.

'વાત છે ૧૯૪૮ની', દીદીએ જણાવ્યું છે, 'ફેમસ સ્ટુડિયોમાં હું અનિલજી (અનિલ વિશ્વાસ)ની ફિલ્મનું એક ગીત રેકોર્ડ કરી રહી હતી. એ સમયે સ્ટુડિયોના જ બિલ્ડિંગમાં બીજા માળે રાજ કપૂરની નાનકડી ઑફિસ હતી. અનિલજીએ રેકોર્ડિંગ વખતે રાજ કપૂરને હાજર રહેવા અને મારો અવાજ સાંભળવા બોલાવ્યા. મેં ગીત ગાયું અને રાજસાબે સાંભળ્યું, પણ કોઈ કરતાં કોઈ પ્રતિભાવ આપ્યા વિના ચૂપચાપ જતા રહ્યા. બીજે દિવસે અનિલદાનો મને ફોન આવ્યો. રાજ કપૂરે મને મળવા કહેણ મોકલ્યું હતું. રાજ કપૂરને હું નહોતી જાણતી કે ઓળખતી, પણ કોલ્હાપુરમાં મેં પૃથ્વીરાજ કપૂરની ફિલ્મ 'સિકંદર' ૧૫ વખત જોઈ હતી. હું એમની પ્રશંસક હતી. ઊંચા અને દેખાવડા એવા મારા ફેવરિટ સ્ટારના પુત્ર રાજ કપૂરને મળવાનો સારો મોકો હતો. હું એમની ઑફિસ ગઈ અને ઝાઝી ઔપચારિકતા વિના મને કહ્યું કે એમની ફિલ્મમાં મારે ગાવાનું છે અને પૂછ્યું કે હું કેટલા પૈસા લઈશ? મેં પણ તરત જ કહી દીધું કે 'તમે જે પૈસા આપશો એ હું લઈ લઈશ'. એમણે ૫૦૦ રૂપિયાની ઑફર કરી અને મેં સ્વીકારી લીધી.'

રાજ કપૂરના સંગીતજ્ઞાન અને એ વિશેની ઊંડી સમજણ વિશે પણ લતા મંગેશકરે વાત કરી છે. આ બધી વાત એટલા માટે જાણવી જરૂરી છે કે રાજ કપૂર જેવું વ્યક્તિત્વ બહુઆયામી (ઘણી વિશેષતાઓ, ખાસિયત કે ઘણાં લક્ષણોવાળું) હતું એનો ખ્યાલ આવે અને આવી પ્રતિભા અને આવાં લક્ષણોની હાજરીને કારણે એમનાં સર્જનને વધુ નિખાર કેવી રીતે મળ્યો એ સમજાય છે.

'બરસાત' માટે ગીતો રામ ગાંગુલી ('આગ'ના સંગીતકાર) જ સ્વરબદ્ધ કરવાના હતા. જોકે, અચાનક રામ ગાંગુલી પર ચોકડી મુકાઈ ગઈ.

કેમ? દીદીની કેફિયત પેશ છે....

'રાજજીની 'બરસાત'માં રામ ગાંગુલી મ્યુઝિક આપવાના હતા. શંકર અને જયકિશન તો કેવળ એરેન્જર હતા. શંકરજી તબલાં વગાડતા, જ્યારે જયકિશનની હાર્મોનિયમ પર હથોટી હતી. એક દિવસ સંગતમાં 'બરસાત'નું 'જીયા બેકરાર હૈ' ગીત કઈ રીતે ગાવાનું છે એ બંનેએ મને શીખવ્યું. એ ગીતના રેકોર્ડિંગ પછી રાજ કપૂરે નિર્ણય લીધો કે 'બરસાત'નાં ગીતો રામ ગાંગુલી નહીં, પણ શંકર-જયકિશન સ્વરબદ્ધ કરશે. આ એક ઐતિહાસિક નિર્ણય હતો. ગીતકાર શૈલેન્દ્ર - હસરત જયપુરી તેમ જ શંકર-જયકિશને આર. કે. ફિલ્મ્સ માટે અવિસ્મરણીય ગીત રચ્યાં જે આજે પણ લોકો હોંશે હોંશે માણે છે.'

રાજ કપૂરના આ નિર્ણયનું મહત્ત્વ સમજવું અઘરું નથી. આલાપ માટે રાજ કપૂરની પ્રીતિ અને રુચિ વિશે પણ લતા મંગેશકરે ઉલ્લેખ કર્યો છે. લતા મંગેશકરની તાલીમ ક્લાસિકલ સિંગર તરીકે હોવાથી એ કમર્શિયલ ફિલ્મ સોન્ગ્સ પ્રભાવી રીતે રજૂ કરી શકશે કે કેમ એ બાબતે પણ રાજજીને શંકા હતી. દીદી પાસે ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો ઝાઝો અનુભવ પણ નહોતો. જોકે, 'બરસાત' રિલીઝ થઈ અને લતાજીનાં ગીતોએ એવી ધૂમ મચાવી કે રાજ કપૂરનો સંશય સમૂળગો નીકળી ગયો. 'બરસાત'ની સફળતા પછી રાજ કપૂરના અભિગમ વિશે લતાજીએ જણાવ્યું હતું કે 'પછીની ફિલ્મોમાં ગીતમાં મેલડીના સ્વરૂપ વિશે મારો નિર્ણય એ માન્ય રાખતા, પણ આલાપ માટે એમનો કાયમ આગ્રહ રહેતો. આલાપ લોકોના હૃદયને ઝંકૃત કરવાનું કામ કરે છે એવું એમનું માનવું હતું. 'આવારા' ફિલ્મના 'ઘર આયા મેરા પરદેસી'ના રેકોર્ડિંગ વખતે સવારે મેં શંકર-જયકિશન સાથે રિહર્સલ કર્યું અને સાંજ સુધીમાં આખું ગીત બેસાડી દીધું. સાંજે રાજ કપૂર આવ્યા, ગીત સાંભળ્યું અને 'નહીં ચાલે' એમ કહી આખું ગીત કેન્સલ કર્યું! આખું ગીત ઉપરતળે કરી નાખ્યું અને એમાં આલાપ ઉમેર્યો અને પરોઢિયે ત્રણ વાગ્યે રેકોર્ડિંગ પૂરું થયું.'

રાજ કપૂરના આલાપના આકર્ષણનું બીજું એક ઉદાહરણ છે 'જીસ દેશમેં ગંગા બહતી હૈ' ફિલ્મનું. ધૂની માણસો હોય એમની વિચારશૈલી, એમની કલ્પનાશક્તિની પાંખો કે એમની સ્ફુરણાને ઘડિયાળના સમય સાથે કોઈ નિસબત નથી હોતી. એનો કિસ્સો દીદીના જ શબ્દોમાં જાણીએ:

'રાત્રે ૧૧ વાગ્યે રાજજીનો ફોન આવ્યો કે તાબડતોબ આવી જા. તારા સ્વરમાં આલાપ રેકોર્ડ કરવો છે. રેકોર્ડિંગ સ્ટુડિયો મારા ઘરની નજીક જ હતો. બારેક વાગ્યે હું પહોંચી ત્યારે રાજ કપૂર કહેવા લાગ્યા કે 'મુકેશના સ્વરમાં ગીત રેકોર્ડ કર્યું છે, પણ મારે એ ગીતમાં આલાપ જોડવો છે. એક એવો આલાપ જે લોકો કાયમ યાદ રાખશે. આલાપ રેકોર્ડ થયો, પણ સંગીતકાર જયકિશન નારાજ થઈ ગયા, કારણ કે એમને એ ન રુચ્યું. આલાપ સાથેનો ટ્રેક સાંભળી રાજસાબે બીજો એક આલાપ ઊંચા સ્વરમાં રેકોર્ડ કરાવ્યો અને પછી જે ગીત તૈયાર થયું એ સાંભળી રાજજી ગેલમાં આવી ગયા.'

'આવારા' અને 'જીસ દેશ મેં ગંગા બહતી હૈ'નાં ગીતો યુ ટ્યુબ પર ઉપલબ્ધ છે. બંને ગીતમાં આલાપની હાજરી ગીતોને કેવી ઊંચાઈએ પહોંચાડે છે એ જાતે સાંભળી નક્કી કરજો અને મજા પડી જાય તો રાજ કપૂરની સંગીત સૂઝને સલામ મારવાનું ચૂકતા નહીં.■




# હેં..રાજ કપૂરનેય લાફા પડ્યા હતા?!

મહેશ નાણાવટી



જેમની ૧૦૦મી જન્મજયંતી થોડા દિવસ પહેલાં જ ગઈ એ ભારતીય ફિલ્મ ઉદ્યોગના ગ્રેટેસ્ટ 'શો - મેન' તરીકે ઓળખાતા રાજ કપૂરની જિંદગીના અમુક કિસ્સા જાણવા- માણવા જેવા છે.

સૌ જાણે છે તેમ પૃથ્વીરાજ કપૂરને ત્રણ પુત્ર : રાજ કપૂર, શમ્મી કપૂર અને શશી કપૂર. આમાંથી શશી કપૂરે પોતાની ઢળતી ઉંમરે આપેલા એક ઈન્ટરવ્યુમાં રાજ કપૂર વિશે એક મજેદાર વાત કરી હતી.

શશી કપૂર એ યાદ કરીને કહે છે કે અમારા ત્રણ ભાઈમાં રાજ સૌથી વધુ નટખટ અને તોફાની હતા અને એ જ કારણસર પિતાજી પૃથ્વીરાજના હાથનો માર પણ એમણે જ સૌથી વધુ ખાધો હતો, પરંતુ રાજની એક વિચિત્ર ખાસિયત હતી. એ શું હતી?

તો વાત એમ હતી કે જ્યારે જ્યારે પૃથ્વીજી ગુસ્સે થઈને રાજને થપ્પડ મારે (એ જમાનામાં પેરેન્ટિંગનું કાઉન્સેલિંગ નહોતું થતું ને) ત્યારે રાજ અચૂક ઘરમાં કોઈ મોટા અરીસા પાસે જઈને પોતાનું મોં જોતાં જોતાં રડ્યા કરતા! આવું શેના માટે કરતા તે કોઈને સમજાતું નહોતું, પરંતુ શશી કપૂર બાળપણના દિવસો યાદ કરતાં કહે છે કે અમે રીતસર રાહ જોતા કે ક્યારે રાજ કોઈ વાંકમાં આવે, ક્યારે પિતાજી એમને એકાદ થપ્પડ મારે અને પછી એ કેવી રીતે ક્યાંય સુધી અરીસામાં જોઈને રડતા રહે...

શશી કપૂર ત્યાં સુધી કહે છે કે 'એ વખતે રાજ રડવાની એક્ટિંગ કરતા કે પોતે રડે છે ત્યારે કેવા લાગે છે? એ હજી સમજાયું નથી !'

આમેય રાજ કપૂરને એક્ટિંગનો કીડો બહુ નાની ઉંમરથી લાગી ગયો હતો, પણ પિતાજીની ઈચ્છા હતી કે ફિલ્મોમાં એક્ટિંગ શરૂ કરતાં પહેલાં ફિલ્મ-મેકિંગ, યાને કે ફિલ્મો શી રીતે બને છે તે શીખવું જોઈએ. આ કારણસર એમણે રાજ કપૂરને કિશોરવયમાં જ તે સમયના બહુ જાણીતા અને અનુભવી દિગ્દર્શક કેદાર શર્માના આસિસ્ટન્ટ તરીકે ટ્રેનિંગ માટે રખાવ્યા હતા.

કેદાર શર્માની ફિલ્મોના શૂટિંગમાં રાજ પોતાની મીઠડી જુબાન અને રમૂજી હરકતોને કારણે યુનિટમાં સૌનો વ્હાલો બની ગયો હતો. આસિસ્ટન્ટ તરીકેની બીજી બધી જવાબદારીઓ તો ઠીક, પણ રાજને દરેક શોટ વખતે જાતે જ કેમેરા સામે આવીને 'ક્લેપ' આપવાનું બહું ગમતું.

એનું કારણ શું? તો એમ કરવાથી રાજને કેમેરામાં આવવાનું બહું જ ગમતું. આથી દરેક વખતે ક્લેપ આપતાં પહેલાં, (કેમેરા ચાલુ થાય કે તરત જ) તે કેમેરામાં જોઈને સ્માઈલ આપે, કંઈ અદામાં પોઝ આપે, પછી જીભથી આંગળીઓ ભીની કરીને પોતાના વાળ સરખા કરે, ફરી પોઝ આપે... અને પછી જ પેલું લાકડાનું ક્લેપ-બોર્ડ બગલમાંથી કાઢીને સીન નંબર, શોટ નંબર વગેરે બોલીને 'ક્લેપ' આપે!

કેદાર શર્મા રાજની આ બધી હરકતો ચલાવી લેતા હતા. એટલું જ નહીં, શૂટિંગ થયા પછી તેની રશ-પ્રિન્ટો જોવાઈ રહી હોય ત્યારે રાજને સાથે હાજર રાખતા, પરંતુ 'મુમતાઝ મહલ' નામની એક ઐતિહાસિક પ્રકારની ફિલ્મના શૂટિંગ વખતે કંઈક એવું બન્યું કે કેદાર શર્માએ રાજ કપૂરને લાફો મારી દીધો હતો!

વાત એમ હતી કે એક દૃશ્ય બહુઃ મહત્ત્વનું હતું. સાંજનો સૂરજ ડૂબી રહ્યો હોય એ જ વખતે એક સિનિયર અભિનેતાનો દાઢી વગેરેના મેકપ સાથે અન્ય અભિનેતાઓ સાથે શોટ લેવાનો હતો. વળી, એ કંઈ સાવ દસ પંદર સેકન્ડનો નહીં, પરંતુ સંવાદો સાથેનો ચાર-પાંચ મિનિટનો શોટ હતો.

આ શોટ પૂરી ચોક્કસાઈથી લેવાય માટે આખું યુનિટ બે દિવસથી એક ચોક્કસ ટેકરી ઉપર પહોંચતું હતું, પરંતુ આકાશમાં વાદળોને લીધે એ શોટ શક્ય જ નહોતો બનતો. આખરે ત્રીજા દિવસે બપોરથી આકાશ સ્વચ્છ હતું ત્યારે તમામ તૈયારી સાથે યુનિટ ત્યાં પહોંચ્યું. કલાકારનો મેકઅપ કરવામાં આવ્યો, નકલી દાઢી લગાડવામાં આવી. મુગલ ઠાઠનાં વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં... વગેરે.

જ્યારે સૂર્યાસ્તની છેલ્લી પાંચ મિનિટ બાકી હતી ત્યારે કેદાર શર્માએ રાજ કપૂરને કહ્યું કે 'જો બેટા, આ શોટ બહું અગત્યનો છે. કમ સે કમ આજે તું તારું વાળ સરખા કરવાનું અને પોઝ આપવાનું રહેવા દેજે.'

આમ છતાં કેમેરા ચાલુ થયો ત્યારે રાજ કપૂરે બગલમાં ક્લેપ બોર્ડ રાખીને ધરાર પોતાનું બધુ જ કર્યું! કેદાર શર્મા શાંત બેઠા હતા, પરંતુ જ્યારે રાજ કપૂરે સીન નંબર, શોટ નંબર વગેરે બોલીને ક્લેપ માર્યો ત્યારે એ ક્લેપ બોર્ડમાં પેલા કલાકારની નકલી દાઢી ફસાઈ ગઈ! અને રાજ કપૂર એ દાઢીને ક્લેપ-બોર્ડમાં ખેંચીને ફ્રેમની બહાર નીકળી ગયા!

એક રેડિયો પ્રોગામમાં (મોટે ભાગે ફૌજી ભાઈઓ માટેની 'જયમાલા'માં) કેદાર શર્માએ આ ઘટના યાદ કરતાં કહે છે કે 'એ ક્ષણે મને એટલો બધો ગુસ્સો આવ્યો કે મેં જઈને રાજને જોરથી એક લાફો ચોડી દીધો!'

કેદારજી ઉમેરે છે કે 'રાજ એ પછી ક્યાંય લગી રડતો રહ્યો... છેવટે મોડી રાત્રે મને પસ્તાવો થયો કે બિચારા છોકરાને મેં ક્યાં આ રીતે માર્યો? આખરે એનો શું વાંક? એને કેમેરામાં દેખાવાની કેટલી તીવ્ર ઈચ્છા છે!'

છેવટે મોડેથી કેદારજીએ રાજ પાસે જઈને વચન આપ્યું હતું કે 'એક દિવસ તને હીરો તરીકે લઈને હું તારા માટે એક ફિલ્મ બનાવીશ, બસ?'

-અને ખરેખર એવું જ બન્યું. રાજ કપૂરની અભિનેતા તરીકેની પહેલી ફિલ્મ હતીઃ 'નીલકમલ' જે કેદાર શર્માએ ડિરેક્ટ કરી હતી. (૧૯૪૭) ત્યાર બાદ ૧૯૫૦માં રિલિઝ થયેલી 'બાવરે નૈન'માં પણ કેદાર શર્માએ રાજ કપૂર પાસે મેન રોલ કરાવ્યો હતો.

સવાલ એ થાય કે શું રાજ કપૂરે કોઈને લાફો માર્યો હતો? તો જવાબ છે, હા!

રિષી કપૂર એ ઘટના યાદ કરતાં કહે છે કે એકવાર રાજ કપૂરના મેકઅપમેન પાસેથી માગીને હું સિગારેટ પી રહ્યો હતો એ જોઈને મને પાપાએ લાફો ફટકાર્યો હતો.

જોયું? પેરેન્ટ કાઉન્સેલિંગ તો બહુ પછીથી આવ્યું! ■

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

# શત્રુઘ્ન પુત્રી સોનાક્ષીનું 'ખામોશ!'



'ફિલ્મીજગત અને વિવાદને એકેમેક વીના જરાય ન ચાલે.' દરરોજ કોઈને કોઈ નવો વિવાદ જન્મ લે. ઘણીવાર તો બોલિવૂડના ઘેર વિવાદ 'બિન બુલાયે મહેમાન'ની જેમ પધારે અને વધુ ચાલે તો કોઈની પથારી ફેરવી પણ નાખે. આવો જ એક ૨૦૧૯ના વર્ષનો વિવાદ પોતાને હજી પણ ભીષ્મ પિતામહ માનતા મુકેશ ખન્નાએ ફરીથી ખડો કરી દીધો છે.

વાત એમ બની હતી કે ૨૦૧૯માં 'કૌન બનેગા કરોડપતિના' એક એપિસોડમાં સોનાક્ષી સિન્હા મહેમાન બનીને આવી હતી. બચ્ચનબાબુએ સોનાક્ષીને 'લક્ષ્મણજી માટે કોણ સંજીવની લાવ્યું હતું?' એ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો હતો. આ સરળ પ્રશ્નનો જવાબ સોનાક્ષી આપી ન શકી પછી તો સોશિયલ મીડિયામાં મીમ્સનો વરસાદ વરસ્યો હતો.

એ ઘટનાને મુકેશ ખન્નાએ હાલમાં ફરીથી યાદ કરીને કહ્યું કે સોનાક્ષી આટલો સરળ જવાબ ન આપી શકી એ પાછળ પિતા શત્રુઘ્ન સિન્હાનો નબળો ઉછેર જવાબદાર છે... પત્યું! વિવાદને તેડું તો હોય જ નહીં. પિતાને નાહકના ચર્ચામાં લાવવા માટે અને એ પણ છ વર્ષ પછી, પુત્રી સોનાક્ષી તો મુકેશભાઈ પર રીતસર તૂટી જ પડી.

સોનાક્ષીએ પોતાની લાંબીલચક ઇન્સ્ટા સ્ટોરીમાં ઘણું બધું લખી નાખ્યું, જેનો સાર એ કે સોનાક્ષીએ વાયા મુકેશ ખન્ના પોતાના રામાયણ વિષેના 'કહેવાતા' અજ્ઞાન અંગે પોતાના ટીકાકારોને 'ચૂપ રહેવા' કહી દીધું છે.

સોનાક્ષીએ કહ્યું છે કે જે કહેવું હોય તે મને કહો, મારા પિતાને વચ્ચે લાવવાની કોઈ જ જરૂર નથી. મારા પિતાએ મને-અમને -સંતાનોને અત્યંત સારી રીતે ઉછેર્યાં છે...ખામોશ!

# માંડ માંડ બચ્યા એક વિલન નામે શક્તિ કપૂર...


હાલમાં ઉત્તર પ્રદેશના બિજનોરમાં એક ગેંગ વિષે ચર્ચા ચાલી છે. થોડા દિવસ અગાઉ એક્ટર મુશ્તાક ખાન, પેલા 'મેરી એક ટાંગ નકલી હૈ'વાળાનું અપહરણ થયું હતું, પરંતુ કોઈ રીતે મુશ્તાકભાઈ આ ગેંગના સકંજામાંથી છટકીને ભાગી ગયા હતા. આવું જ સ્ટેન્ડ અપ કોમેડિયન સુનીલ પાલ સાથે પણ થયું હતું. સુનીલ પાલે તો છુટકારા માટે અમુક રકમ પણ આપવી પડી હતી.



આ ગેંગની મોડસ ઓપરેન્ડી એવી હોય છે એ એક્ટર્સને પ્રોગ્રામમાં હાજર રહેવા માટે આમંત્રણ આપે છે. આ હાજરી બદલ એમને મોટીમસ રકમ અને આવવા-જવાનું ફ્લાઈટનું ભાડું-હોટલ ખર્ચ, વગેરે પણ ઓફર કરવામાં આવે છે. આ બધું જોઇને એક્ટર ભોળવાઈ જાય અને પછી ઉત્તર પ્રદેશના કોઈ એરપોર્ટ પર ઊતરે એટલે એમને હોટેલ કે પ્રોગ્રામના સ્થળે લઇ જવાના બહાને કિડનેપ કરી લેવામાં આવે ને ખંડણી ઓકાવવામાં આવે..

શક્તિ કપૂર સાથે આવું બનતા બનતા રહી ગયું. એક પ્રોગ્રામમાં મુખ્ય મહેમાન બનવા માટે પાંચ લાખ રૂપિયાની ઓફર થઇ, જે શક્તિ કપૂરે સ્વીકારી, પરંતુ એની એડવાન્સ માટેની મોટી રકમની માગણીએ એને બચાવી લીધા. પેલી ગેંગના માણસે જે રીતે આ રકમ ચૂકવવાની આનાકાની કરી તેનાથી શક્તિ કપૂરને શંકા ગઈ અને પોલીસ ફરિયાદ કરી. બદલામાં બિજનોરની પોલીસે આ ગેંગના લીડર રાહુલ સૈનીની ધરપકડ કરી અને તેની પાસેથી ૧ લાખ જેટલી રકમ પણ જપ્ત કરી છે. શક્તિ કપૂરે જો એડવાન્સ રકમ ઓછી માગી હોત કે સાવ ન માગી હોત તો આ 'આઉ' એક્ટરનું શું થાત ? !

# 'હનુમાન પ્રિય' અક્ષય કુમારની 'વાનર સેવા'



અક્ષય કુમાર ફક્ત ઐતિહાસિક પાત્રોને ફરીથી જીવંત કરવામાં જ નથી માનતો, પરંતુ સેવાકાર્યમાં પણ એટલો જ પ્રવૃત્ત છે. રામ જન્મભૂમિ અયોધ્યામાં આશરે ૧,૨૫૦ વાનરો છે. હવે પ્રભુ શ્રી રામ અને વાનરોનો શો સંબંધ છે એ તો આપણે જાણીએ જ છીએ. રામની આ ભૂમિમાં આટલા બધા વાનરોની સંભાળ રાખનારી અમુક સેવાભાવી સંસ્થાઓ જરૂર છે પરંતુ તેમનું કાર્ય પૂરતું નથી.

આથી અક્ષય કુમારે અયોધ્યાની એક સેવાભાવી સંસ્થા 'અંજનેય સેવા ટ્રસ્ટ' સાથે હાથ મેળવ્યા છે. હવે આ બંને અયોધ્યાના વાનરો માટે પૌષ્ટિક આહારની વ્યવસ્થા કરશે. આમ થવાથી વાનરોએ અયોધ્યાના ખૂણેખૂણે જઈને ખોરાક શોધવા માટે તોફાન કરવાની જરૂર નહીં પડે. અક્ષય કુમાર અને ટ્રસ્ટવાળા વાનરોને જે ખોરાકમાં કેળાં આપશે તેની છાલ ગાયને ખવડાવશે,


આમ અહીં 'ઝીરો વેસ્ટ'નો કોન્સેપ્ટ પણ અમલમાં આવશે. અક્ષય કુમારે આ પ્રયાસને 'એક છોટી સી કોશિશ' કહીને સોશિયલ મીડિયામાં શેર કર્યો છે. ■

**કટ એન્ડ ઓકે..**

*'મને હવે ડર લાગે છે કે હું આ પ્રોજેક્ટને ન્યાય આપી શકીશ કે નહીં?'*

*(મહાભારત પર ફિલ્મ બનાવવાના પ્રયાસ શરૂ કરી ચૂકેલા આમિર ખાને હાલમાં આ વાત પત્રકારો સાથે શેર કરી છે.)*

# તૃપ્ત અતૃપ્ત



**પ્રકરણ ૨૭**

■ એચ. એન. ગોલીબાર

જો કજલી એને ત્યાં છુપાઈને બેઠેલો જોઈ જાય તો....

તો કાલીમાનો પ્રકોપ એની પર વરસે, અને તો એ પાયમાલ થઈ જાય.

ઢોલનો અવાજ બંધ થયો. રોઝીનો શ્વાસ તો ક્યારનોય બંધ થઈ ગયો હતો. નાચ પણ બંધ થયો અને એક પછી એક દાસીઓ જે ગુફામાંથી આવી હતી એ ગુફામાં પાછી જવા લાગી. કજલી હજુ કાલીમા સામે જ ઊભી હતી.

હવે જીમીનું અહીં વધું રોકાવું ખતરનાક હતું. જીમીએ એક નજર છેલ્લી નજર - ગમગીનીભરી નજર પોતાની મરેલી હાલતમાં પડેલી પત્ની રોઝી પર નાખી, એ એની લાશને વધુ વાર જોઈ ન શક્યો, અને બે પથ્થર વચ્ચેથી નીકળીને એ દોડ્યો - જે રસ્તેથી આવ્યો હતો એ રસ્તે દોડ્યો અને મંદિરના પેલા મોટા હોલમાં પહોંચ્યો.

એનો શ્વાસ ધમણની જેમ ચાલી રહ્યો હતો, એક સેકન્ડ માટે એ ઊભો રહ્યો અને વળી પાછો દોડ્યો - એક સાથે મંદિરની સીડીનાં ત્રણ-ત્રણ પગથિયાં કૂદીને એ ઊતર્યો અને પછી વસ્તી તરફની પગદંડી તરફ એ દોડવા લાગ્યો.

જીમી એની આટલી જિંદગીમાં આટલી ઝડપે, આટલે લાંબે સુધી ક્યારેય દોડ્યો નહોતો - ક્યારેય નહીં.

ઘરે પહોંચીને એ ગોગિયો કે મુન્ના વિષે વિચારવાને બદલે સીધો પલંગ પર જઈને પછડાયો. એનો શ્વાસ ખતરનાક ઝડપે ચાલી રહ્યો હતો. એનામાં પગમાંથી બૂટ ઉતારવાની પણ હિંમત નહોતી. તાકાત નહોતી.

એની નજર સામે ભયાનક ચહેરાવાળી કજલી દેખાતી હતી - કાલીમા દેખાતી હતી. હાથમાં ખંજર લઈને નાચતી-કૂદતી દાસીઓ - રોઝીનો માસૂમ - પ્રેમભર્યો ચહેરો.... રોઝીની લોહીના ધોધમાં નહાતી લાશ... કજલીનો ભયાનક ચહેરો... કાલી...મા....મા...દાસીઓ...રોઝી...રોઝી...

રાતના ત્રણ વાગ્યા સુધી આ બધું એની નજર સામે દેખાતું રહ્યું. એનું મગજ ભમતું રહ્યું અને આખરે મગજ ભમી-ભમીને થાક્યું એટલે એને ઊંઘ આવી.

સવારે એ ઊઠ્યો ત્યારે રાતનાં દૃશ્યો એની નજર સામેથી દોડ્યાં, પરંતુ દિવસના અજવાળાના કારણે એનું દિલ ડર્યું નહીં. રોજની જેમ ગોગિયો નાસ્તો લઈને આવ્યો, પરંતુ જીમીનો નાસ્તો કરવાનો મૂડ નહોતો. એટલે એણે નાસ્તો કરવાની ના પાડી દીધી

ગોગિયો મુસ્કુરાયો, 'માલિક! તમે કંઈક પરેશાન લાગી રહ્યા છો?'

'મને મૂરખ ન સમજ ગોગિયા.' જીમીએ ગોગિયાને ખીજભર્યા અવાજે કહ્યું.

ગોગિયાએ કોઈ જવાબ આપ્યો નહીં. ફક્ત મુસ્કુરાઈને એણે ગરદન નીચી કરી લીધી અને પછી નાસ્તાની ટ્રે ઉઠાવીને જવા લાગ્યો.

'સાંભળ તો!' જીમીએ એને રોક્યો.

ગોગિયો રોકાયો અને જીમી તરફ ફર્યો.

'શું તમે લોકો લોહી સિવાય પણ બીજી કોઈ વસ્તુ પીઓ છો ખરા?'

જીમીએ ગોગિયાને ગરમ કરી દે તેવો સવાલ પૂછ્યો, પરંતુ ગોગિયો ગરમ થયો નહીં. હા, એના અવાજમાં થોડીક ગરમાશ જરૂરી હતીઃ 'તમે લોકો... એટલે તમે કહેવા શું માગો છો?'

'તું અને તારી માલિકણ!' જીમીએ જવાબ આપ્યો.

'માલિક! માલિકણની વાત તો એ જ જાણે. મારા વિષે તો હું એટલું જ કહી શકું કે, લોહી ફક્ત મારા માટે જ નહીં દરેક ઈન્સાન માટે ખૂબ જ જરૂરી ચીજ છે.'

'હું લોહી પીવાની વાત કરી રહ્યો છું. તું અને તારી માલિકણ લોહી શા માટે પીઓ છો?' જીમીએ દૃઢ અવાજે ગોગિયાને ફરી સવાલ કર્યો.

'હું તો લોહી નથી પીતો માલિક! પરંતુ મને માલિકણ વિષે ખબર નથી માલિક!'

'અચ્છા....!' જીમીએ સિગારેટ સળગાવતાં કહ્યું અને પછી સિગારેટનો એક લાંબો કશ લીધો.

ગોગિયો ટ્રે લઈને રસોડા તરફ આગળ વધી ગયો.

જીમી તૈયાર થઈને તરત જ બહાર નીકળી ગયો અને કલાક આમ-તેમ રખડ્યા પછી એ સાડા દશે ટી.વી. સેન્ટર પર પહોંચી ગયો અને પછી પોતાના કામમાં પરોવાયો.

સાંજે સાડા ચાર વાગ્યે અચાનક બે પોલીસ ટી.વી. સેન્ટર પર ધસી આવ્યા. પોલીસો સાથે ઈન્સ્પેક્ટર ખાન પણ હતા.

ફરી વાર જીમીને ડાયરેકટર જનરલની ઑફિસમાં બોલાવવામાં આવ્યો. જીમી બેફિકર જઈને ડાયરેકટર જનરલની ઑફિસમાં ઘૂસ્યો. સામે ઈન્સ્પેક્ટર ખાનને બેઠેલા જોઈને એ ગભરાયો નહીં. મોઢા પર સ્મિત ફરકાવતો ઈન્સ્પેક્ટર ખાનની ખુરશી સામે બેસી ગયો.

'મિસ્ટર જીમી! માફ કરજો, પણ હું તમને એક ખરાબ સમાચાર આપવા માટે અહીંયા આવ્યો છું.'

'કઈ ખબર?' જીમીએ ખબર તો હતી, પરંતુ એણે એ ખરાબ ખબરથી બેખબર હોય એમ પૂછ્યું.

'તમને તમારી પત્ની વિષે કંઈ ખબર છે?'

'હા! એ મારા ઘરે - ક્વાર્ટરમાં છે.'

'શું તમારા અહીંયા આવતાં પહેલાં એ ક્યાંક જવાનું કહેતાં હતાં?'

'હા! એ બહાર જવાનું કહેતી તો હતી, પરંતુ બધું ખેરિયત તો છે ને? તમે મને આ સવાલો કેમ પૂછી રહ્યા છો?' જીમીએ જાણી-જોઈને આશ્ચર્ય જાહેર કર્યું.

અને ઈન્સ્પેક્ટર ખાને જીમીને રોઝી વિષે એ બધું જ જણાવી દીધું. જે જીમીને પહેલાંથી જ ખબર હતી. ઈન્સ્પેક્ટરે બતાવ્યું કે મંદિરની અંદરવાળી ગુફામાંથી રોઝીની છાતી ચીરાયેલી - દિલ વિનાની - લોહી વિનાની લાશ મળી આવી હતી, પરંતુ દાસીઓ કે રાક્ષસની મૂર્તિ કે પછી કાલીમાની મૂર્તિ વિષે ઈન્સ્પેક્ટર ખાને કંઈ કહ્યું નહીં અને જીમીએ પણ કંઈ પૂછ્યું નહીં. જોકે, એને મનમાં ખ્યાલ તો આવી જ ગયો કે, આમાંની એકેય વસ્તુ અત્યારે ત્યાં હશે જ નહીં ને!

જીમીએ ઈન્સ્પેક્ટરની વાત સાંભળીને જેવી બેતાબી-બેચેની જાહેર કરવી જોઈએ એવી કરી. ઈન્સ્પેક્ટરની વાત સાંભળીને એ માથું પકડીને બેસી ગયો. એ આંખો મીંચી-મીંચીને રડ્યો-કકળ્યો પણ ખરો. ઈન્સ્પેક્ટર ખાને જીમીની પીઠે હાથ ફેરવ્યો. ડાયરેક્ટર જનરલે પણ એને આશ્વાસન આપ્યું એટલે એટલે એણે રડવા-કકળવાનું બંધ કર્યું, અને એક ડૂસકું લેતાં બોલ્યોઃ 'મને ત્યાં લઈ ચાલો ઈન્સ્પેક્ટર સાહેબ! જ્યાં મારી રોઝીની લાશ પડી છે!'

'હું એટલા માટે જ અહીંયા આવ્યો છું.' ઈન્સ્પેક્ટર ખાને કહ્યુંઃ 'મારે ત્યાં બીજી વિગતો પણ જોવી-જાણવી અને તપાસવી છે, ચાલો આપણે જીપમાં જઈએ.'

ડાયરેક્ટર જનરલે ઈશારાથી જ જીમીને જવાની મંજૂરી આપી અને એ ઈન્સ્પેક્ટર ખાન સાથે એ મંદિર તરફ રવાનો થયો.

જીમીએ મંદિરમાં પહોંચ્યા પછી ગુફામાં જઈને જોયું તો એ હૉલ બિલકુલ સૂમસામ હતો. એના ખ્યાલ મુજબ ન તો રાક્ષસની મૂર્તિ કે ન તો કાલીમાની મૂર્તિ હતી અને ન તો દીવાલોમાં મશાલો લાગેલી હતી અને ગઈકાલે પચાસેક દાસીઓ નાચી હતી ત્યાં એમના પગલાનું એકેય નિશાન નહોતું.

જીમી રોઝીની લાશને વળગીને ધ્રૂસકે ધ્રુસકે ચીસો પાડીને રડી રહ્યો હતો.

ઈન્સ્પેક્ટર ખાને જીમીના બેય ખભા પકડીને એને ઊભો કર્યો અને સાંત્વન આપતાં-આપતાં એને બહાર લઈ આવ્યા.

'મેં લાશ અહીંથી ખસેડવાની વ્યવસ્થા કરી લીધી છે.' ઈન્સ્પેકટર ખાને કહ્યુંઃ 'પરંતુ મિસ્ટર જીમી! શું તમે મને એ બતાવશો કે તમારી કોઈની સાથે દુશ્મની તો નહોતીને?'

'મારી કે રોઝીની કોઈની સાથે દુશ્મની નહોતી.' જીમીએ રૂમાલથી આંસુ લૂછતાં જવાબ આપ્યો.

'એવું લાગે છે કે, કોઈએ તમારી પત્નીનું બલિદાન આપી દીધું છે. કેમ કે, એમનું દિલ ગાયબ છે અને જેટલું લોહી જમીન પર પડવું જોઈએ એટલું પડ્યું નથી. એટલે હું એમ માનું છું કે, કોઈ ખતરનાક માણસે લાશના શરીરમાંથી બધું જ લોહી કાઢી લીધું છે.

> **પથ્થરો વચ્ચે બેઠેલી વ્યક્તિના પગનાં નિશાનના ફોટા પણ મેં લીધા છે. હું વહેલામાં વહેલી તકે એ વ્યક્તિ સુધી પહોંચી જઈશ અને એને ગિરફતાર કરી લઈશ**

જીમી કંઈ બોલ્યો નહીં, એણે રડીને લાલ થયેલી આંખોથી ઈન્સ્પેક્ટર ખાન સામે જોયું.

'મેં જે તપાસ કરી છે, એનાથી એવું જાહેર થાય છે કે, તમારી પત્ની બીજી એક વ્યક્તિ સાથે અહીં મંદિરમાં આવી હતી. પગદંડી પર અને મંદિરની જમીન પર ચાર પગનાં નિશાન મળ્યાં છે, હવે સવાલ એ છે કે....'

ઈન્સ્પેક્ટર અટક્યા, 'માફ કરજો, શું તમારી પત્ની કોઈ બીજી વ્યક્તિ સાથે બહાર જતી-આવતી હતી?'

'તમારો મતલબ એમ છે કે, શું રોઝીનું ચરિત્ર શંકાસ્પદ હતું?'

'જી હા! મારો એ જ મતલબ છે.' ઈન્સ્પેક્ટરે કહ્યું.

'તો માફ કરજો! તમે એ વિષે ભૂલ કરી રહ્યા છો.' જીમીએ સખત લહેજામાં કહ્યુંઃ 'એ એક પતિવ્રતા, પવિત્ર અને વફાદાર સ્ત્રી હતી.'

'નારાજ ન થાઓ,' ઈન્સ્પેક્ટરે જલદીથી કહ્યુંઃ 'અમારે તપાસ માટે આવા સવાલ પૂછવા પડે છે. ધારી લો કે એવું નથી, તોપણ તમારી પત્ની સિવાયની એક બીજી વ્યક્તિની આ વેરાન જગ્યામાં હાજરી જરૂરી જાહેર થાય છે. એ બીજી વ્યક્તિ ગુફાની અંદર, બે રસ્તા પાસેના બે પથ્થરો સુધી જ પહોંચી હતી અને ત્યાં બે પથ્થરો વચ્ચે બેઠી હતી, ત્યાંથી નીચે હૉલનું દૃશ્ય ચોખ્ખું જોઈ શકાય છે, ત્યાં બેઠેલી વ્યક્તિએ ઉપરથી છલાંગ લગાવીને તમારી પત્નીનું ખૂન કર્યું છે અથવા તો એણે બીજી કોઈ વ્યક્તિ પાસે એમનું ખૂન કરાવ્યું છે. એ વ્યક્તિએ ફક્ત હુકમ આપ્યો છે અને બીજી વ્યક્તિએ એનું પાલન કર્યું છે - બલિદાન આપ્યું છે.'

'પરંતુ તમે તો કહી રહ્યા હતા કે હૉલમાં કોઈના પગનાં નિશાન નથી. જો હૉલમાં બીજું કોઈ હોત તો એના પગનાં નિશાન જરૂર હોત.' જીમીએ અફસોસભર્યા ચહેરે કહ્યું.

'આ જ તો આ ઘટનાનું નવાઈભર્યું પાસું છે.' ઈન્સ્પેકટર ખાને કહ્યું. 'જોકે તમે બેફિકર રહો, હું ઘટનાના મૂળ સુધી પહોંચીને જ જંપીશ, પથ્થરો વચ્ચે બેઠેલી વ્યક્તિના પગનાં નિશાનના ફોટા પણ મેં લીધા છે. હું વહેલામાં વહેલી તકે એ વ્યક્તિ સુધી પહોંચી જઈશ અને એને ગિરફતાર કરી લઈશ.'

ઈન્સ્પેક્ટર ખાને જરૂરી વિધિ પતાવ્યા પછી રોઝીની લાશને બીજે દિવસે જીમીને સોંપી.

જીમીએ રોઝીને દફનાવવાની અંતિમ વિધિ કરી.

એ ઘરે પહોંચ્યો ત્યારે એનું દિલ ગભરાઈ રહ્યું હતું. ઈન્સ્પેક્ટર ખાને શોધી કાઢ્યું હતું કે, બે પથ્થર વચ્ચે કોઈ વ્યક્તિ બેઠી હતી, હવે જો એ એ પણ શોધી કાઢે કે એ વ્યક્તિ કોણ હતી? તો...તો... પછી જીમી ફાંસીએ જ લટકવાનો હતો. એની સમજમાં નહોતું આવતું કે એ શું કરે? એ પોતાના કમરામાં આવ્યો તો નવાઈથી એની આંખો પહોળી થઈ ગઈ. સામે પલંગ પર કોઈ ચાદર ઓઢીને સૂતું હતું. ગોગિયામાં તો એટલી હિંમત નહોતી કે, એ પોતાના માલિક - જીમીના પલંગ પર આવીને સૂએ અને મુન્નો તો ખૂબ જ નાનો હતો, તો પછી અત્યારે પલંગ પર કોણ ઊંઘી રહ્યું હતું?

અત્યાર સુધી જીમી સામે આવી કંઈ-કેટલીય ડરામણી ઘટનાઓ બની ચૂકી હતી એટલે હવે જીમી જાણે ટેવાઈ ગયો હતો એ જલદી ડરતો નહોતો.

એણે પલંગ પાસે જઈને ચાદર હટાવીને 'કોણ સૂતું છે?' એ જોવાને બદલે એટીસથી કપડાં બદલ્યાં અને પછી ધીમે-ધીમે પલંગ પાસે આવ્યો અને પછી એણે સહજ પણ મનમાં ગભરાટને આવવા દીધા વિના ચાદરનો છેડો અદ્ધર કર્યો અને જીમી ઝૂમી ઊઠ્યો.

પલંગ પર કજલી - ખુલ્લી આંખે સૂતી હતી. એણે શરીર પર એકેય કપડું પહેર્યું નહોતું. એણે પોતાની નશીલી આંખો જીમીની નજર સાથે મેળવી.

કજલીની આંખો સાથે જીમીની આંખો મળતાં જ જાણે એની પર જાદુ છવાયો. એ કંઈક કહેવા માગતો હતો - પૂછવા માગતો હતો, પરંતુ એના હોઠ જાણે કોઈએ સીવી લીધા હોય એમ એ કંઈ બોલી શક્યો નહીં.

કજલી એક મીઠું-લુચ્ચું હાસ્ય હસી અને પછી એણે જીમીનો હાથ પકડીને પોતાની પર ખેંચી લીધો.

ઘણાય વખતથી જીમીની ઇચ્છા હતી કે એ કજલી સાથે સુખ માણે અને આજે એ ઘડી આવી ગઈ હતી, પરંતુ પરમ દિવસની કજલીની ભયાનક હરકત - જે એણે મંદિરની ગુફાના હૉલમાં રોઝી સાથે કરી હતી એ યાદ આવતાં એનું દિલ ગભરાવા લાગ્યું, એના શરીરમાં ધ્રુજારી દોડી ગઈ, એ ત્યાંથી ઊઠી જવા માગતો હતો, પરંતુ એ ઊઠી - ભાગી શક્યો નહીં. કજલીએ જીમીના હોઠ પર પોતાના હોઠ ચાંપી દીધા અને પછી જીમી કજલીના શરીરના મરોડમાં ખોવાઈ ગયો. બધું જ ભૂલીને.... રોઝીને....પરમ દિવસની કજલીની ભયાનક હરકતોને.... બધું ભૂલીને એક કજલીમાં ખોવાઈ ગયો.

સવારે એ ઊઠ્યો ત્યારે એકદમ તાજો-માજો હતો. રાતે કજલીના શરીરના મરોડોમાં ખોવાવાથી એને ખૂબ જ મજા પડી હતી. એણે કજલીનો ચહેરો જોવા માટે પડખું બદલ્યું, પરંતુ જીમીની નવાઈ વચ્ચે અત્યારે કજલી ત્યાં નહોતી. પરંતુ એના શરીરમાંથી નીકળતી મીઠી સુગંધ અત્યારે પણ ત્યાં ફેલાયેલી હતી.

અત્યારે જીમીને એવું લાગી રહ્યું હતું જાણે એ એક નવો ઈન્સાન છે. એના દિલમાંથી રોઝીની યાદ ભૂંસાઈ ગઈ હતી અને કજલીએ જ કાલીમાનાં ચરણોમાં રોઝીનું બલિદાન આપ્યું હતું એ વાત પણ એને યાદ ન રહી. પાછલી રાતે કજલી સાથેના એના મિલને એના દિલના બંધ દરવાજા ખોલી નાખ્યા હતા. હવે એને કોઈ વાતનો અફસોસ નહોતો. એ ફરીથી કજલીના રહસ્યમય આત્માના હાથમાં પકડાઈ ચૂક્યો હતો. (ક્રમશઃ)■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| हया | કેદ |
| हर्फ | મુશ્કેલી |
| हर्ज | મૂર્ખાઈ |
| हमाकत | લાજ, શરમ |
| हवालात | અક્ષર |

### ઓળખાણ પડી?

હોલિવૂડના બે ટોચના એક્ટર ટોમ ક્રુઝ અને ડસ્ટિન હોફમેન સાથે કામ કર્યું હોય એ ફિલ્મ આપેલા વિકલ્પોમાંથી શોધી કાઢો.



અ) Top Gun બ) A Few Good Men ક) Rain Man ડ) Tootsie

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | રિ | ૨ ચ | ૩ ય | | ૪ ચો | ૫ ગ | ૬ ર | દ | ૭ મ |
| હે | | ૮ મ | દા | ૯ ર | | ૧૦ ર | સ | | હી |
| ૧૧ ચા | ક | ર | | ૧૨ જ | ૧૩ શ | | ૧૪ મ | મ | રા |
| ન | | બં | | ૧૫ ત | મ | સ | | | વ |
| | ૧૬ અ | ધી | ૧૭ રા | પ | ણું | | ૧૮ રા | ૧૯ વ | ણ |
| ૨૦ ના | મે | | ૨૧ જ | ટ | | ૨૨ ખ | | ટા | |
| ર | | ૨૩ બા | પા | | ૨૪ મ | ળ | ૨૫ તા | વ | ૨૬ ડો |
| દ | | ૨૭ ર | ટ | ણ | | ૨૮ ભ | ર | | ક |
| ૨૯ વે | ધ | ક | | | ૩૦ મે | ળા | વ | ૩૧ ડો | |
| ડા | | ૩૨ સ | ને | ડો | | ટ | | ૩૩ લ | પ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ૪ | ૫ | ૬ | | |
| ૭ | | | ૮ | | | | | | ૯ |
| ૧૦ | | ૧૧ | | | | | ૧૨ | | |
| | | | | ૧૩ | | ૧૪ | | | |
| | ૧૫ | | | | | | ૧૬ | ૧૭ | |
| ૧૮ | | | | | | ૧૯ | | | |
| ૨૦ | | | ૨૧ | | | | | ૨૨ | ૨૩ |
| | | | ૨૪ | | | | ૨૫ | | |
| ૨૬ | ૨૭ | ૨૮ | | | ૨૯ | | | | |
| ૩૦ | | | | | ૩૧ | | | | |

**આડી ચાવી**

(૧) સંતાડીને રાખવું તે, પાલનપોષણ (૪)
(૪) વાસનું વન (૪)
(૭) પરાજય (૨)
(૮) વારસાનો ભવિષ્યનો માલિક (૫)
(૧૦) ધૂળનો કણ (૪)
(૧૨) એક જાતની મોટી બીડી (જો.છૂ.) (૩)
(૧૪) સીધા ..... માણસને ના સતાવવો (૨)
(૧૫) અમૂઝણ, કંટાળો, ચીડ (૫)
(૧૬) મા વગરના (૩)
(૧૮) એક ખાટા ફળનું વૃક્ષ (૩)
(૨૦) મને ..... સુધી ખાત્રી હતી (૨)
(૨૧) એક સુગંધી ફૂલ (૪)
(૨૨) એક ગરમ મસાલો (૨)
(૨૪) મોટો ભારે હથોડો (૨)
(૨૫) બારમી તિથિ (૩)
(૨૬) ન ભૂલાય એવું (૪)
(૩૦) વર મરો, કન્યા મરો, ગોરનું ..... ભરો (૫)
(૩૧) ઘોડા ઉપર બેસીને આવનાર (૫)

**ઊભી ચાવી**

(૧) સંહાર કરનાર (૪)
(૨) ..... વેળા એટલે સંધ્યાટાણું (૩)
(૩) જળાશય, નહાવાનું સ્થાન (૩)
(૪) વાંસનો લાંબો ટૂકડો (૩)
(૫) હંમેશાં (૨)
(૬) તીર્થંકર બનતાં પહેલાં કરાતું દાન (૫)
(૯) પારકી સ્ત્રી (૪)
(૧૧) ભારતીય નૃત્યનો એક પ્રકાર (૪)
(૧૩) નામ પાડવું તે (૫)
(૧૫) સ્ત્રી (૩)
(૧૭) મા-બાપ (૪)
(૧૮) અગાઉના પતિથી થયેલું બાળક (૫)
(૧૯) સારી (૨)
(૨૧) દૂધ ભરવાનું વાસણ (૪)
(૨૩) યશ, કીર્તિ, નામના (૨)
(૨૫) ..... માચીસ (૩)
(૨૭) ..... રોજ એટલે હંમેશાં (૨)
(૨૮) કપડાનાં ડૂચા (૨)
(૨૯) દૂર (૨)

### ગુજરાત મોરી મોરી રે

મધુ રાય લિખિત 'સંતુ રંગીલી' નાટકનું અજરામર પાત્ર ભજવનારાં સરિતા જોશીનું અન્ય નાટક આપેલા વિકલ્પોમાંથી શોધીને જણાવો.

અ) ચકડોળ બ) અભિનય સમ્રાટ
ક) કુમારની અગાશી ડ) બાણશૈયા

### જાણવા જેવું

ફોર્મ્યુલા ફિલ્મના દોરને વેગ આપવા માટે જાણીતા જ્ઞાન મુખરજી દિગ્દર્શિત અને અશોક કુમારના ડબલ રોલવાળી 'કિસ્મત' એક કરોડનો વકરો કરનારી પહેલી હિન્દી ફિલ્મ સાબિત થઈ. કેટલાક અભ્યાસુઓના અભિપ્રાય અનુસાર 'કિસ્મત'ની સફળતા પછી 'ખોવાઈ ગયો - મળી ગયો' (લોસ્ટ એન્ડ ફાઉન્ડ) શૈલીની ફિલ્મોમાં ઉછાળો આવ્યો.

### સુડોકુ-૭૦૬૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૫ | | ૮ | | ૬ | | ૧ | ૩ |
| | | | | ૪ | | | | |
| ૮ | | | ૩ | | ૨ | | | ૬ |
| ૫ | | ૭ | | | | ૯ | | ૧ |
| | ૬ | | | | | | ૨ | |
| ૩ | | ૨ | | | | ૬ | | ૮ |
| ૪ | | | ૨ | | ૫ | | | ૭ |
| | | | | ૮ | | | | |
| ૬ | ૭ | | ૯ | | ૧ | | ૪ | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૬ | ૪ | ૫ | ૨ | ૭ | ૯ | ૧ |
| ૫ | ૧ | ૨ | ૬ | ૭ | ૯ | ૮ | ૪ | ૩ |
| ૪ | ૯ | ૭ | ૮ | ૩ | ૧ | ૨ | ૬ | ૫ |
| ૬ | ૭ | ૩ | ૨ | ૮ | ૫ | ૯ | ૧ | ૪ |
| ૨ | ૪ | ૮ | ૧ | ૯ | ૬ | ૫ | ૩ | ૭ |
| ૯ | ૫ | ૧ | ૩ | ૪ | ૭ | ૬ | ૮ | ૨ |
| ૭ | ૬ | ૫ | ૯ | ૧ | ૪ | ૩ | ૨ | ૮ |
| ૧ | ૩ | ૯ | ૫ | ૨ | ૮ | ૪ | ૭ | ૬ |
| ૮ | ૨ | ૪ | ૭ | ૬ | ૩ | ૧ | ૫ | ૯ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

બાળ કલાકાર તરીકે મરાઠી અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશનાર એક્ટર - ડિરેક્ટર સચિનની હીરો તરીકે પહેલી ફિલ્મ કઈ હતી એ જણાવો.

અ) કોલેજ ગર્લ બ) બાલિકા બધુ ક) ગીત ગાતા ચલ ડ) નદિયા કે પાર

### નોંધી રાખો

જિંદગી છે દોસ્ત, ધારી હોય એ અનુસાર ક્યારેય નથી જીવાતી, ભલે ઉછળતો હોય સિક્કો પણ તેની બંને બાજુ નથી માંગી શકાતી.

### માઈન્ડ ગેમ

કઈ ફિલ્મમાં કિશોર કુમારે પુરુષ અને સ્ત્રી એમ બંને ગાયક તરીકે ગીત ગાયું હતું? એ ફિલ્મમાં તેમણે એક્ટિંગ પણ કરી હતી.

અ) જુમરુ બ) દો દૂની ચાર
ક) બાપ રે બાપ ડ) હાફ ટિકિટ

### ગયા શુક્રવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| फगुआ | હોળી |
| फन | ખૂબી |
| फरसा | પાવડો |
| फरार | ભાગેલું |
| फरेब | કપટ |

ઓળખાણ પડી?
Tora! Tora! Tora!

માઈન્ડ ગેમ
ગુઝારિશ

ગુજરાત મોરી મોરી રે
મારે જાવું પેલે પાર

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
બોલ રાધા બોલ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) ભારતી પ્રકાશ કટકિયા (૩) મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) સુરેખા દેસાઈ (૯) નીતા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ભારતી બુચ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) પુષ્પા પટેલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) રમેશ દલાલ (૧૮) જ્યોત્સના ગાંધી (૧૯) લજિતા ખોના (૨૦) મહેશ દોશી (૨૧) જ્યોતિ ખાંડવાલા (૨૨) તાહેર ઔરંગાબાદવાલા (૨૩) પ્રવીણ વોરા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬) મીનળ કાપડિયા (૨૭) નુતન વિપીન (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) અશોક સંઘવી (૩૦) હર્ષા મહેતા (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) અરવિંદ કામદાર (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) ભાવના કર્વે (૩૬) કલ્પના આશર (૩૭) અંજુ ટોલિયા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૦) નયના ગિરીશ મિસ્ત્રી (૪૧) જગદીશ ઠક્કર (૪૨) હિના દલાલ (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) દિલીપ પરીખ (૪૫) કિશોર બી. સંઘરાજકા (૪૬) શિલ્પા શ્રોફ (૪૭) નિતિન બજરિયા (૪૮) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૯) પુષ્પા ખોના (૫૦) નંદકિશોર સંજાણવાળા (૫૧) વિણા સંપટ

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) મેરી જંગ -- લતા - નીતિન મુકેશ તથા લતા -શબ્બીર કુમાર ૨) આ ગલે લગ જા -- કિશોર કુમાર - સુષ્મા શ્રેષ્ઠ તથા કિશોર કુમાર ૩) સિલસિલા -- અમિતાભ બચ્ચન - લતા મંગેશકર ૪) કુદરત -- કિશોર કુમાર - પ્રવીન સુલતાના ૫) અંદાઝ -- કિશોર કુમાર - આશા ભોંસલે ૬) સુલતાન -- રાહત ફતેહ અલી ખાન - નેહા ભસીન ૭) પ્યાર કા મૌસમ - કિશોર કુમાર - મોહમ્મદ રફી

ક્વિઝ (બ) ૧) નમક હલાલ -- સ્મિતા પાટિલ ૨) જાદુગર -- જયા પ્રદા ૩) ચુપકે ચુપકે -- જયા ભાદુરી ૪) હમ -- કિમિ કાટકાર ૫)ખુદા ગવાહ -- શ્રીદેવી ૬) લાવારિસ -- ઝીનત અમાન ૭) બાગબાન -- હેમા માલિની

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# ક્યા સે ક્યા હો ગયા...

## વીતી રહેલા આ વર્ષની સિનેમેટિક મોમેન્ટ્સનું સરવૈયું

વધુ એક વર્ષ પૂરું થવામાં છે. મનોરંજન દેવની કૃપાથી અનેક માધ્યમથી આપણે ફિલ્મ્સ અને શોઝની મજા માણી. અમુક એવાં પણ શીર્ષક કે ઘટનાઓ એમાં દેખાઈ આવે કે જે અપેક્ષા મુજબની સફળતા ન મેળવી શક્યા હોય. એટલે જ દર વર્ષના સિલસિલા પ્રમાણે ચાલો, વધુ એક વખત વાત કરીએ ૨૦૨૪ની સિનેમેટિક મોમેન્ટ્સ વિશે...








### ઓ અક્ષય, કલ મત આના!

અક્ષય કુમાર માટે વધુ એક વર્ષ નિષ્ફળતાભર્યું જ સાબિત થયું છે. 'બડે મિયાં છોટે મિયાં', 'સરફિરા' અને 'ખેલ ખેલ મેં' જેવી એની ત્રણ ફિલ્મ્સમાં દર્શકોએ કોઈ જ રસ દેખાડ્યો નથી. એની યાદીમાં જે બે સફળ ફિલ્મ આ વર્ષે બોલે છે તેના કેન્દ્રમાં અક્ષય પોતે નથી. 'સ્ત્રી ૨'માં અક્ષયનો ફક્ત કેમિયો છે તો 'સિંઘમ અગેઇન'માં કેમિયો કરતાં વધુ રોલ છે, પણ આ બંને ફિલ્મ્સ તેના કારણે સફળ થઈ એવું જરા પણ કહી શકાય નહીં. આમ છતાં વર્ષમાં ૪-૫ ફિલ્મ્સ કરવાની તેની ફોર્મ્યુલા અક્ષયે પકડી રાખી છે. જોઈએ, ૨૦૨૫ અક્ષય કુમાર માટે કેવું રહે છે!



### છોટા યુ ટર્ન

'ટવેલ્થ ફેલ' જેવી ૨૦૨૩ની સાલની સફળતમ ફિલ્મ્સમાં સામેલ ફિલ્મ આપ્યા પછી એક નવા સ્તરે પહોંચેલા વિક્રાંત મેસ્સીએ 'ધ સાબરમતી રિપોર્ટ' નામની પોતાની ફિલ્મની રિલીઝ સમયે સોશ્યલ મીડિયા પર એક પોસ્ટ મૂકીને પોતાની નિવૃત્તિની જાહેરાત કરીને સૌને ચોંકાવી દીધા હતા. પોસ્ટમાં એણે ચોખ્ખા શબ્દોમાં લખ્યું હતું કે હવે આપણે એક છેલ્લી વાર મળીશું પણ ૨-૩ દિવસમાં જ વિક્રાંતે યુ ટર્ન લેતા એવું કહ્યું કે મીડિયામાં મારા આ નિર્ણયને લઈને ગેરસમજ થઈ છે. હું નિવૃત્તિ નહીં, માત્ર બ્રેક લઉં છું! વિક્રાંતનો એ બ્રેક કેવડો હશે એ તો એને જ ખબર!




### વટ્ટી વટ્ટી ફ્રેન્ચાઈઝ કે છોટે દર્શન

'મેડમ વેબ' એટલે સોની સ્પાઈડર યુનિવર્સની ૨૦૨૪માં આવેલી એક મહા ફ્લોપ ફિલ્મ. અમેરિકન સુપરહિરોઝની દુનિયા સિનેફાઇલ્સ સિવાય સામાન્ય દર્શકો માટે અટપટી છે માટે આપણે એમાં ન પડીએ, પણ ફક્ત એટલું જાણી લો કે આ સ્પાઈડર યુનિવર્સને અત્યારે ચાલતી સ્પાઈડર મેન ફિલ્મ્સ સાથે પણ કંઈ જ લાગતું વળગતું નથી. ડાકોટા જહોન્સન અભિનીત આ ફિલ્મ વિવેચકો અને દર્શકો બંને તરફથી સુપર ફ્લોપ સાબિત કરવામાં આવી છે. 'મેડ મેક્સ' નામની બીજી મોટી ફ્રેન્ચાઈઝની 'મેડ મેક્સઃ ફ્યુરીઓસા'માં પણ લોકોએ બહુ રુચિ દેખાડી નથી અને એ પણ મોટી અપેક્ષા છતાં હીટ સાબિત થઈ નથી.

### તૃપ્ત-અતૃપ્ત




તૃપ્તિ ડિમરીના દિવસો બદલાયાં છે. તમને થશે કે એની ફિલ્મ્સ તો સારું કરી રહી છે તો 'ક્યા સે ક્યા હો ગયા'માં કેમ તેનો સમાવેશ?

હા, એને કમર્શિયલ સક્સેસ જરૂર મળી રહી છે, પણ એની કારકિર્દી જોતાં એવું બિલકુલ કહી શકાય કે 'એનિમલ' પછીની એની પ્રસિદ્ધિ અને સ્તર ઊંચકાયા છે, પણ સિનેમાની ગુણવત્તામાં ધરખમ ઘટાડો થયો છે. જોકે, એ માટે કંઈ તૃપ્તિનો વાંક કાઢવાની જરૂર નથી. પણ 'લૈલા મજનુ', 'બુલબુલ' અને 'કલા' જેવી પ્રભાવી ફિલ્મ્સ પછી એક કલાકારના કામને ચાહતા દર્શકો ચોક્કસ જ એમ કહેવાના કે તૃપ્તિ વધુ અર્થપૂર્ણ ફિલ્મ્સ કરે તો સારું!

### રોહિત, અગેઈન?

'સિંઘમ અગેઇન' ફિલ્મ પહેલાંની રોહિત શેટ્ટીની છેલ્લી ફિલ્મ હતી 'સર્કસ'. એને દર્શકોએ એમ કહીને જાકારો આપ્યો હતો કે ફિલ્મમાં કોમેડીના નામે મીંડું છે અને રોહિત શેટ્ટીએ વેઠ ઉતારીછે. હવે 'સિંઘમ અગેઇન' પણ ફિલ્મ તરીકે સૌને ખાસ પસંદ નથી આવી, છતાં દિવાળીની રજાના કારણે કમાઈ ગઈ છે એવું તારણ નીકળ્યું છે. સાથે વધુ ચર્ચા તો ટ્રેલરમાં પૂરી ફિલ્મ અને સ્ટાર્સને બતાવી દેવાની રોહિતની ટેક્નિકની થઈ છે અને એથી પણ વધુ ચર્ચા નબળા શૂટ અને એડિટ સાથે છેલ્લે આવેલા ચુલબુલ પાંડે (સલમાન ખાન)ના બેમતલબ કેમિયોની થઈ છે.




### અરે, આપ કબ આયે?

૨૦૨૪માં વર્ષો પહેલાંની અમુક સફળ ફિલ્મ્સની સિક્વલ્સ પણ ટ્રેન્ડ મુજબ આવી છે, પણ સિક્વલ હોવા છતાં ન તો કોઈને તેની ખાસ જાણ થઈ છે કે તેને થિયેટરમાં જઈને જોવાની તસ્દી લીધી છે. એવી ફિલ્મ્સની યાદીમાં સામેલ થાય છે, 'એલએસડી ૨'. દિબાકર બેનર્જીની 'એલએસડી' પ્રયોગાત્મક ફિલ્મ હતી અને ખૂબ વખણાઈ હતી, પણ તેની સિક્વલના ન તો વિવેચકોએ વખાણ કર્યા છે, ન દર્શકોએ. શાહિદ કપૂરની પહેલી ફિલ્મ 'ઇશ્ક વિશ્ક'ની પણ સિક્વલ 'ઇશ્ક વિશ્કઃ રિબાઉન્ડ' નામે બનાવવામાં આવી છે. તેના પણ કોઈ જ ખરીદદાર નીકળ્યા નથી! ■

**લાસ્ટ શોટ**

*ગયા સપ્તાહે રિલીઝ થયેલી 'ક્રેવનઃ ધ હન્ટર' પણ સોની સ્પાઈડર યુનિવર્સની જ ફિલ્મ છે અને તેને 'મેડમ વેબ' કરતાં પણ વધુ નેગેટિવ રિવ્યુઝ મળી રહ્યા છે.*

# ક્વિક ફિલ્મી ક્વિઝ

નીલા સુનીલ મહેતા

## ક્વિઝ (અ)

**આ ગીતો ફિલ્મમાં બે વાર આવે છે તો તેના ગાયક અને ફિલ્મનાં નામ જાણો છો?**

૧) જિંદગી હર કદમ એક નયી જંગ હૈ...

૨) તેરા મુજસે હૈ પેહલે કા નાતા કોઈ..

૩) નીલા આસમાન સો ગયા...

૪) હમે તુમસે પ્યાર કિતના યે હમ નહીં જાનતે...

૫) જિંદગી એક સફર હૈ સુહાના...

૬) ના વો અંખિયા નુરાની કહી, જગ ઘુમેયા...

૭) તુમ બીન જાઉં કહા કે દુનિયા મેં આ કે કુછ ના....

## ક્વિઝ (બ)

**અમિતાભ બચ્ચને આ પાત્રો કઈ ફિલ્મમાં ભજવ્યાં હતાં અને એની હીરોઈન કોણ હતી?**

૧) અર્જુન સિંહ

૨) ગોગા

૩) ડૉક્ટર સુકુમાર સિન્હા

૪) ટાઈગર

૫) બાદશાહ ખાન

૬) હીરા

૭) રાજ મલ્હોત્રા



જવાબ માટે જુઓ 'ફન વર્લ્ડ'

ફિલ્મનામા
નરેશ શાહ

# ધ લૉંગેસ્ટ નાઈટઃ ઈસ રાત કી સુબહ નહીં!




ખૂંખાર ગુનેગાર કે ગેંગ લીડરને છોડાવવા માટે એના સાગરીતો જમીન-આસમાન એક કરી દે એ આપણા 'કર્મા' (ડૉ. ડેંગ-અનુપમ ખેર) સહિતની અનેક ફિલ્મોમાં જોયું છે. 'નેટફ્લિક્સ' પર હિન્દી ભાષામાં પણ જોવા મળતી સ્પેનિશ વેબસિરિઝ 'ધ લૉંગેસ્ટ નાઈટ' નો આ જ થીમ છે. 'ધ લૉંગેસ્ટ નાઈટ' (લાંબી કાળરાત્રિ) પ્રથમ એપિસોડથી જ તમને એક ગજબનાક મૂંઝવણમાં નાખી દે છે. એ અલગ મૂંઝવણ યા સિક્રેટ જ આ વેબસિરીઝનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે. માથાભારે ડોન કે ગેંગસ્ટર ઝડપાયો હોય તો એને પોલીસની ચૂંગાલમાંથી છોડાવવા માટે જીવલેણ જંગ એના ગુર્ગાઓ કરે એ સમજી શકાય તેવી વાત છે, પણ 'ધ લૉંગેસ્ટ નાઈટ'ના આરંભે જ પોલીસ એક સિરિયલ કિલરને ઝડપી લે છે.



પચાસેક વરસના લાગતા આ સિરિયલ કિલરને બધા 'મગરમચ્છ' તરીકે ઓળખે છે. સિમોન નામનો આ મગરમચ્છ એવો ક્રૂર છે કે ગમે તેવા જુવાન છોકરા-છોકરીને રહેંસી શકે છે અને મગરમચ્છ જાલિમ તો એવો છે કે એ અધમૂઈ યુવતીને ય જીવતી દફન કરી દેવાનું કઠણ કલેજું ધરાવે છે... એણે આ રીતે અગિયાર જેટલી હત્યા કરી નાખી છે. એક ગુપ્ત માહિતીના સહારે સ્પેનિશ પોલીસને સિમોન ઉર્ફે મગરમચ્છનો અતોપતો મળી જાય છે. પગેરું પકડતી પોલીસ એને પકડવા આવી રહ્યાની સૂચના પણ સિમોનને મળી જાય છે, પરંતુ...આ મગરમચ્છના કપાળ પર ચિંતાની લકીર પણ ઊપસતી નથી. પોલીસથી ભાગવાની બદલે એ ઘરમાં જ રહે છે. પોલીસ એનું નિવાસસ્થાન ઘેરી વળે છે ત્યારે ઘરનું મેન ડોર ખોલીને મગરમચ્છ આત્મસમર્પણ કરે છે. ઝડપી લીધેલા સિરિલય કિલર સિમોનને સ્પેનની જડબેસલાક એવી બારુકા જેલ અને સારવાર કેન્દ્રમાં લઈ જવાનો આદેશ મળે છે.

આ જેલના સારવાર કેન્દ્રમાં ખૂંખાર કેદીઓ અને માનસિક બીમાર ગુનેગારોને સારવાર માટે રાખવામાં આવ્યા છે. ક્રિસમસ હોવાથી પત્નીથી અલગ રહેતા આ જેલના વોર્ડન હ્યુગોએ પોતાની બે દીકરી અને આઠ વરસના પુત્રને પાર્ટી માટે બોલાવ્યા છે, પરંતુ...સિરિયલ કિલર મગરમચ્છને આ જેલમાં લાવવામાં આવી રહ્યો હોવાથી એણે ક્રિસમસ પાર્ટી કેન્સલ કરવી પડી છે તેથી મોટી દીકરી માતા પાસે જવા નીકળી જાય છે. હ્યુગો બે બાળકને લઈને જેલમાં પહોંચે છે. સિરિયલ કિલરને 'જમા લેવાની' ફોર્માલિટી પૂરી કરીને તે બંને બચ્ચાંને પાર્ટી માટે લઈ જવાનો છે. બારુકાની જેલમાં પહોંચેલા મગરમચ્છનો વોર્ડન હેડ હ્યુગો સાથે આમનો સામનો થાય છે ત્યારે મગરમચ્છ એને કહે : 'હ્યુગો, આજની રાત બહુ લાંબી પુરવાર થવાની છે, તમારે બધા માટે!'




'ધ લૉંગેસ્ટ નાઈટ'ના પ્રથમ એપિસોડની પ્રથમ પંદર જ મિનિટ પૂરી કરો ત્યારે આટલું ચિત્ર તમારી સામે સ્પષ્ટ થાય છે, પરંતુ વોર્ડન હેડ હ્યુગો ચકિત છે કે સિરિયલ કિલરને એના નામની ખબર કેવી રીતે પડી? એ જ વખતે બારુકાની જેલને ઘેરી લઈને લાઈટ તેમજ મોબાઈલ સિગ્નલ જામ કરી દેવામાં આવે છે. જેલ ફરતે ઊભેલા હથિયારધારીઓની એક જ ડિમાન્ડ છેઃ 'મગરમચ્છને અમારા હવાલે કરી દો તો અમે શાંતિથી ચાલ્યા જઈશું!'

જેની કોઈ ગેંગ નથી કે સાગરિત નથી અને જે ઠીક લાગે એને રહેંસી નાખે છે એવા આ સિમોનને જેલમાંથી ભગાવી જવાવાળું કોણ છે? બીજા દિવસે સિમોનનું જજ સામે સ્ટેટમેન્ટ લેવાનું છે, પણ એ વાત કોને ખટકે છે? શું કામ? સિમોન ઉર્ફે મગરમચ્છને છોડાવવા માટે વોર્ડન હેડ હ્યુગો મદદરૂપ બને એ માટે (મા પાસે જવા નીકળેલી) મોટી દીકરીનું અપહરણ કોણે અને શા માટે કર્યું? સૌથી અગત્યનો સવાલ! એક સિરિયલ કિલર માટે આટલા ધમપછાડા શા માટે?

'ધ લૉંગેસ્ટ નાઈટ' એક સ્પેનિશ થ્રીલર છે એટલે તેના સર્જકો કે અભિનેતાની વાતો કરવી એ અર્થ વગરનો વ્યાયામ છે, પરંતુ એટલું ખરું કે સિરીઝ એકદમ ટાઈટ છે. ડિરેક્ટર ઓસ્કાર પેડરાઝાએ યા સિરિયલ કિલર તરીકે લૂઈસ સેલેજોને એવી ઠંડી ક્રૂરતા સાથે દેખાડ્યો છે કે ખરેખર ખૌફ જાગે.

ટૂંકમાં અચૂક જોવા જેવી પરફેક્ટ થ્રીલર. 'ધ લૉંગેસ્ટ નાઈટ'ની બીજી સિઝન પણ અત્યારે શૂટ થઈ રહી છે. ■

ફોકસ
ડી. જે. નંદન

# બોલિવૂડે બદલી નાખ્યું લગ્નોનું સમાજશાસ્ત્ર





**હિંદુસ્તાનમાં** આ દિવસોમાં લગ્નોની ધૂમ છે. નવેમ્બર મહિનામાં અત્યાર સુધી પસાર થયેલા આઠ શુભ મુહૂર્તોમાં લગભગ ૨૫ લાખથી વધુ લગ્ન થઇ ચૂક્યાં છે અને આગામી મહિનાના પાંચ મુહૂર્તોથી મળીને આ વર્ષના લગ્નના આંકડા ૮૦ લાખથી પાર પહોંચી જશે. દર વર્ષે જેટલા લગ્નો ભારતમાં થાય છે તેટલા દુનિયામાં ક્યાંય થતા નથી. ભારતમાં થનારા લગ્ન એટલા માટે મહત્ત્વના છે કે કારણ કે અહીં લગ્ન ફક્ત બે લોકોના એક બીજા સાથે જીવનની શરૂઆત કરવાની હોતી નથી, પરંતુ આ તમામ લોકોના જીવનમાં થનારી સૌથી મોટી ઘટનામાંની એક હોય છે. એટલા માટે આપણા જીવનની સૌથી મોટી ઇવેન્ટ પર બોલિવૂડની અસર થાય છે. બોલિવૂડના ક્રિટિક, ઇકોનોમિસ્ટ અને બ્રિટિશ રાજનીતિજ્ઞ મેઘનાદ દેસાઇ પોતાના એક લેખમાં કહે છે કે ભારતીય લોકો પોતાની ખુશીની આ ખાસ ક્ષણોમાં ત્રણ ચીજોને ક્યારેય ભૂલતા નથી. પોતાના ભગવાનને, પોતાના હીરોને અને પોતાની જ્ઞાતિને.

એ અકારણ નથી કે આજકાલ લગ્નની સિઝન આવતા જ ફેશન અને જ્વેલેરી બજાર, બોલિવૂડના હીરો હિરોઇનની ચર્ચા થવા લાગે છે. તમે હાલના દિવસોમાં દિલ્હીના ચાંદની ચોક વિસ્તારમાં જાવ. સાડીઓની દુકાનોની બહાર તમામ ટોપ હિરોઇનોના કટઆઉટની ભીડ જોવા મળશે. ફક્ત આ જ બજારમાં નહીં, પરંતુ તમામ એ બજારમાં જ્યાં લગ્ન માટેની ખરીદી કરવામાં આવી રહી હોય. હિરો અને હિરોઇનને તમામ દુકાનમાં કટઆઉટ અથવા જીવંત પોસ્ટરો લગાવેલા જોવા મળી રહ્યા છે. જાણે દુકાનદારો કપડા ના વેચી રહ્યા હોય પરંતુ બોલિવૂડના હીરો અને હિરોઇનોનું પ્રદર્શન રાખ્યું હોય. હિંદુસ્તાનમાં તમામ છોકરીઓ લગ્નમાં પોતાની પસંદગીની હિરોઇનની જેમ દેખાવા માગે છે. આ વાત છોકરાઓ પર પણ લાગુ પડે છે. તમામ વરને પોતાની પસંદગીના હિરોની જેમ શેરવાની પહેરવી હોય છે. કહેવામાં આવે કે હાલના દિવસોમાં હિંદુસ્તાનમાં લગ્નો, બોલિવૂડના આકર્ષણથી ગ્રસ્ત છે તો અતિશયોક્તિ કહેવાશે નહીં. સત્ય વાત એ છે કે બોલિવૂડે આપણા લગ્નનું સમાજશાસ્ત્ર જ બદલી નાખ્યું છે.

આમ તો આ અસર છેલ્લી સદીના ૫૦ અને ૬૦ના દાયકામાં જ જોવા મળી રહી હતી, પરંતુ ૧૯૯૦ બાદથી તો હિંદુસ્તાનમાં યોજાનારાં લગ્નો બોલિવૂડના આકર્ષણમાં સતત જકડાઇ રહ્યા છે અને આજની સ્થિતિ એ છે કે આપણા લગ્નો પર બોલિવૂડની ખૂબ જ અસર જોવા મળી રહી છે, પરંતુ કહેવું જોઇએ કે બોલિવૂડની ફિલ્મોએ આપણા લગ્નોનું સમાજશાસ્ત્ર જ બદલી નાખ્યું છે.

જોકે, આપણાં લગ્નોમાં બોલિવૂડની અસરે આપણો ખર્ચ પણ વધારી દીધો છે. બોલિવૂડનાં લગ્નોએ જે રીતે લવ મેરેજ અને આંતરજ્ઞાતિ લગ્નોને માન્યતા આપી દીધી છે તેની અસર પણ સમાજમાં જોવા મળી રહી છે. આપણાં લગ્નો બોલિવૂડથી આટલા પ્રભાવિત અગાઉ ક્યારેય રહ્યાં નથી. ફિલ્મોની અસર આપણાં લગ્નોમાં એટલી વધી ગઇ છે કે એક જમાનામાં જ્યારે ભારતીય ગરીબીના કારણે લગ્ન માટે દેવાના ચક્રવ્યૂહમાં ફસાઇ જતા હતા, પરંતુ આજે ગરીબ નહીં, પરંતુ મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગના લોકો બોલિવૂડના આકર્ષણના કારણે લગ્નોમાં વધુ ખર્ચ કરી દે છે. બોલિવૂડે પોતાના પ્રભાવથી આપણાં લગ્નોના સમાજશાસ્ત્રને બદલી દીધું છે. ■

સોમૈયા યુનિવર્સિટીનું કૅશ ફોર એડમિશન કૌભાંડ

# એ ૫૦ વિદ્યાર્થીઓનું ભાવિ અદ્ધરતાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદ્યાવિહારમાં આવેલી સોમૈયા યુનિવર્સિટીની ત્રણ કોલેજમાં કેશ ફોર ઍડમિશનના રેકેટનો પર્દાફાશ થયા બાદ ધરપકડ કરાયેલા બે ક્લર્ક સહિત ત્રણ જણે બોગસ અને ડુપ્લિકેટ માર્કશીટ તથા સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટને આધારે ૫૦ વિદ્યાર્થીઓને ઍડમિશન અપાવ્યા હતા, જે કોલેજ વહીવટીતંત્ર દ્વારા રદ કરવામાં આવ્યા છે. આથી હવે એ વિદ્યાર્થીઓના ભાવિનું શું થશે, એવો પ્રશ્ન તેમના વાલીઓમાં નિર્માણ થયો છે. ઍડમિશન રદ થવાથી વિદ્યાર્થીઓ ડિપ્રેશનમાં આવી જઇ કંઇ નવાજૂની કરી બેસે તો તે માટે જવાબદાર કોણ રહેશે, એવો પ્રશ્ન તેઓ કરી રહ્યા છે.

કેશ ફોર ઍડમિશનનું રેકેટ કે. જે. સોમૈયા ઓફ આર્ટ્સ, કે. જે. સોમૈયા કોલેજ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ અને એસ. કે. સોમૈયા વિદ્યામંદિર જુનિયર કોલેજમાં ડિટેક્ટ થયું હતું.

વિદ્યાર્થીઓના ઍડમિશન રદ કરવામાં આવ્યા હોવાથી હવે તેમણે બીજી કોલેજોમાં ઍડમિશન માટે દોડધામ કરવી પડશે. જો તેમને કોલેજમાં ઍડમિશન નહીં મળે તો તેમનું આખું વર્ષ બગડશે.

જે બન્યું, જે રીતે બન્યું તેને 'મુંબઈ સમાચાર' કોઇ રીતે સમર્થન આપતું નથી, પણ ઉપરોક્ત વિદ્યાર્થીઓના ભાવિનો સવાલ તો ઊભો જ છે. અત્યારે આ મામલે

(જુઓ પાનું ૪) ▸▸

# 'ચૂંટણીમાં ટેરર ફન્ડનો ઉપયોગ'



**દાદાને શેની શુભેચ્છા?:** નાગપુરમાં વિધાન મંડળનું સત્ર ચાલી રહ્યું છે ત્યારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર ગુરુવારે મળ્યા હતા અને પાછળ નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પણ દેખાય છે. (પીટીઆઈ)

## વિધાનસભામાં પહેલું ભાષણ આપતા દેવેન્દ્ર ફડણવીસે આમ જણાવી કહ્યું કે દેશની ચૂંટણીઓમાં વિદેશી દખલગીરી થઈ છે અને આની એટીએસ તપાસ કરી રહ્યું છે

નાગપુરઃ માલેગાંવમાં મર્ચન્ટ બેંકની શાખામાં બેરોજગાર યુવાનોના ખાતામાંથી ૧૦૦ કરોડ રૂપિયાની આર્થિક લેવડદેવડ કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે.

દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે વિધાનસભામાં તેમનું પ્રથમ ભાષણ આપ્યું ત્યારે આ મામલે કહ્યું હતું કે વિધાનસભામાં ટેરર ફન્ડના ઉપયોગની તપાસ એટીએસ કરી રહ્યું છે અને દેશની ચૂંટણીઓમાં વિદેશી દખલગીરી થઈ છે.

ફડણવીસે કહ્યું કે ચૂંટણી જીતવા માટે શું ન કર્યું? અમે મહારાષ્ટ્રમાં પહેલીવાર જોયું કે કોઈ આવીને વોટ જેહાદની બૂમો પાડે છે, તમારી પાસે ૧૭ માગણીઓ કરવામાં આવે છે અને તમે મોં પણ ખોલતા નથી. આની પાછળનું અસલી કાવતરું હું તમને કહું છું. મને તમારા પર વિશ્વાસ છે, તમારા પર અવિશ્વાસ નથી, પણ તમે ક્યાંક ભટકી ગયા છો.

માલેગાંવમાં ૨૦૨૪માં કેટલાક યુવકોએ પોલીસને ફરિયાદ કરી હતી. તેમના ખાતાઓમાં ૧૧૪ કરોડની બિનજરૂરી રોકડ દાખલ થઈ હતી. આરોપી સિરાજ મોહમ્મદે ૧૪ લોકોના પાન કાર્ડ અને આધાર કાર્ડનો ઉપયોગ કરીને નાસિક મર્ચન્ટ બેંકમાં ખાતા ખોલ્યાં હતાં. આ ૧૪ ખાતાઓમાં ૧૧૪ કરોડ રૂપિયા જમા થયા હતા. બાદમાં તે પૈસા સિરાજ મોહમ્મદ અને ૨૧ લોકોના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. જ્યારે પોલીસ, ઇડી અને આવકવેરા વિભાગે આ અંગે તપાસ કરી તો જાણવા મળ્યું કે ૨૧ રાજ્યોના ૨૦૧ બેંક ખાતાઓમાં એક હજાર કરોડ રૂપિયાની લેવડદેવડ કરવામાં આવી હતી. આ નાણાં મુંબઈ, નાસિક સહિત વિવિધ શહેરોમાં ગયા છે. ૬૦૦ કરોડ રૂપિયા દુબઈ મોકલવામાં આવ્યા હતા અને ૧૦૦ કરોડ રૂપિયા ચૂંટણી દરમિયાન વિવિધ વસ્તુઓ માટે વાપરવામાં આવ્યા હતા. હવે આ તપાસ એટીએસ પાસે ગઈ છે.

જોકે, મુદ્દો એ છે કે ચૂંટણી જીતવા માટે તમે કયા સ્તરે જઈ રહ્યા છો. દેશની ચૂંટણીમાં વિદેશી હસ્તક્ષેપના પુરાવા

(જુઓ પાનું ૪) ▸▸

## 'અજિતદાદા તમે ચોક્કસ એક દિવસ મુખ્ય પ્રધાન બનશો'

એનસીપી પ્રમુખ અજિત પવારને છેલ્લા કેટલાક દિવસોથી વિપક્ષ દ્વારા 'કાયમી નાયબ મુખ્ય પ્રધાન' કહીને ચીડવવામાં આવતા હતા તેનો જવાબ આપતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરવારે કહ્યું હતું કે, 'અજિતદાદા, લોકો તમને કાયમી નાયબ મુખ્ય પ્રધાન કહે છે, પરંતુ હું તમને શુભેચ્છા પાઠવું છું. તમે એક દિવસ મુખ્ય પ્રધાન બનશો.'

અહીં યાદ રહે કે અજિત પવાર આ અગાઉની સરકારમાં પણ નાયબ મુખ્યપ્રધાન હતા અને ઉદ્ધવ ઠાકરેની સરકાર બની ત્યારે એ સરકારમાં પણ તેઓ નાયબ મુખ્યપ્રધાન હતા જેને કારણે રાજકીય વર્તુળોમાં તેમની ઓળખ કાયમી નાયબ મુખ્યપ્રધાન તરીકે થાય છે. ■

## કાઠમંડુમાં કોની મીટિંગ હતી?

### અર્બન નક્સલવાદ સંબંધે ફડણવીસનો સૌથી મોટો દાવો

ફડણવીસે જણાવ્યું હતું કે, નક્સલવાદીઓ શું કરે છે? નક્સલવાદી ભારતના બંધારણમાં માનતા નથી. ભારતે બનાવેલી લોકશાહીમાં માનતા નથી. ભારતીય બંધારણ દ્વારા નિર્મિત કોઈપણ સંસ્થામાં માનતા નથી. સમાંતર રાજ્ય બનાવવાની વાતો કરે છે. જ્યારે દેશમાં આ નક્સલવાદ સામે મોટી લડાઈ શરૂ થઈ, ત્યારે નક્સલવાદીઓ મોટી સંખ્યામાં મરવા લાગ્યા, નવી ભરતીઓ ઓછી થવા લાગી, તે સમયે શહેરોમાં જે કંઈ નક્સલવાદ જોવા લાગ્યો અને પછી અરાજકતાના એ જ વિચારો ફરી થવા લાગ્યા. આપણા બાળકોમાં આવા વિચાર રોપવામાં આવે છે.

૧૫ નવેમ્બર, ૨૦૨૪ ના રોજ કાઠમંડુમાં એક મીટિંગ યોજાઈ હતી, જેમાં 'ભારત જોડો'ના કેટલાક લોકો ગયા હતા. મારી પાસે આખો રિપોર્ટ છે. આ ફક્ત કાઠમંડુમાં જ થાય છે એવું નથી, હું તમને ભૂતકાળમાં લઈ જાઉં છું. આ 'ભારત જોડો'માં લગભગ ૧૮૦ સંસ્થાઓ જોડાઈ હતી. તેઓએ ચૂંટણીના સમયગાળા દરમિયાન 'ભારત જોડો' તરીકે કાર્યક્રમો કર્યા, પેમ્ફલેટ બનાવ્યા, જેમાંથી લગભગ ૪૦ સંસ્થાઓને મહોરાંરૂપ સંગઠન તરીકે ઓળખી કાઢવામાં આવી છે. આ મેં કર્યું નથી. ૨૦૧૨માં સ્વ.ગિરીશ બાપટે પ્રશ્ન પૂછ્યો હતો, તે સમયે આર. આર. પાટીલ રાજ્યના ગૃહ પ્રધાન હતા,' એમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું. ■

# મેટ્રો-થ્રીની બીકેસી-કોલાબા લાઇન મે, ૨૦૨૫માં શરૂ થઇ જશે

## વિધાનસભામાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની જાહેરાત

મુંબઈઃ કોલાબા-બાન્દ્રા-સીપ્ઝ સુધીના મેટ્રો-થ્રીનો આરે-બીકેસી સુધીનો પ્રથમ તબક્કો સાતમી ઓક્ટોબરે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. હવે કોલાબાથી બીકેસી સુધીનો બીજો તબક્કો મે, ૨૦૨૫ના ખુલ્લો મુકવામાં આવશે, એવું આશ્વાસન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે વિધાનસભામાં આપ્યું હતું.

મેટ્રો-થ્રીના આરે-બીકેસી સુધીના પ્રથમ તબક્કાને સારો પ્રતિસાદ મળવાની આશા હતી, પણ એવું થયું નહીં. પ્રવાસીઓનો પ્રતિસાદ મળતો નથી અને બીજી તરફ આ માર્ગ પર વારંવાર ટેક્નિકલ અડચણો આવતી હોય છે. એવામાં મુખ્ય પ્રધાને આવતા વર્ષે મે મહિનામાં બીજો તબક્કો ખુલ્લો મુકવાની જાહેરાત કરી છે.

ફડણવીસે વિધાનસભામાં કહ્યું હતું કે 'મહારાષ્ટ્રમાં મેટ્રોનું કામ ઝડપથી શરૂ કરાવ્યું. હવે મેટ્રો-થ્રીનું કામ પણ પૂર્ણ થવાની આરે છે. તેનો પ્રથમ તબક્કો ખુલ્લો મુકાયો છે અને હવે બીકેસીથી કોલાબા સુધીનો બીજા તબક્કો પણ શરૂ કરવામાં આવનાર છે. તેથી મુંબઈને ખરી લાઇફલાઇન મળશે. આ માર્ગે ૧૭ લાખ લોકો પ્રવાસ કરશે. હાલમાં પ્રવાસીઓની સંખ્યા છ લાખ છે, કારણ કે કનેક્ટિવિટી નથી. મે, ૨૦૨૫માં સંપૂર્ણ માર્ગ શરૂ કરવામાં આવશે. ■

# રવીન્દ્ર વાયકરની જીત યથાવત્‌: ચૂંટણીને પડકારતી અરજી ફગાવાઇ

## મુંબઈની બેઠક પર તેમની અમોલ કીર્તિકર સામે માત્ર ૪૮ મતથી જીત થઈ હતી

મુંબઈઃ લોકસભાની ચૂંટણી-૨૦૨૪માં શિવસેનાના નેતા રવીન્દ્ર વાયકરના થયેલા વિજયને પડકારતી શિવસેના-યુબીટીના નેતા અમોલ કીર્તિકર દ્વારા કરાયેલી અરજીને બૉમ્બે હાઇ કોર્ટે ગુરુવારે ફગાવી દીધી હતી.

કીર્તિકરે પોતાની અરજીમાં માગણી કરી હતી કે હાઇ કોર્ટ દ્વારા વાયકરની મુંબઈ ઉત્તર-પશ્ચિમ મતક્ષેત્ર તરફથી લડાયેલી ચૂંટણીને રદ કરીને અને પોતાને યોગ્ય રીતે ચૂંટાયેલા ઉમેદવાર જાહેર કરવાની માગણી કરી હતી. તેમ છતાં કોર્ટે કીર્તિકરની અરજીને ફગાવી દીધી હતી.

મતગણતરીમાં ગોટાળો કરાયો હોવાને કારણે ફરી મતગણતરી કરાવવા માટેની અરજી કરાઇ હતી, એમ શિવસેના-યુબીટીના નેતા કીર્તિકરે જણાવ્યું હતું.

લોકસભાની ચૂંટણીમાં અમોલ કીર્તિકરની એકનાથ શિંદેની શિવસેનાના ઉમેદવાર રવિન્દ્ર વાયકર સામે ફક્ત ૪૮ મતથી હાર થઇ હતી. તેને રદબાતલ જાહેર કરવામાં આવે.

કીર્તિકરે દાવો કર્યો હતો કે મતગણતરી માટે ફરજ પર મુકાયેલા ચૂંટણી અધિકારીઓ તરફથી સ્પષ્ટ અને ગંભીર ભૂલો કરાઇ હતી જેને કારણે ચૂંટણીનાં પરિણામ બરાબર આવ્યા નહોતા.

આ સિવાય તેમણે સુનાવણી દરમિયાન મતગણતરી વખતના વીડિયો રેકોર્ડિંગ પણ કોર્ટમાં રજૂ કરવાની માગણી કરી હતી. (પીટીઆઇ)■

# ફેરી દુર્ઘટના

## ૯૦ની ક્ષમતા પણ ૧૦૦થી વધુ પ્રવાસીઃ પોલીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગેટવે ઑફ ઈન્ડિયા નજીક મધદરિયે ઊંધી વળી ગયેલી ફેરીમાં ક્ષમતા કરતાં વધુ પ્રવાસી ભરવામાં આવ્યા હોવાનું પોલીસે ગુરુવારે જણાવ્યું હતું. ફેરીની ક્ષમતા ૯૦ પ્રવાસીની હોવા છતાં તેમાં ૧૦૦થી વધુ લોકો હતા. મહારાષ્ટ્ર મેરિટાઈમ બોર્ડે ફેરી સંબંધી જાહેર કરેલા દસ્તાવેજો અનુસાર ફેરીમાં એક સમયે ૮૪ પ્રવાસી અને ૬ ક્રૂ મેમ્બર્સ લઈ જવાની પરવાનગી હતી, પરંતુ ઊંધી વળેલી નીલકમલ ફેરીમાં ૧૦૦થી વધુ લોકો હતા. પોલીસ ફેરીને લગતા બધા દસ્તાવેજો એકઠા કરી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.









**હોરર હોનારત**

ગેટવે ઈન્ડિયા પાસે નૌકા ડૂબી જવાની દુર્ઘટના પછી પેટ્રોલિંગ કરી રહેલી મુંબઈ પોલીસ. ગુરુવારથી દરેક નૌકાસવાર માટે લાઇફજેકેટ ફરજિયાત બનાવવામાં આવ્યું હતું. (જયપ્રકાશ કેળકર)

## નૌકાદળની સ્પીડ બોટના ચાલક વિરુદ્ધ ગુનો

ગેટવે ઑફ ઈન્ડિયાથી એલિફન્ટા જઈ રહેલી ફૅરી 'નીલકમલ' સાથે અથડાયેલી નૌકાદળની સ્પીડ બોટના ચાલક સહિત અન્યો વિરુદ્ધ કોલાબા પોલીસે બેદરકારીથી બોટ ચલાવી મૃત્યુ માટે જવાબદાર ઠરવા બદલ ગુનો નોંધી તપાસની શરૂઆત કરી હતી. નેવીની બોટ ટકરાવાને કારણે ફૅરીમાં પાણી ભરાવા લાગ્યું હતું અને પછી તે ઊંધી વળી ગઈ હતી, જેમાં ૧૩ જણે જીવ ગુમાવ્યા હતા. ઘટના સમયે ખરેખર શું બન્યું હતું તેની જાણકારી મેળવવા માટે પોલીસે અત્યાર સુધીમાં ૧૦ જણનાં નિવેદન નોંધ્યાં હોવાનું જાણવા મળ્યું હતું. ઝોન-૧ના ડેપ્યુટી પોલીસ કમિશનર પ્રવીણ મુંઢેએ જણાવ્યું હતું કે ફૅરી દુર્ઘટનામાંથી ઉગારી લેવાયેલા અને સાકીનાકામાં રહેતા નાથારામ ચૌધરી (૨૨)ની ફરિયાદને આધારે બુધવારે મોડી રાતે કોલાબા પોલીસે એફઆઈઆર નોંધ્યો હતો. કોલાબા પોલીસે નેવીની સ્પીડ બોડના ચાલક સહિત અકસ્માત માટે જવાબદાર અન્યો વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૬(૧), ૧૨૫(એ)(બી), ૨૮૨, ૩૨૪(૩)(૫) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ કેસમાં મધદરિયે બનેલી ઘટનામાં નૌકાદળ, કોસ્ટ ગાર્ડ, મુંબઈ પોલીસ અને સીઆઈએસએફની ટીમે બચાવી લીધેલા સહેલાણીઓમાંથી ૧૦ જણનાં નિવેદન નોંધવામાં આવ્યાં હતાં. અન્ય પ્રવાસીઓના પણ જવાબ નોંધવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. અકસ્માત માટે જવાબદાર નૌકાદળની સ્પીડ બોટ અત્યારે નેવી પાસે જ છે, પરંતુ તપાસ માટે જ્યારે જરૂર પડશે ત્યારે એ બોટ પોલીસ નેવી પાસે માગી લેશે, એવું અધિકારીનું કહેવું છે. ■

## નેવીએ કરી રચના બોર્ડ ઑફ ઈન્કવાયરીની

મુંબઈના દરિયામાં નેવીની સ્પીડ બોટ ફૅરી સાથે ટકરાતાં થયેલા અકસ્માતની ઘટનાની તપાસ માટે નૌકાદળ દ્વારા 'બોર્ડ ઑફ ઈન્કવાયરી'ની રચના કરવામાં આવી હતી. આ ઘટનામાં નૌકાદળના જવાનો સહિત ૧૩ જણે જીવ ગુમાવ્યા હતા. ઘટનાની સચ્ચાઈ સ્થાપિત કરવા માટે બોર્ડ ઑફ ઈન્કવાયરીનો આદેશ આપવામાં આવ્યો હોવાનું નૌકાદળે જણાવ્યું હતું. નેવી ચીફ એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારને દિલાસો આપ્યો હતો અને જખમી લોકો ઝડપથી સાજા થઈ જાય એવી આશા વ્યક્ત કરી હતી. ■

## મરણાંક ૧૪

મધદરિયે ફૅરી દુર્ઘટના બાદ ૯૯ લોકોને ઉગારી લેવામાં આવ્યા હતા, પણ બે જણનો કોઇ પત્તો ન લાગતાં ગુરુવારે નેવીના હેલિકોપ્ટર તથા નેવી અને કોસ્ટ ગાર્ડની બોટ દ્વારા તેમની શોધ ચલાવાઇ હતી. આખરે ૪૩ વર્ષના પ્રવાસીનો મૃતદેહ ડૂબી ગયેલી ફૅરી નીલકમલ નજીકથી મળી આવ્યો હતો, જેને પગલે દુર્ઘટનાનો મરણાંક હવે ૧૪ થયો છે. નેવી અને કોસ્ટ ગાર્ડની બોટ સહિત આઠ બોટ સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશનમાં સામેલ હતી, જે બીજે દિવસે પણ ચાલ્યું હતું. ફૅરી દુર્ઘટના બાદ ગુમ થયેલા બે જણને હંસરાજ ભાટી (૪૩) અને જોહાન મોહંમદ નિસાર અહમદ પઠાણ (૭) તરીકે ઓળખી કાઢવામાં આવ્યા હતા. આમાંથી ભાટીનો મૃતદેહ ફૅરી નજીકથી ગુરુવારે મળ્યો હતો, જ્યારે ગુમ જોહાનની શોધ ચલાવવામાં આવી રહી છે. ■

## બાળકોએ વડાપાંઉની જીદ કરી એમાં જીવ બચી ગયો

મધદરિયે ફૅરી ઊંધી વળવાની ઘટનાને કારણે ગેટવે ઑફ ઈન્ડિયા પાસે લોકોની રોકકળ મચી હતી ત્યારે ઉત્તર પ્રદેશના એક પરિવારે વડાપાંઉને કારણે તેમનો જીવ બચ્યાનો હાશકારો અનુભવ્યો હતો. પરિવારના સભ્યોએ ટિકિટ કઢાવીને ફૅરીમાં ચઢવાની તૈયારી કરી લીધી, પણ છેલ્લી ઘડીએ બાળકોએ વડાપાંઉ ખાવાની જીદ કરતાં ફૅરી રવાના થઈ ગઈ હતી. ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં રહેતી અંજલિ ત્રિપાઠીએ જણાવ્યું હતું કે તેમનું કુટુંબ ગેટવે ઑફ ઈન્ડિયા ખાતે ફરવા આવ્યું હતું. ફૅરીમાં એલિફન્ટા જવાનું નક્કી કરતાં તેમણે ફૅરીની ટિકિટ પણ કઢાવી હતી, પરંતુ ફૅરીમાં ચઢવા પહેલાં બાળકોએ વડાપાંઉ ખાવાની જીદ કરી હતી. બાળકોની જીદને પગલે ત્રિપાઠી પરિવારના બધા સભ્યોએ વડાપાંઉ ખાવાનું નક્કી કર્યું હતું. વડાપાંઉ ખરીદવામાં ખાસ્સો સમય જતાં ફૅરી રવાના થઈ ગઈ હતી. બાળકોની વડાપાંઉ ખાવાની જીદને કારણે ફૅરીમાં ન ચઢી શકવાનો તે સમયે અફસોસ થયો હતો, પરંતુ દુર્ઘટનાના સમાચાર સાંભળી સ્તબ્ધ થઈ ગયેલા પરિવારે ભગવાનનો પાડ માન્યો હતો. ■

## હૉસ્પિટલોના ધક્કા ખાવા છતાં ભાઇ હજી મળતો નથી

મુંબઈઃ ગેટવે ઓફ ઈન્ડિયા ખાતે નૌકાદળની અને ફેરી બોટ 'નીલકમલ' વચ્ચે બુધવારે થયેલી ટક્કર બાદ જોગારામ ભાટી (૬૦) આ દુર્ઘટના બની ત્યારથી પોતાના ભાઇની શોધ માટે એક હૉસ્પિટલથી બીજી હૉસ્પિટલમાં ધક્કા ખાવા માટે મજબૂર બન્યા છે. બે દિવસથી તેઓ સુતા પણ નથી. મુંબઈના રહેવાસી હંસરામ ભાટી (૪૩) રાજસ્થાનથી આવેલા તેમના સંબંધીઓ સાથે એલિફન્ટાની ગુફા ફરવા જઇ રહ્યા હતા ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. પોલીસ તપાસ માટે કોલાબા પોલીસ સ્ટેશન આવેલા જોગારામે પત્રકારોને જણાવ્યું હતું કે તેમનો ભાઇ મલાડમાં રહે છે અને ઇમિટેશન જ્વેલરીનું કામ કરે છે. હંસરામનો સાળો પ્રવીણ રાઠોડ અને તેની પત્ની નીતુ રાજસ્થાનથી આવ્યા હતા. ■

# મારા દીકરાનો ટીમમાં માનભંગ થતો હશેઃ અશ્વિનના પિતા

## નિવૃત્ત સ્પિન-લેજન્ડે કહ્યું, 'તેમનું મન પર ન લો'

ચેન્નઈઃ ભારતના સ્પિન-લેજન્ડ આર. અશ્વિને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી ઓચિંતી નિવૃત્તિની જાહેરાત કરી એને માંડ ૨૪ કલાક થયા ત્યાં તો તેના પિતા રવિચન્દ્રને એક ચૅનલને ઇન્ટરવ્યૂમાં કહ્યું કે 'મારા દીકરાએ ટીમમાં થતા માનભંગને કારણે જ અચાનક રિટાયરમેન્ટ જાહેર કર્યું હશે. તે આ માનભંગને કારણે થોડા સમયમાં નિવૃત્તિ લઈ લેશે એવી અમારા પરિવારને અપેક્ષા હતી જ. આવું બધુ કોઈ કેટલો વખત સહન કરે? એ જ કારણસર તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમવાનું ઓચિંતુ છોડી દીધું. મને પણ છેલ્લી ઘડીએ ખબર પડી હતી. એક રીતે મને વિચાર આવે છે કે તેણે રમવાનું નહોતું છોડવું જોઈતું.'

અશ્વિન બ્રિસ્બેનથી ગુરુવારે સવારે ચેન્નઈ આવી પહોંચ્યો હતો. તેનું ચેન્નઈ ઍરપોર્ટ પર અને તેના નિવાસસ્થાન ખાતે ભવ્ય સ્વાગત કરાયું હતું.

અશ્વિને પિતાની કમેન્ટ્સ વિશે 'એક્સ' પર પ્રતિક્રિયા આપી હતી. અશ્વિને વિવાદને ટાળવાના સંભવિત આશયથી લખ્યું, 'મીડિયા સાથે કેવી રીતે વાત કરવી એ મારા પિતાને બરાબર ફાવતું નથી. મીડિયા મારા વિશે જાણવા મારા પિતા સુધી પહોંચી જશે એની મેં કલ્પના પણ નહોતી કરી.'

અશ્વિને 'એક્સ' પર વધુમાં લખ્યું, 'મારા પપ્પાએ જે કંઈ કહ્યું એને મન પર નહીં લેતા. તેઓ જે કંઈ બોલ્યા એ ધ્યાનમાં ન લો એવી સૌને મારી વિનંતી છે.'

અશ્વિનની પહેલાં સ્પિન-ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદરને પર્થની ટેસ્ટમાં રમાડવામાં આવ્યો હતો. ઍડિલેઇડની બીજી ટેસ્ટમાં અશ્વિનને રમવા મળ્યું, પણ બ્રિસ્બેનની ત્રીજી ટેસ્ટમાં રવીન્દ્ર જાડેજાને મોકો અપાયો હતો જેણે બૅટિંગ-તાકાતથી (૭૭ રન બનાવીને) ટીમમાં સ્થાન મજબૂત કરી લીધું. ■

# અશ્વિન તો ૧૪મો છે, તેની પહેલાં આ ૧૩ ભારતીય ક્રિકેટરે વર્ષ ૨૦૨૪માં નિવૃત્તિ લીધી!

મુંબઈઃ સમગ્ર આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી કે ક્રિકેટના અમુક ફૉર્મેટમાંથી નિવૃત્તિ લેવાની ભારતીય ક્રિકેટમાં જાણે મોસમ ચાલે છે. તમે નહીં, માનો પણ આ બાબતમાં જાણે બારે માસ જેવું છે. ૨૦૨૪ના વર્ષના ૧૨ મહિનામાં (રવિચન્દ્રન અશ્વિન સહિત) ભારતમાં કુલ મળીને ૧૪ ક્રિકેટરે રિટાયરમેન્ટ જાહેર કર્યું.

એમાં એક સમયના ભારતના ફાસ્ટેસ્ટ બોલર અને કલાકે ૧૫૦-પ્લસની ઝડપે બૉલ ફેંકનાર વરુણ ઍરોનનો સમાવેશ છે. તે નિવૃત્તિ પછી ચેન્નઈના એમઆરએફ ફાઉન્ડેશનમાં ગ્લેન મૅકગ્રાનો સહાયક બનશે એવું એક અહેવાલમાં જણાવાયું હતું. નિવૃત્ત ખેલાડીઓની યાદીમાં દિનેશ કાર્તિકનો પણ સમાવેશ છે.

ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) તો ૨૦૦૮ની સાલથી ચાલે છે, પરંતુ છેલ્લા થોડા મહિનાઓ દરમ્યાન અન્ય દેશોમાં ટી-૨૦ લીગ ટૂર્નામેન્ટોનો રાફડો ફાટ્યો હોવાથી ક્રિકેટજગતમાં ઇન્ટરનૅશનલ ખેલાડીઓ નિવૃત્તિની વહેલી જાહેરાત કરી દે એવા બનાવો બનવા લાગ્યા છે.

મુંબઈમાં રહેતા જાણીતા સ્કોરર દીપક જોશીએ આપેલી માહિતી મુજબ ૨૦૨૪ની સાલમાં ભારતમાં કુલ ૧૪ ક્રિકેટરે નિવૃત્તિની જાહેરાત કરી છે જેની યાદી નીચે મુજબ છેઃ

(૧) સૌરભ તિવારી (તમામ ફૉર્મેટમાંથી)
(૨) વરુણ ઍરોન (તમામ ફૉર્મેટમાંથી)
(૩) ફૈઝ ફઝલ (તમામ ફૉર્મેટમાંથી)
(૪) મનોજ તિવારી (તમામ ફૉર્મેટમાંથી)
(૫) દિનેશ કાર્તિક (તમામ ફૉર્મેટમાંથી)
(૬) કેદાર જાધવ (તમામ ફૉર્મેટમાંથી)
(૭) વિરાટ કોહલી (ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી)
(૮) રોહિત શર્મા (ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી)
(૯) રવીન્દ્ર જાડેજા (ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી)
(૧૦) શિખર ધવન (તમામ ફૉર્મેટમાંથી)
(૧૧) બરિન્દર શરન (તમામ ફૉર્મેટમાંથી)
(૧૨) વૃદ્ધિમાન સાહા (તમામ ફૉર્મેટમાંથી)
(૧૩) સિદ્ધાર્થ કૌલ (તમામ ફૉર્મેટમાંથી)
(૧૪) રવિચન્દ્રન અશ્વિન (તમામ ફૉર્મેટમાંથી) ■

# અશ્વિનનું હોમ-સ્વીટ-હોમઃ ઘરઆંગણે સર્વશ્રેષ્ઠ વિજેતા અને હવે ઘરે પરિવાર પાસે પાછો આવી ગયો

## ભારતના વિજયોમાં અશ્વિનની 300 વિકેટનો વિક્રમઃ સ્પિન-લેજન્ડના નામે બીજા ઢગલાબંધ રેકૉર્ડ છે

ચેન્નઈઃ તામિલનાડુનું ચેન્નઈ શહેર અઠવાડિયાથી ખેલકૂદમાં બે રીતે સૌથી ચર્ચામાં છે. ગુરુવાર, ૧૨મી ડિસેમ્બરે ચેન્નઈનો ૧૮ વર્ષનો ટીનેજ ચેસ સુપરસ્ટાર ડી. ગુકેશ ચીનના ડિન્ગ લિરેનને હરાવીને ચેસ જગતનો સૌથી યુવાન વર્લ્ડ ચૅમ્પિયન બન્યો હતો. બુધવાર, ૧૮મી ડિસેમ્બરે ચેન્નઈના રવિચન્દ્રન અશ્વિને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી અચાનક જ નિવૃત્તિ લઈ લીધી હતી. ગુકેશ સિંગાપોરથી વિશ્વ વિજેતાપદની ટ્રોફી લઈને ચેન્નઈ પાછો આવ્યો છે, જ્યારે સ્પિન-લેજન્ડ અશ્વિને રિટાયરમેન્ટ લઈને હોમ-ટાઉન ચેન્નઈમાં પુનરાગમન કર્યું છે.

જોકે અહીં આપણે માત્ર અશ્વિનની જ વાત કરીશું. એક જાણીતી ક્રિકેટલક્ષી વેબસાઇટના આંકડા-આધારિત અહેવાલ મુજબ અશ્વિન માટે બે રીતે હોમ-સ્વીટ-હોમનું સમીકરણ બન્યું છે. એક તો તે ૨૦૧૧ની સાલમાં ટેસ્ટમાં ડેબ્યૂ કર્યા પછી ઘરઆંગણે એકેએક ટેસ્ટ (૬૫ ટેસ્ટ) રમ્યો છે જેમાંથી ૪૭ ટેસ્ટમાં ભારતે વિજય મેળવ્યો છે. બીજું, અશ્વિન હવે હોમમાં એટલે કે ઘરે પરિવાર પાસે પાછો આવી ગયો છે અને હવે રિટાયરમેન્ટ પછી માર્ચ-મે દરમ્યાન માત્ર આઇપીએલમાં જ રમવાનો હોવાથી વર્ષો પછી ઘરે પરિવાર સાથે મહિનાઓની મોજ માણશે.

અશ્વિને કુલ ૭૬૫ આંતરરાષ્ટ્રીય વિકેટ લીધી હતી તેમ જ કુલ મળીને ૪,૪૦૦ જેટલા રન બનાવ્યા હતા. ટેસ્ટ-ક્રિકેટમાં તેણે છ સેન્ચુરી ફટકારી હતી તેમ જ તેના નામે ૨૩ સિક્સર તથા ૩૯૯ ફોર પણ લખાઈ છે. ■



અશ્વિનનું ગુરુવારે સવારે ચેન્નઈ ઍરપોર્ટ પર સ્વાગત કરવામાં આવ્યું હતું. (પીટીઆઇ)

# અજબ અશ્વિનની ગજબની આંકડાબાજી ...

(૧) આર. અશ્વિન ૨૦૧૧માં ટેસ્ટમાં ડેબ્યૂ કર્યા બાદ (બુધવાર, ૧૮મી ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં) કુલ ૧૦૬ ટેસ્ટ રમ્યો. એમાંથી ૬૫ ટેસ્ટ એવી હતી જે ભારતમાં રમાઈ હતી. અશ્વિન ડેબ્યૂ બાદ ઘરઆંગણે તમામ (૬૫) ટેસ્ટ રમ્યો છે. એમાંથી ૪૭ ટેસ્ટમાં ભારતે વિજય માણ્યો છે. ભારતીય ક્રિકેટર્સમાં ઘરઆંગણે ટેસ્ટ-ક્રિકેટ રમીને સૌથી વધુ હોમ ટેસ્ટમાં વિજય માણ્યો હોય એમાં સચિન બાવન જીત સાથે પ્રથમ છે અને અશ્વિન ૪૭ જીત સાથે બીજા નંબરે છે. ત્રીજા નંબરે કોહલી (૩૯ જીત), ચોથા નંબરે પુજારા (૩૮ જીત) અને પાંચમા નંબરે રવીન્દ્ર જાડેજા (૩૫ જીત) છે.

(૨) અશ્વિન ઘરઆંગણે તમામ (૬૫) ટેસ્ટ રમ્યો એ બાબતમાં માત્ર ઇંગ્લૅન્ડનો ઍલિસ્ટર કૂક ૮૯ ટેસ્ટ સાથે તેનાથી આગળ છે. અશ્વિને આ ૬૫ ટેસ્ટમાં કુલ ૩૮૩ વિકેટ લીધી છે જે ભારતીય બોલર્સમાં વિક્રમ છે.

(૩) અશ્વિને ટેસ્ટમાં ૫૩૭ વિકેટ લીધી હતી એ સાથે તે ભારતીયોમાં અનિલ કુંબલે (૬૧૯) પછી બીજા નંબરે છે. વિશ્વભરમાં સૌથી વધુ ટેસ્ટ-વિકેટ લેનારાઓમાં અશ્વિન સાતમા સ્થાને છે. તેની આગળના છ સ્થાને મુરલીધરન (૮૦૦), શેન વૉર્ન (૭૦૮), જેમ્સ ઍન્ડરસન (૭૦૪), કુંબલે (૬૧૯), સ્ટુઅર્ટ બ્રૉડ (૬૦૪) અને ગ્લેન મૅકગ્રા (૫૬૩) છે.

(૪) અશ્વિને ૩૭ વખત ટેસ્ટના દાવમાં પાંચ કે વધુ વિકેટ લીધી હતી. એકમાત્ર મુથૈયા મુરલીધરન (૬૭) તેનાથી આગળ છે.

(૫) ઘરઆંગણે અશ્વિને ૨૯ વખત એક ઇનિંગ્સમાં પાંચ કે વધુ વિકેટ લીધી હતી. વિશ્વમાં ફક્ત મુરલીધરન (૪૫) તેનાથી આગળ છે.

(૬) ઘરઆંગણે જીતી હોય એવી ટેસ્ટ મૅચોમાં અશ્વિનની વિકેટનો આંકડો ૩૦૩ છે. એકમાત્ર



મુરલીધરન (૩૦૫ વિકેટ) તેનાથી આગળ છે.

(૭) બૅટિંગની બાબતમાં અશ્વિન બે રીતે વિદેશી ખેલાડીના વિશ્વ વિક્રમથી જરાક જ પાછળ છે. ટેસ્ટમાં અશ્વિને છમાંથી ચાર સેન્ચુરી બૅટિંગના આઠમા કે એનાથી નીચલા નંબરે રમીને ફટકારી હતી. ભૂતપૂર્વ કિવી કૅપ્ટન ડેનિયલ વેટોરી પાંચ સદી સાથે તેનાથી એક ડગલું આગળ છે. અશ્વિને સેન્ચુરીવાળી છમાંથી ચાર ટેસ્ટમાં પાંચ કે વધુ વિકેટ પણ લીધી હતી. ફક્ત ઇંગ્લૅન્ડનો ઇયાન બૉથમ પાંચ સદી સાથે તેનાથી એક ડગલું આગળ છે.

(૮) અશ્વિનની કુલ ૧૦૬ ટેસ્ટમાં ભારત ૬૧ ટેસ્ટમાં વિજયી થયું હતું. ફક્ત સચિન (૭૨ ટેસ્ટમાં વિજય) અને કોહલી (૬૨ ટેસ્ટમાં વિજય) તેનાથી આગળ છે.

(૯) અશ્વિનની હાજરીવાળી ટેસ્ટ મૅચોમાંથી ૫૭.૫૫ ટકા ટેસ્ટમાં ભારતનો વિજય થયો હતો. એ રીતે વિશ્વમાં તે છઠ્ઠા નંબરે છે. તેનાથી આગળ જે ખેલાડીઓ છે એમાં હેડન (૬૮.૯૩ ટકા), મૅકગ્રા (૬૭.૭૪ ટકા), લૅન્ગર (૬૬.૬૭ ટકા), પૉન્ટિંગ (૬૪.૨૯ ટકા) અને શેન વૉર્ન (૫૬૩.૪૫ ટકા)નો સમાવેશ છે.

(૧૦) અશ્વિનની ૫૩૭માંથી ૩૭૪ વિકેટ ભારતે જીતેલી ટેસ્ટ મૅચોમાં નોંધાઈ હતી. એ રીતે તે ભારતીયોમાં મોખરે અને વિશ્વમાં પાંચમા સ્થાને છેઃ વૉર્ન (૫૧૦), મુરલીધરન (૪૩૮), મૅકગ્રા (૪૧૪) અને જેમ્સ ઍન્ડરસન (૩૮૪).

(૧૧) ભારત જેમાં જીત્યું હોય એવી ટેસ્ટ-મૅચોમાં અશ્વિનની ૩૦૦ વિકેટ સામેલ છે અને તે એકમાત્ર ભારતીય બોલર છે જેના ૩૦૦ શિકાર ભારતે જીતેલી મૅચોમાં સામેલ છે.

(૧૨) ભારતે જીતી હોય એવી ટેસ્ટ-મૅચોમાં અશ્વિને ૩૧ વખત પાંચ કે વધુ વિકેટની સિદ્ધિ મેળવી હતી જે ભારતીય રેકૉર્ડ છે. વિશ્વમાં એકમાત્ર મુરલીધરન (૪૧ વખત) તેનાથી આગળ છે.

(૧૩) અશ્વિનની ૫૩૭માંથી ૬૯.૬૫ ટકા વિકેટો ભારતના વિજયવાળી ટેસ્ટ મૅચોમાં સામેલ હતી. માત્ર મૅકગ્રા (૭૩.૫૩ ટકા), બ્રેટ લી (૭૨.૫૮) અને શેન વૉર્ન (૭૨.૦૩) તેનાથી આગળ છે.

(૧૪) અશ્વિનની છમાંથી પાંચ સેન્ચુરી એવી ટેસ્ટમાં હતી જેમાં ભારતનો વિજય થયો હતો. છઠ્ઠી ટેસ્ટ ડ્રૉમાં પરિણમી હતી.

(૧૫) અશ્વિન ટેસ્ટમાં ૧૧ વખત મૅન ઑફ ધ સિરીઝનો પુરસ્કાર જીત્યો હતો. તે મુરલીધરન સાથે આ સંયુક્ત વિશ્વવિક્રમ ધરાવે છે.

(૧૬) અશ્વિને ૨૦૦ ટેસ્ટ ઇનિંગ્સમાં ૫૪ વખત ભારત વતી બોલિંગની શરૂઆત કરી હતી અને ૧૮૦ વિકેટ લીધી હતી.

(૧૭) અશ્વિને ૫૩૭માંથી ૨૬૮ ટેસ્ટ વિકેટ લેફ્ટ-હૅન્ડ બૅટર સામે લીધી હતી જે વિશ્વવિક્રમ છે. જેમ્સ ઍન્ડરસન (૨૨૧) તેના બાદ બીજા સ્થાને છે. અશ્વિને ૨૬૯ વિકેટ રાઇટ-હૅન્ડ બૅટર સામે લીધી હતી.

(૧૮) અશ્વિને કુલ ૭૬૫ આંતરરાષ્ટ્રીય વિકેટ લીધી હતી અને ભારતીયોમાં ફક્ત અનિલ કુંબલે (૯૫૩ વિકેટ) તેનાથી આગળ છે. ■

# અશ્વિન નિવૃત્તિ પછી તરત જ બની ગયો 'બોલિંગ-કોચ'

## ઈન્ડોર નેટમાં સપોર્ટ સ્ટાફના દરેક જણ પાસે બોલિંગ કરાવીને ખૂબ મોજ માણી



નવી દિલ્હીઃ સ્પિન-લેજન્ડ રવિચન્દ્રન અશ્વિને બુધવારે બ્રિસ્બેનમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કર્યા પછી કહ્યું કે તે ક્લબ ક્રિકેટ એટલે કે આઇપીએલ જેવી લીગ ટૂર્નામેન્ટોમાં રમતો રહેશે. એક બાજુ તેણે નિવૃત્તિ જાહેર કરી અને બીજી બાજુ તેણે ઇન્ડોર નેટમાં બોલિંગની પ્રૅક્ટિસ કરી હતી જેમાં તેણે સપોર્ટ સ્ટાફને બોલિંગની બાબતમાં થોડા પાઠ શીખવ્યા હતા. તેણે સ્ટાફના પ્રત્યેક મેમ્બર પાસે બોલિંગ કરાવી હતી અને મજાકમસ્તીના એ માહોલમાં ખૂબ હસ્યો હતો.

દોઢ દાયકાની કરીઅર દરમ્યાન ભારત વતી રમેલી મૅચોમાં સાથીઓ સાથે ખૂબ મોજ માણી એવું ૩૮ વર્ષીય અશ્વિને કહ્યું હતું.

બીસીસીઆઇએ ગુરુવારે સપોર્ટ સ્ટાફ સાથેની અશ્વિનની અમૂલ્ય પળોને લગતો વીડિયો 'એક્સ' પર શૅર કર્યો હતો.

અશ્વિન જેમની સાથે ઇન્ડોર નેટમાં હતો એમાં ફીલ્ડિંગ કોચ ટી. દિલીપ, ટ્રેઇનર સોહમ દેસાઈ, વિશ્લેષક હરિપ્રસાદ મોહન અને મસાજર અરુણ કાનડેનો સમાવેશ હતો.

અશ્વિને બુધવારે જ નિવૃત્તિ વખતે કહ્યું હતું કે 'મારામાં ક્રિકેટ રમવાની થોડી ક્ષમતા બાકી રહી છે એ હું ક્લબ ક્રિકેટ (આઇપીએલ)માં રમવામાં ઉપયોગમાં લઈશ. બાકી, મેં દોઢ વર્ષની કરીઅરમાં ખૂબ મોજ કરી અને ઘણી યાદગાર પળો માણી.'

અશ્વિનને ચેન્નઈ સુપર કિંગ્સે ૨૦૨૫ની આઇપીએલ-સીઝન માટે ૯.૭૫ કરોડ રૂપિયામાં રીટેન કર્યો છે.

ક્રિકેટની રમતમાં ટેસ્ટ-ક્રિકેટ સૌથી મહત્ત્વનું ફૉર્મેટ કહેવાય અને એમાં અશ્વિને ૧૩ વર્ષની કારકિર્દી દરમ્યાન કુલ ૫૩૭ વિકેટ લીધી હતી. ભારતીય બોલર્સમાં તે અનિલ કુંબલે (૬૧૯ વિકેટ) પછી બીજા ક્રમે છે. ■

# ઘરેથી મૃત્યુના સમાચાર મળ્યા પછી પણ આકાશ દીપ ગૅબામાં રમ્યો અને પરાજયથી બચાવ્યા

બ્રિસ્બેનઃ ખરો ખેલાડી એને કહેવાય જે કોઈ પણ પરિસ્થિતિમાં પોતાના કર્તવ્યને પ્રાથમિકતા આપે. ગમે એવી કપરી સ્થિતિમાં કે ગમે એવી લાગણીઓ વચ્ચે મેદાન પર પોતાની મનઃસ્થિતિ યથાવત રાખીને પોતાની ટીમને જિતાડવા માટે પૂરી ક્ષમતા અને પૂરી સમજદારી કામે લગાડવી એ જ ખેલાડીની અસલી પરિભાષા છે. પેસ બોલર આકાશ દીપે ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં એવું જ કર્તવ્ય ઑસ્ટ્રેલિયામાં દાખવ્યું.

આકાશ દીપે બોલર તરીકેની પોતાની અસલી જવાબદારી તો નિભાવી, બૅટર તરીકેની કાબેલિયત પણ બતાવી અને ભારતને પરાજયથી બચાવી લીધું.

વાત એવી છે કે ૧૧મી ડિસેમ્બરે આકાશ દીપના કાકા (પપ્પાના મોટા ભાઈ) ભૈરોદયાલ સિંહ (૮૨ વર્ષ)નું નિધન થયું હતું.

૨૮ વર્ષનો આકાશ દીપ બિહારનો છે અને તેના ઘરમાં શોક પાળવામાં આવી રહ્યો હતો ત્યારે આકાશ દીપ ઑસ્ટ્રેલિયામાં પોતાની ફરજ પર હતો.

શનિવાર, ૧૪મી ડિસેમ્બરથી ગૅબાની ટેસ્ટ રમાવાની હોવાથી આકાશ દીપ પ્રૅક્ટિસમાં વ્યસ્ત હતો. કાકાના અવસાનના સમાચાર મળ્યા બાદ એક બાજુ તેના પર પરિવારને આ કપરી પરિસ્થિતિમાં હિંમત અપાવવાની જવાબદારી હતી તો બીજી બાજુ ગૅબામાં ભારતીય ટીમે (ઍડિલેઇડના પરાજય બાદ) વધુ એક હાર ન જોવી પડે એની તકેદારી રાખવાનું કર્તવ્ય પણ તેણે અદા કરવાનું હતું. તેણે બન્ને જવાબદારી બખૂબી નિભાવી હતી.આકાશ



છગ્ગા-ચોક્કાનો વરસાદ વરસાવીને સૌ કોઈને ચકિત કરી દીધા હતા.

આકાશે ૬૦ મિનિટ સુધી એક ગઢ સાચવી રાખીને ૪૪ બૉલમાં એક સિક્સર, બે ફોરની મદદથી બહુમૂલ્ય ૩૧ રન બનાવ્યા હતા, જ્યારે બુમરાહ ૩૮ બૉલમાં એક સિક્સરની મદદથી બનેલા ૧૦ રને અણનમ રહ્યો હતો. બન્ને ફાસ્ટ બોલરની મૅચ-સેવિંગ બૅટિંગ જોઈને ડ્રેસિંગ-રૂમમાં આનંદોત્સવ હતો ત્યારે આકાશ દીપ કાકાના અવસાન બદલ ગમગીન હાલતમાં પણ ભારતને નાલેશીમાંથી બચાવવામાં મગ્ન હતો.

જો ભારતે ફૉલો-ઑન થવું પડ્યું હોત તો વરસાદના વિઘ્નો છતાં ભારતના પરાજયની વધુ સંભાવના હતી.

છેવટે બુધવારે આ ટેસ્ટ ડ્રૉમાં ગઈ હતી અને ભારત-ઑસ્ટ્રેલિયા ૧-૧ની બરાબરીમાં જ રહ્યા. ■

# છેવટે ભારત સામે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે ઝૂકવું જ પડ્યું

## તટસ્થ દેશમાં રમવા વિશેનું ભારતનું હાઈબ્રિડ મૉડેલ સ્વીકારવું પડ્યું

દુબઈઃ આઇસીસીએ સત્તાવાર રીતે કરેલી જાહેરાત મુજબ ભારત અને પાકિસ્તાન ૨૦૨૭ની સાલ સુધી આઇસીસીની ઇવેન્ટમાં પોતપોતાની મૅચો એકમેકને ત્યાં રમવાને બદલે તટસ્થ દેશમાં રમશે. પાકિસ્તાન જો યજમાન હશે તો ભારત પોતાની મૅચો તટસ્થ સ્થળે (મોટા ભાગે યુએઇમાં) રમશે અને જો ભારત યજમાન હશે તો પાકિસ્તાન પોતાની મૅચો કોઈ તટસ્થ દેશમાં એ ટૂર્નામેન્ટની મૅચો રમશે. ટૂંકમાં, ભારતે સૂચવેલું હાઇબ્રિડ મૉડેલ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે છેવટે સ્વીકારવું પડ્યું છે. ફેબ્રુઆરી-માર્ચની ચૅમ્પિયન્સ ટ્રોફી પાકિસ્તાનમાં રમાવાની છે, પરંતુ ભારતની મૅચો મોટા ભાગે યુએઇમાં રમાશે. મોટી મહેસૂલી આવક ગુમાવવી પડશે અને ક્રિકેટ જગતમાંથી પોતે વિખૂટાં પડી જવું પડશે એવા ડરથી પાકિસ્તાન બોર્ડે છેવટે હાઇબ્રિડ મૉડેલ માટે નમવું પડ્યું છે. હાઇબ્રિડ મૉડેલની ગોઠવણ ૨૦૨૮ના મહિલા ટી-૨૦ વર્લ્ડ કપને, ૨૦૨૬ના ભારતમાં રમાનારા વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ તેમજ ભારત-શ્રીલંકામાં સંયુક્ત રીતે મહિલાઓનો ટી-૨૦ વિશ્વ કપને લાગુ પડશે.■

# ફ્લિન્ટૉફે પુત્ર રૉકીને ઑસ્ટ્રેલિયાની ટૂર માટેની ટીમમાં સિલેક્ટ કર્યો!






એજબેસ્ટનઃ કોઈ ખ્યાતનામ ક્રિકેટર-પિતાને સિલેક્ટર કે હેડ-કોચ તરીકે પોતાના પુત્રને ટીમમાં સિલેક્ટ કરવાનું સૌભાગ્ય ભાગ્યે જ મળે. સુનીલ ગાવસકર પછી તેમના પુત્ર રોહનની કરિયર બહુ લાંબી નહોતી ચાલી. સચિન તેંડુલકર પછી હવે તેનો પુત્ર અર્જુન અને રાહુલ દ્રવિડ પછી તેનો દીકરો સમિત ક્રિકેટના મેદાન પર ઊતર્યો છે. આ ત્રણ ભારતીય લેજન્ડમાંથી કોઈ પણ ખેલાડી સિલેક્ટર નથી બન્યા. જોકે ઇંગ્લૅન્ડની વાત કરીએ તો એન્ડ્રયુ ફ્લિન્ટોફને આ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

પેસ બોલિંગ ઑલરાઉન્ડર એન્ડ્રયુ ફ્લિન્ટોફ ૪૭ વર્ષનો છે. ઇંગ્લેન્ડ વતી ૧૯૯૮થી ૨૦૦૯ દરમ્યાન તે કુલ ૨૨૭ આંતરરાષ્ટ્રીય મૅચ રમ્યો હતો જેમાં તેણે કુલ ૭૦૦૦થી વધુ રન બનાવ્યા હતા અને ૪૦૦ જેટલી વિકેટ લીધી હતી. આઇપીએલમાં તે ચેન્નઈ વતી રમ્યો હતો.

એન્ડ્રયુ ફ્લિન્ટોફ ઇંગ્લૅન્ડ લાયન્સ નામની ટીમનો હેડ-કોચ છે. ટીમ સિલેક્શનમાં ખેલાડી પસંદ કરવાની સત્તા પણ મળતી હોવાથી એન્ડ્રયુને પુત્ર રૉકી ફ્લિન્ટોફને ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસ માટેની ટીમમાં સામેલ કરવાનું સૌભાગ્ય મળ્યું છે.

ઑલરાઉન્ડર રૉકી ફ્લિન્ટોફ ૧૬ વર્ષનો છે. તે બૅટર અને પેસ બોલર છે. ઑસ્ટ્રેલિયાના પ્રવાસમાં તેના હેડ-કોચ પિતાની જવાબદારી પુત્ર રૉકી ઉપરાંત ટીમના તમામ યુવા ખેલાડીઓનો પર્ફોર્મન્સ સુધારવાની હશે.

આ મહિનાની શરૂઆતમાં સાઉથ આફ્રિકા ખાતેના પ્રવાસ માટેની ઇંગ્લૅન્ડ લાયન્સ ટીમમાં રોકીનો સમાવેશ છેલ્લી ઘડીએ કરવામાં આવ્યો હતો. હેડ-કોચ તરીકે તેના પિતા એન્ડ્ર્યુની એ પહેલી ટૂર હતી.

રૉકી ફ્લિન્ટોફ ફક્ત ૧૧ ડોમેસ્ટિક મૅચ રમ્યો છે જેમાં તેણે ૨૫૦ જેટલા રન બનાવ્યા છે. ■

### વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં ઓછા ઘટાડાના ફેડરલના સંકેતે વિશ્વ બજાર પાછળ ઈક્વિટીમાં ઓલરાઉન્ડ વેચવાલી

# સેન્સેક્સે વધુ ૯૬૪ પૉઈન્ટના કડાકા સાથે ૮૦,૦૦૦ની સપાટી અને નિફ્ટીએ ૨૪૭ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૪,૦૦૦ની સપાટી ગુમાવી, એફઆઈઆઈની ₹ ૪૨૨૪.૯૨ કરોડની વેચવાલી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વની ગઈકાલે સમાપન થયેલી બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કર્યો હતો, પરંતુ સાથે સાથે વર્ષ ૨૦૨૫માં માત્ર બે વખત જ વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે એવા સંકેતો આપતા ગઈકાલે અમેરિકી બજારમાં કડાકા બોલાઈ ગયા હતા. વધુમાં આજે અમેરિકા પાછળ ભારત સહિત એશિયન બજારોમાં તેમ જ યુરોપનાં બજારોમાં પણ કડાકા બોલાઈ ગયા હતા. સ્થાનિકમાં આજે ઓલરાઉન્ડ વેચવાલીના દબાણ હેઠળ બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સે ૯૬૪.૧૫ પૉઈન્ટના ગાબડાં સાથે ૮૦,૦૦૦ પૉઈન્ટની સપાટી અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીએ ૨૪૭.૧૫ પૉઈન્ટના કડાકા સાથે ૨૪,૦૦૦ની સપાટી ગુમાવી હતી. વધુમાં આજે સ્થાનિકમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વધુ રૂ. ૪૨૨૪.૯૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહેતાં ગબડતી બજારને ઢાળ મળ્યો હતો. જોકે, આજે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૩૯૪૩.૨૪ કરોડની ચોખ્ખી ખરીદી રહેતાં અમુક અંશે ટેકો પણ મળ્યો હતો.




આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૦,૧૮૨.૨૦ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૭૯,૦૨૯.૦૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૭૯,૦૨૦.૦૮ અને ઉપરમાં ૭૯,૫૧૬.૧૭ની રેન્જમાં અથડાઈને અંતે ૯૬૪.૧૫ પૉઈન્ટના ઘટાડા સાથે ૮૦,૦૦૦ની સપાટી ગુમાવીને ૭૯,૨૧૮.૦૫ના મથાળે બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૪૧૯૮.૮૫ના બંધ સામે ૨૩,૮૭૭.૧૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૩,૮૭૦.૩૦ અને ઉપરમાં ૨૪,૦૦૪.૯૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૨૩,૦૦૦ની સપાટી ગુમાવીને ૨૩,૯૫૧.૭૦ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે છેલ્લાં ચાર સત્રમાં સેન્સેક્સમાં ૨૯૧૫.૦૭ પૉઈન્ટનો અથવા તો ૩.૫૪ ટકાનો અને નિફ્ટીમાં ૮૧૬.૬ પૉઈન્ટ અથવા તો ૩.૨૯ ટકાનો કડાકો બોલાઈ ગયો છે. આ ચાર સત્રમાં રોકાણકારોની સંપત્તિમાં ૯.૬૫ લાખ કરોડનું ધોવાણ થઈ ગયું છે.

અમેરિકી ફેડરલ રિઝર્વના આગામી વર્ષે તંગ નાણાનીતિના સંકેતે ધ્યાનમાં લઈ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક બજારમાં ઓલરાઉન્ડ વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. જોકે, આજે બૅન્ક ઑફ જાપાને વ્યાજદર યથાવત્ રાખતા વૈશ્વિક અર્થશાસ્ત્રીઓએ આશ્ચર્ય અનુભવ્યું હોવાથી વૈશ્વિક સ્તરે વેચવાલીનું દબાણ થોડું ઓછું હતું. તેમ છતાં આજે સ્થાનિક સ્તરે વિશ્વ બજાર પાછળ સાર્વત્રિક સ્તરે વેચવાલી અને તેમાં એફઆઈઆઈની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતા ગબડતા આંકને ઢાળ મળ્યો હતો. જોકે, આજે માત્ર ફાર્મા સેક્ટરના શૅરો અને હિન્દુસ્તાન યુનીલિવરમાં લેવાલી જળવાઈ રહી હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિસીસના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.


આગામી વર્ષ માટેની નાણાનીતિ અંગે ફેડરલના સંકેતો સાથે ટ્રેઝરીની યિલ્ડમાં વધારો અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં ભારત સહિતના વૈશ્વિક બજારમાં પીછેહઠ જોવા મળતાં સ્થાનિક બૅન્ચમાર્કોએ મનોવૈજ્ઞાનિક સપાટી ગુમાવી હોવાનું મહેતા ઈક્વિટીઝ લિ.ના રિસર્ચ વિભાગના વાઈસ પ્રેસિડૅન્ટ પ્રશાંત તાપસેએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આજે ડૉલર સામે રૂપિયો પણ ૧૬ પૈસા તૂટીને ૮૫.૧૬ના મથાળે બંધ રહ્યો હતો.

એકંદરે આજે બીએસઈ ખાતે કુલ ૪૦૯૫ શૅરોમાં કામકાજ થયા હતા. જેમાંથી ૧૫૮૯ શૅરના ભાવ વધીને, ૨૪૧૪ શૅરના ભાવ ઘટીને અને ૯૨ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૨૨૧ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૫૬ શૅરના ભાવ બાવન સપ્તાહની નીચી સપાટીએ બંધ રહ્યા હતા.

વધુમાં આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૧૪ શૅરના ભાવ વધીને અને ૩૬ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર સન ફાર્મા, હિન્દુસ્તાન યુનીલિવર અને પાવરગ્રીડ કોર્પોરેશનના શૅરના ભાવમાં અનુક્રમે ૧.૨૮ ટકાનો, ૦.૧૧ ટકાનો અને ૦.૦૯ ટકાનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ ૨૭ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્યત્વે બજાજ ફિનસર્વમાં ૨.૪૮ ટકાનો, જેએસડબ્લ્યુ સ્ટીલમાં ૨.૨૮ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં ૨.૨૫ ટકાનો, બજાજ ફાઈનાન્સમાં ૨.૨૩ ટકાનો, આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૨.૦૧ ટકાનો અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ૧.૭૯ ટકાનો ઘટાડો આવ્યો હતો.

વધુમાં આજે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં માત્ર હૅલ્થકૅર ઈન્ડેક્સમાં ૦.૮૯ ટકાનો સુધારો આવ્યો હતો. આ સિવાયના તમામ ઈન્ડેક્સ ઘટીને બંધ રહ્યા હતા, જેમાં મુખ્યત્વે બૅન્કેક્સમાં ૧.૧૬ ટકાનો, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૧.૧૫ ટકાનો, આઈટી ઈન્ડેક્સમાં ૧.૧૩ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૦૭ ટકાનો, પીબીઆઈ ઈન્ડેક્સમાં ૧.૦૬ ટકાનો અને ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૧.૦૫ ટકાનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે બીએસઈ ખાતે સ્મોલકેપ અને મિડકેપ ઈન્ડેક્સમાં અનુક્રમે ૦.૩૦ ટકાનો અને ૦.૨૮ ટકાનો ઘટાડો આવ્યો હતો. દરમિયાન આજે વૈશ્વિક સ્તરે એશિયન બજારમાં સિઉલ, ટોકિયો, શાંઘાઈ અને હૉંગકૉન્ગની બજાર નરમાઈના અન્ડરટોને બંધ રહી હતી. તેમ જ યુરોપની બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૦૮ ટકા ઘટીને બેરલદીઠ ૭૩.૩૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

## ડૉલર સામે રૂપિયાએ ૧૪ પૈસાના કડાકા સાથે ૮૫ની સપાટી કુદાવી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે આગામી વર્ષ ૨૦૨૫માં આક્રમક નાણાનીતિ રાખવાની સાથે વ્યાજદરની કપાતમાં સાવચેતીનો અભિગમ અપનાવવામાં આવે તેવા સંકેતો આપતા ડૉલર ઈન્ડેક્સમાં જોવા મળેલા મજબૂત વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં જળવાઈ રહેલી વેચવાલી, આયાતકારો તથા વિદેશી બૅન્કોની ડૉલરમાં માગ જેવાં કારણોસર આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસાના કડાકા સાથે ૮૫ પૈસાની સપાટી પાર કરીને ૮૫.૧૦ના મથાળે બંધ રહ્યો હતો.આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૪.૯૪ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૦૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૧૦ અને ઉપરમાં ૮૪.૯૯ની રેન્જમાં અથડાઈને અંતે ૧૬ પૈસાના ગાબડાં સાથે ૮૫.૧૦ની નવી ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો.

અત્રે નોંધનીય બાબત એ છે કે અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે અપેક્ષાનુસાર વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો, પરંતુ આગામી વર્ષ ૨૦૨૫માં નવા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનાં વહીવટીતંત્રમાં ફુગાવામાં વધારાની ભીતિને ધ્યાનમાં લેતા વર્ષ દરમિયાન માત્ર બે વખત જ વ્યાજદરમાં કપાત થવાનો અંદાજ મૂકતા ડૉલર ઈન્ડેક્સ મજબૂત થયો હતો અને રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ શેરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે રિઝર્વ બૅન્કે બજારમાં હસ્તક્ષેપ કર્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો. જોકે, હવે ટ્રેડરોની નજર અમેરિકાના જાહેર થનારા જીડીપીના અને રોજગારીના ડેટા પર સ્થિર થઈ છે. તેમ છતાં અમારા મતે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૮૫.૦૯થી ૮૫.૨૫ આસપાસની રેન્જમાં જોવા મળે તેવી શક્યતા છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધ્યા મથાળેથી ૦.૧૩ ટકાના ઘટાડા સાથે ૧૦૭.૮૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. આ સિવાય સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૯૬૪.૧૫ પૉઈન્ટનો અને ૨૪૭.૧૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૩૧૬.૮૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૫ ટકા ઘટીને બેરલદીઠ ૭૩.૩૫ ડૉલર ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ સંભવિતપણે રિઝર્વ બૅન્કનો હાજર બજારમાં હસ્તક્ષેપ રહેતાં રૂપિયાનો થોડોઘણો ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સ્થાનિક સોનામાં ₹ ૬૪૫નો અને ચાંદીમાં ₹ ૨૦૨૫નો કડાકો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વે ગઈકાલે સમાપન થયેલી બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં અપેક્ષાનુસાર ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂક્યો હતો, પરંતુ આગામી વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં વધુ કપાતની શક્યતાઓ ઓછી હોવાના નિર્દેશો સાથે માત્ર બે વખત જ કપાત મૂકવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરી હતી. આમ હવે પછી વ્યાજદરમાં ઓછી કપાતની શક્યતાને ધ્યાનમાં લેતા ગઈકાલે રાત્રે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે એક તબક્કે સોનાના ભાવ એક મહિનાની નીચી સપાટી સુધી ગબડી ગયા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર ભાવમાં ઘટ્યા મથાળેથી ૧.૧ ટકાનું બાઉન્સબૅક જોવા મળ્યું હતું, જ્યારે વાયદામાં ભાવ વધુ ૦.૮ ટકા ઘટીને ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ ચાંદીમાં પણ ઘટ્યા મથાળેથી ૦.૫ ટકાનો સુધારો દર્શાવાઈ રહ્યો હતો.



સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલો સાથે બન્ને કિંમતી ધાતુઓનાં ભાવમાં કડાકા બોલાઈ ગયા હતા, જેમાં ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૨૦૨૫ ગબડીને રૂ. ૮૮,૦૦૦ની સપાટીની અંદર ઊતરી ગયા હતા, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૪૨થી ૬૪૫નું ગાબડું પડ્યું હતું, જેમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૭૬,૦૦૦ની અંદર ઊતરી ગયા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા ગબડ્યો હોવાથી સ્થાનિક સ્તરે સોનાની આયાત પડતરો વધવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો પ્રમાણમાં મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૦૨૫ના ઘટાડા સાથે રૂ. ૮૭,૦૩૫ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં સ્ટોકિસ્ટો અને રોકાણકારોની વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૬૪૨ તૂટીને રૂ. ૭૫,૭૦૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૬૪૫ના ઘટાડા સાથે રૂ. ૭૬,૦૧૩ના મથાળે રહ્યા હતા.

દરમિયાન ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જેરૉમ પૉવેલનાં આગામી વર્ષે વ્યાજદરમાં ઓછી કપાતની શક્યતાના અણસાર સાથે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ ખાતે હાજરમાં સોનાના ભાવ એક તક્કે ઘટીને ગત ૧૮ નવેમ્બર પછીની સૌથી નીચી સપાટી સુધી ગબડી ગયા હતા. જોકે, આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઘટ્યા મથાળેથી ૧.૧ ટકાના સુધારા સાથે ઔંસદીઠ ૨૬૧૭.૧૪ ડૉલર ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે વાયદામાં ભાવ ૦.૮ ટકા ઘટીને ૨૬૩૧.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા અને ચાંદીના ભાવ ૦.૫ ટકા વધીને ઔંસદીઠ ૨૯.૫૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વના અધ્યક્ષે બે દિવસીય બેઠક પશ્ચાત્ જણાવ્યું હતું કે ઊંચા ફુગાવાની ચિંતા ઉપરાંત નવા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિ અંગેની અનિશ્ચિતતાને ધ્યાનમાં લેતાં આગામી વર્ષ ૨૦૨૫માં માત્ર બે વખત વ્યાજદરમાં કપાતની શક્યતા અમે જોઈ રહ્યા છીએ. આમ ફેડરલ રિઝર્વ વ્યાજદરના નિર્ણય માટે ડેટા અવલંબિત છે અને જો ટ્રમ્પની નીતિઓ ફુગાવા પ્રેરિત હશે તો વ્યાજદરમાં કપાતની શક્યતા વધુ ધૂંધળી બનશે, એમ ઓએએનડીએનાં એશિયા પેસિફિક વિભાગના વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું. આમ હવે આગામી જાન્યુઆરી મહિનાની બેઠકમાં ફેડરલ વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા બજાર વર્તુળો જોઈ રહ્યા છે.

સામાન્યપણે રેટ કટના સંજોગોમાં સોના જેવી અસ્ક્યામતોમાં માગને ટેકે સુધારો જોવા મળતો હોય છે, પરંતુ આજે વેચાણો કપાતા ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો જોવા મળી રહ્યો હોવાનું કેડિયા કૉમૉડિટીઝનાં ડિરેક્ટર અજય કેડિયાએ જણાવ્યું હતું. જોકે, હવે ટ્રેડરોની નજર આગામી શુક્રવારે જાહેર થનારા અમેરિકાનાં જીડીપીનાં તથા બેરોજગારી ભથ્થુ મેળવવા માટેની અરજી કરનારાઓની સંખ્યાના ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### મથકો પાછળ સિંગતેલમાં રૂ. ૧૦નો ઘટાડો

# ઈન્ડોનેશિયા જાન્યુઆરીથી ફરજિયાત બી૪૦ બાયોડિઝલ ધોરણ અપનાવશે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના જાન્યુઆરી અને માર્ચ વાયદામાં અનુક્રમે ૧૦૭ અને ૧૦૨ સેન્ટનો ઘટાડો આવ્યના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના ફેબ્રુઆરી મહિનામાં ૨૪ રિંગિટનો સુધારો અને માર્ચ વાયદામાં ૧૭ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. વધુમાં આજે ગુજરાતના મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૪૦ અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ ઘટી આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક તેમ જ મિશ્ર અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં દેશી-આયાતી તેલમાં ઘટાડો આગળ ધપ્યો હતો. આજે સ્થાનિકમાં સોયા રિફાઈન્ડના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ ઘટી આવ્યા હતા, જ્યારે સન રિફાઈન્ડ, સિંગતેલ, કપાસિયા રિફાઈન્ડ અને સરસવના ભાવમાં રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર આરબીડી પામોલિનમાં ટકેલું વલણ રહ્યું હતું. પ્રાપ્ત અહેવાલ અનુસાર આગામી જાન્યુઆરી મહિનાથી ઈન્ડોનેશિયા ફરજિયાતપણે બી૪૦-બાયોડિઝલ ધોરણોનો અમલ કરી રહ્યું હોવાથી પામતેલ પરની નિકાસ જકાત વધારીને ૧૦ ટકા કરવાનો પ્રસ્તાવ ઈન્ડોનેશિયાના ઈકોનોમિક મિનિસ્ટરે જણાવ્યું હતું. જોકે નિકાસ જકાતમાં વધારાના પ્રસ્તાવને હજુ નાણાં મંત્રાલયની મંજૂરી બાકી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના રિફાઈન્ડ સોયાબીન તેલના ભાવ રૂ. ૧૨૪૦થી ૧૨૫૦, ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૨૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦ તથા ગોકુલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫થી ૧૨૬૫ અને આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારનો અભાવ હતો.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦, સન રિફાઈન્ડના રૂ. ૧૩૩૦, સિંગતેલના રૂ. ૧૪૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૦ અને સરસવના રૂ. ૧૩૭૦ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૪૦ ઘટીને રૂ. ૨૨૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ ઘટીને રૂ. ૧૪૦૦માં થયાના અહેવાલ હતા.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૧૬ની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૩૫૦થી ૩૪૦૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ નબળી રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૬નો ઘટાડો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગને ટેકે ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલીને ટેકે ભાવ ટકેલા રહ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં લગભગ ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ અંદાજે ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં મર્યાદિત માગ અને અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટ્લે રૂ. ૧૬ના ઘટાડા સાથે રૂ. ૩૫૨૨થી ૩૬૪૬માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ જળવાઈ રહેતાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૨૬થી ૩૭૯૦માં ટકેલા ધોરણે થયા હતા. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૩૦થી ૩૪૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૧૦થી ૩૫૮૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ટીન અને નિકલની આગેવાની હેઠળ ધાતુમાં જળવાતી પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીનની આર્થિક વૃદ્ધિની ચિંતા હેઠળ આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીન અને નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૩૫નો ઘટાડો આગળ ધપ્યો હતો. જોકે, આજે માત્ર બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ટીન અને નિકલમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૩૫ ઘટીને રૂ. ૨૫૧૮ અને રૂ. ૧૩ ઘટીને રૂ. ૧૩૩૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ટીન અને નિકલની આગેવાની હેઠળ અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં જે ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૭૭૮, રૂ. ૭૭૨ અને રૂ. ૮૦૮, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૭૬૭, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૭૨૦ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૫૦૭ અને રૂ. ૨૪૫ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૫૬૦, રૂ. ૧૯૩, રૂ. ૨૮૪ અને રૂ. ૧૮૫ના મથાળે ટકેલા રહ્યા હતા.





**રાજકોટમાં આજી ડેમ ચોકડી નજીક અકસ્માતઃ** રાજકોટમાં આજી ડેમ ચોકડી નજીક ડમ્પર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈકચાલકનું મોત નીપજ્યું હતું. રાજકોટ ભાવનગર રોડ રવિવારી બજાર આજી ડેમ પાસે અજાણ્યા ડમ્પર ચાલકે બાઈકચાલકને અડફેટે લેતાં સર્જાયેલા અકસ્માતમાં બાઈકચાલક આધેડનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છમાં ત્રણ દિવસ કોલ્ડવેવની આગાહીઃ નલિયામાં લઘુતમ તાપમાન ૫.૭ ડિગ્રી નોંધાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સમગ્ર રાજ્યની સાથે રણપ્રદેશ કચ્છમાં છેલ્લા દસ દિવસથી પડી રહેલી હાડ થિજાવતી ઠંડીના મારથી જનજીવન પ્રભાવિત થવા લાગ્યું છે. અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં ફ્રીઝીંગ કોલ્ડવેવની પરિસ્થિતિ ઊભી થઈ રહી હોય તેમ બુધવારે લઘુતમ તાપમાન ૫.૭ ડિગ્રી સે.પર પહોંચી જતાં લોકો કાતિલ ઠારનો અનુભવ કરી રહ્યા છે. નોંધનીય બાબત એ છે કે, નલિયાનું ન્યુનતમ તાપમાન યુક્રેનની રાજધાની કીવની સમકક્ષ રહ્યું હતું.

જમ્મુ-કાશ્મીર સહિતનાં ઉત્તર ભારતનાં રાજ્યોમાં સતત થઈ રહેલી હિમવર્ષાને કારણે મેદાની વિસ્તારોમાંથી ફૂંકાઈ રહેલા બર્ફીલા વાયરાએ કચ્છને રીતસર બાનમાં લઈ લીધું છે અને લોકોને સતત ગરમ વસ્ત્રોમાં જ લપેટાયેલું રહેવું પડી રહ્યું છે. ભરબપોરે પણ ઠંડી અનુભવાઈ રહી છે. શિયાળાને પગલે સૂર્યાસ્ત વહેલો થઈ જતો હોઈ ગ્રામીણ વિસ્તારોમાં સાત વાગ્યા બાદ સ્વયંભૂ કર્ફ્યૂ સમાન સ્થિતિ જોવા મળી રહી છે. મૂગાં પશુઓ પણ ઠારથી રક્ષણ મેળવવા સુરક્ષિત આશ્રય સ્થાનો શોધી લેતાં હોઈ સવાર સુધી રસ્તાઓ પર કોઈ જાતની ચહલપહલ પણ જોવા મળતી નથી.

જિલ્લા મથક ભુજમાં બુધવારે લઘુતમ તાપમાન ૧૧.૪ ડિગ્રી સે. પર સ્થિર રહેવા પામ્યું હતું. પૂર્વ કચ્છના ગાંધીધામ, આદિપુર, અંજાર સહિત કંડલા સંકુલ તેમ જ આસપાસના વિસ્તારોમાં પણ ઠંડીનો સારો એવો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગે આગામી બેથી ત્રણ દિવસ કોલ્ડવેવ રહેવાની આગાહી કરી છે.

દરમ્યાન, કચ્છમાં પડી રહેલી ઠંડીએ કચ્છમાં હાલ પહોંચેલાં યાયાવર પક્ષીઓનો ભોગ લેવાનું પણ શરૂ કર્યું છે. અબડાસા અને લખપતના રણકાંધીના વિસ્તારોમાં મોટી સંખ્યામાં પંખીઓ થીજી જઈને મોતને ભેટ્યાં હોવાનું જાણવા મળે છે. ■

# સૌરાષ્ટ્રમાં ઠંડીમાં વધારો થવાની આગાહીઃ રાજકોટ અને પોરબંદરમાં યલો એલર્ટ જાહેર કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હવામાન વિભાગે સૌરાષ્ટ્રના જુદા-જુદા જિલ્લાઓમાં ઠંડીનું જોર વધવાની આગાહી કરી હતી.

રાજકોટ અને પોરબંદરમાં કોલ્ડવેવ સાથે ઠંડીનું યલો એલર્ટ જાહેર કર્યું હતું.ઉત્તર-મધ્યમ ગુજરાત તથા દક્ષિણ ગુજરાતના ભાગોમાં લઘુતમ તાપમાનમાં એકથી બે ડિગ્રી વધારો થવાની સંભાવના પણ દર્શાવી હતી.

પોરબંદરમાં સામાન્ય લઘુતમ તાપમાન કરતાં ૪.૯ ડિગ્રી સેલ્સિયસ ઓછું લઘુતમ તાપમાન નોંધાયું હતું પોરબંદરમાં બુધવારે આ વર્ષનું સૌથી ઓછું ૧૦.૯ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

રાજકોટમાં ૧૦.૮ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું.

ઉત્તર ભારતના ઠંડા પવનો સૌરાષ્ટ્ર તરફ આવી રહ્યા છે, જેથી સૌરાષ્ટ્રના જિલ્લાઓના લઘુતમ તાપમાનમાં એકથી બે ડિગ્રીનો ઘટાડો નોંધાઈ શકે છે. આ ઉપરાંત પોરબંદર અને રાજકોટમાં ઠંડીનું યલો એલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે.

પોરબંદર જિલ્લામાં પણ ઠંડીનું જોર વધ્યું છે. આ પાછળનું મુખ્ય કારણ ઉત્તર-પૂર્વ તરફથી હિમાલયના હિમવર્ષા બાદના ઠંડા પવનોનું ગુજરાત તરફનું આગમન છે. એના કારણે જ સૌરાષ્ટ્રના જુદા-જુદા જિલ્લાઓમાં ઠંડીનું જોર વધ્યું છે. હજુ પણ આગામી ૪૮ કલાક સૌરાષ્ટ્રમાં ઠંડા પવનોને કારણે ઠંડી વધવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. ■

# અમિત શાહે આંબેડકર મુદ્દે આપેલા નિવેદન બાદ ગુજરાતમાં આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસનું વિરોધ પ્રદર્શન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે રાજ્યસભામાં ડૉ. બાબસાહેબ આંબેડકર મુદ્દે આપેલા નિવેદન બાદ દેશમાં વિપક્ષ દ્વારા ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં પણ આમ આદમી પાર્ટી અને કૉંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈ દ્વારા અમદાવાદ, રાજકોટ, વડોદરા, પાટણ, જામનગર સહિત અનેક જિલ્લાઓમાં વિરોધ પ્રદર્શન કર્યાં હતાં.

કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહના નિવેદન બાદ દેશમાં વિપક્ષ દ્વારા ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં કૉંગ્રેસની વિદ્યાર્થી પાંખ એનએસયુઆઈ અને આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી પાસે એનએસયુઆઈ દ્વારા વિરોધ થાય તે પહેલાં જ સમગ્ર વિસ્તાર પોલીસ છાવણીમાં ફેરવાઈ ગયો હતો. એનએસયુઆઈના કાર્યકરો હાથમાં બેનર સાથે વિરોધ કરવા ગુજરાત યુનિવર્સિટી પહોંચ્યા ત્યાં જ પોલીસે તેમની ટીંગાટોળી કરીને અટકાયત કરી લીધી હતી. આ દરમિયાન પોલીસની હાજરીમાં જ કાર્યકરો પોલીસવાન પર ચઢી ગયા હતા.

રાજકોટ શહેરના કોટેચા ચોક ખાતે પણ એનએસયુઆઈ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અમિત શાહ માફી માગે લખેલાં બેનર દર્શાવી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. બાબાસાહેબના ફોટા સાથે રસ્તા પર બેસી જઈને રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું. જેના લીધે કોટેચા સર્કલ, કાલાવડ રોડ પર ટ્રાફિક સર્જાયો હતો. પોલીસે ૧૦ જેટલા કાર્યકર્તાની અટકાયત કરી હતી. રાજકોટના દલિત આગેવાન શૈલેષ મોભેરાએ જણાવ્યું હતું કે, દેશના ગૃહપ્રધાન અમિત શાહના નિવેદનથી સમગ્ર દલિત સમાજની લાગણી દુભાઈ છે. રાજકોટ કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું છે અને અમિત શાહ સમગ્ર દલિત સમાજની જાહેરમાં માફી માગે તેવી અમારી માગ છે. જો ગૃહપ્રધાન માફી નહીં માગે તો ૪૮ કલાક બાદ રાજકોટના સિવિલ હૉસ્પિટલ ચોક ખાતે બાબા સાહેબના પૂતળા પાસે આત્મવિલોપન કરીશ.

જૂનાગઢમાં આમ આદમી પાર્ટી અને સ્વયં સૈનિક દળ દ્વારા અમિત શાહના નિવેદન પર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ અંગે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. સ્વયં સૈનિક દળ દ્વારા બાઈક રૅલી યોજી કાળવા ખાતે ધરણા યોજવામાં આવ્યા હતા. જામનગર શહેરના લાલ બંગલા સર્કલ ખાતે કૉંગ્રેસ દ્વારા ગૃહપ્રધાન અમિત શાહ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી હાથમાં વિવિધ બેનરો રાખીને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આમ આદમી પાર્ટીએ ગાંધીનગરમાં રૅલી યોજીને અમિત શાહના રાજીનામાની માગ સાથે કલેક્ટરને આવેદન આપ્યું હતું.

સમસ્ત આંબેડકરી બૌદ્ધ સમાજના નેજા હેઠળ સુરત ખાતે ધરણાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા શહેરમાં પણ કૉંગ્રેસ અને એનએસયુઆઈ દ્વારા બે સ્થળોએ રોડ પર ચક્કાજામ કરવામાં આવ્યો હતો અને ગૃહપ્રધાનની માફીની સાથે સાથે તેમના રાજીનામાની પણ માગ કરી હતી. ■





**રાજકોટમાં ભાજપ અને એનએસયુઆઈનું વિરોધ પ્રદર્શનઃ** કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ દ્વારા બાબાસાહેબ આંબેડકર પર કરવામાં આવેલી ટિપ્પણી મુદ્દે રાજકોટમાં એનએસયુઆઈ દ્વારા કોટેચા ચોક ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં અમિત શાહ માફી માગે અને વિવિધ બેનર દર્શાવી વિરોધ દર્શાવવામાં આવ્યો હતો. બાબાસાહેબ આંબેડકરના ફોટા સાથે રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું. પ્રદર્શનના લીધે ટ્રાફિક જામ સર્જાયો હતો, બાદમાં પોલીસે ટીંગાટોળી કરી ૧૦ જેટલા કાર્યકર્તાની અટકાયત કરી હતી. બીજી તરફ ભાજપે પણ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહનું રાજીનામું માગનાર કૉંગ્રેસનો વિરોધ કર્યો હતો. (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# રાજકોટની હૉસ્પિટલના ડૉક્ટરે જૂનાગઢની યુવતીનું ડાબા સાથે જમણા પગનું પણ ઓપરેશન કરી નાખ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં યુનિકેર હૉસ્પિટલમાં પગનાં દુઃખાવાની સારવાર માટે ગયેલી ૨૦ વર્ષીય યુવતીના ડાબા પગની સાથે જમણા પગનું પણ ઓપરેશન કરી દેવાયું હતું. આ ઘટના મુદ્દે યુવતીએ ડૉ. જીગીશ દોશી સામે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવી હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે રાજકોટમાં યુનિકેર હૉસ્પિટલનાં ડૉ. જીગીશ દોશી સામે સપનાબેન પટોડિયા નામની યુવતીએ ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. સપનાબેને પોલીસને જણાવ્યું હતું કે, આશરે ૧૦ વર્ષ પહેલા જૂનાગઢમાં ગણેશ વિસર્જન સમયે ટ્રક પલટી ખાઈ જતાં મને ડાબા પગે સામાન્ય ઈજા પહોંચી હતી, પરંતુ તે વખતે સારવાર લીધી ન હતી. ડાબા પગે ગોઠણથી નીચેના ભાગે દુઃખાવો શરૂ થયો હોવાથી જૂનાગઢમાં ડૉક્ટરોને બતાવ્યું હતું અને રિપોર્ટ કરાવ્યા બાદ ડૉક્ટરે ડાબા પગે લોહીની ગાંઠ થઈ ગઈ છે તમારે સારવાર માટે વાસ્ક્યુલર સર્જનને બતાવવું પડશે તેમ કહ્યું હતું.

ત્યાર બાદ ઈન્ટરનેટ પર સર્ચ કર્યા બાદ મને રાજકોટની યુનિકેર હૉસ્પિટલનું સરનામું મળ્યું હતું. મેં રાજકોટ રહેતા સંબંધીને ફોન કરી આયુષ્યમાન કાર્ડ દ્વારા તે હૉસ્પિટલમાં સર્જરી કરી અપાય છે કે કેમ તેની તપાસ કરાવી હતી. ત્યારે સંબંધીએ તપાસ કરીને મને તમામ માહિતી આપી હતી.

ત્રીજી એપ્રિલ ૨૦૨૪ના રોજ આ યુવતી યુનિકેર હૉસ્પિટલ પહોંચી હતી. જ્યાં ડૉ. જીગીશ દોશીએ તેને દવાથી સારું થતું ન હોય તો ઓપરેશન કરાવવું પડશે તેમ જણાવ્યું હતું. જ્યારે ઓપરેશન કરાવવું હોય ત્યારે મને જણાવો હું તમને તારીખ અને ટાઈમ આપી દઈશ. યુવતીને પગનો દુઃખાવો વધુ થતો હોવાથી ૨૪-૪-૨૦૨૪ના યુનિકેર હૉસ્પિટલમાં દાખલ થઈ હતી. જ્યા જરૂરી ટેસ્ટ અને રિપોર્ટ કરીને ડૉ. દોશીએ તા. ૨૫-૪-૨૦૨૪નાં તેના ડાબા પગનું ઓપરેશન કર્યું હતું. બાદમાં તેમણે યુવતીના પિતાને જણાવ્યું હતું કે, તમારી દીકરીને જમણા પગમાં પણ નાની ગાંઠ હતી. તેનું પણ ઓપરેશન કરી દીધું છે.

પીડિત યુવતીએ વધુમાં જણાવ્યું હતું કે, 'મને હૉસ્પિટલમાંથી ૨૬મી એપ્રિલના રજા અપાતાં હું ઘરે ગઈ હતી. ઓપરેશન બાદ ડાબા પગમાં સારુ થઈ ગયું હતું. પરંતુ જમણાં પગમાં દુઃખાવો થતો હોવાથી ફરી હૉસ્પિટલ પહોંચી હતી. જ્યાં ડૉ. દોશીએ જણાવ્યું હતું કે, તમે આરામ કરો છ મહિનામાં સારું થઈ જશે, પરંતુ સારુ નહીં થતાં મેં ફરી જૂનાગઢમાં તબીબને બતાવી એમ.આર.આઈ. કરાવતાં તબીબે જણાવ્યું હતું કે ઓપરેશન વખતે જમણા પગમાં કોઈ ભૂલ થવાથી ગોઠણની નીચેના ભાગે આવતી નસ થોડી દૂર જતી રહી છે. જેથી તમને દુઃખાવો થાય છે. બીજી તરફ તબીબી તપાસ કમિટીએ અભિપ્રાય આપ્યો હતો કે, દર્દીના જમણા પગમાં કરવામાં આવેલા ઓપરેશન અંગે સારવાર કરનાર તબીબની બેદરકારી નકારી શકાય નહીં. ઓપરેશનનું કારણ શંકાસ્પદ જણાય છે. ■

# મોરબીના વેપારીઓનાં ફસાયેલાં નાણાં પરત લાવવા મેગા ડ્રાઈવ ચલાવાશેઃ ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવી


(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉદ્યોગકારોને સુરક્ષિત અને સલામત વાતાવરણ મળી રહ્યું છે. મોરબી સીરામીક ઇન્ડસ્ટ્રીમાં ઉદ્યોગકારોને વિશ્વાસમાં લઈને થતી છેતરપિંડી અટકાવવા તથા ફસાયેલાં નાણાં પરત અપાવવા સહિતની કાર્યવાહી માટે ગૃહ રાજ્યપ્રધાન હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં મોરબી જિલ્લા પોલીસ 'સીટ'ની રચના કરવામાં આવી હતી.

આ સીટ દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન મોરબી સીરામીક તથા અન્ય ઉદ્યોગોના વેપારીઓના ફસાયેલાં ૧૯ કરોડથી વધુ નાણાં પરત કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું કે, કરોડોનો ઉદ્યોગ અને લાખોની રોજગારી પૂરી પાડવાની સાથે દેશમાં સૌથી ઝડપી વિકાસ પામનાર શહેર મોરબી છે. મોરબીના સૌ નાનામાં નાના વેપારીથી લઈને ઉદ્યોગપતિઓને તમામ પ્રકારનો સહયોગ આપી વેપાર-ઉદ્યોગને રક્ષણ આપવા સહિત જરૂરી બળ પૂરું પાડવા સરકાર હંમેશા તત્પર છે.

તેમણે કહ્યું હતું કે, વેપારીઓને તાત્કાલિક પોલીસ મદદ મળે તેમ જ તેમની ફરિયાદ અને રજૂઆતો બાબતે ઝડપી કાર્યવાહી થાય તે માટે એક વર્ષ પહેલાં રચાયેલી 'સીટ'થી વેપારીઓને રક્ષણ તો મળ્યું જ છે. મોરબી 'સીટ'ની ટીમે કેરલ, મહારાષ્ટ્ર, તામિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ સહિતનાં વિવિધ રાજ્યોમાં આ તપાસ માટે પહોંચી ચૂકી છે. જેને પરિણામે હવે ચીટર ટોળકીઓમાં ગભરાટ ઊભો થઈ ગયો છે અને ગુજરાતના વેપારીઓના ફસાયેલા રૂપિયા પરત આવવા લાગ્યા છે.

વેપારીઓને વિશ્વાસ આપતાં તેમણે કહ્યું હતું કે, હજુ જે વેપારીઓના પૈસા ફસાયેલા છે અને અરજીઓ એસઆઈટી પાસે પેન્ડિંગ છે તેના નિરાકરણ માટે આગામી સમયમાં એક મહિનાની મેગા ડ્રાઇવ ચલાવવામાં આવશે. એક્સ્ટ્રા ફોર્સ સાથે ટીમોને અલગ-અલગ રાજ્યોમાં તપાસ માટે મોકલી સૌ વેપારીઓનાં ફસાયેલાં નાણાં પરત કરાવવામાં આવશે. તેમ જ મંત્રીએ વેપારીઓને સલાહ આપી હતી કે, ધંધાની લાલચમાં એવા કોઈ ચીટર વેપારીઓને માલ ન આપવો જેથી કરીને ભવિષ્યમાં રૂપિયા ફસાય નહીં. ■



**ભાવનગરમાં પોલીસ બેડાનું ઈન્સ્પેક્શન હાથ ધરાયુંઃ** ભાવનગર રેન્જ આઈ.જી.પી. ગૌતમ પરમાર દ્વારા ભાવનગર જિલ્લા પોલીસ બેડાનું ઈન્સ્પેક્શન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ હેડ ક્વાર્ટર ખાતે આઈ.જી.પી.એ પોલીસ વિભાગની વિવિધ પરેડ ટુકડીઓનું નિરીક્ષણ કર્યું હતું અને સલામી ઝીલી હતી. પરેડની સાથોસાથ અશ્વદળ, ડોગ સ્ક્વોડ સહિતની સ્ક્વોડનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. પોલીસ પરેડ કાર્યક્રમમાં એસ.પી. હર્ષદ પટેલ સહિતના પોલીસ અધિકારીઓ તેમ જ પોલીસ વિભાગની વિવિધ ટુકડીઓએ ભાગ લીધો હતો. (તસવીરઃ વિપુલ હિરાણી- ભાવનગર)

## કચ્છમાં ખનીજચોરી સામે કાર્યવાહી

# ત્રણ સ્થળે દરોડા પાડી ૧.30 કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો

ભુજઃ કચ્છમાં બેફામ બનતી જતી ખનીજ ચોરીની પ્રવૃત્તિ પર લગામ કસવા માટે શરૂ કરવામાં આવેલી ખાસ ઝુંબેશ આગળ વધી હોય તેમ બુધવારે રાત્રીના વાગડ, બંદરીય મુંદરા અને કંડલામાં ગેરકાયદેસર ખનીજનું વહન કરનારાં વાહનો ઉપર કાયદાનો કોરડો વિંઝાતા ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો હતો. આ અંગે પૂર્વ કચ્છ ખાણ ખનીજ વિભાગના ભૂસ્તરશાસ્ત્રી એન.એ.પટેલે જણાવ્યું હતું કે, ટુકડી દ્વારા કંડલા બંદર ખાતે હાથ ધરવામાં આવેલી આકસ્મિક તપાસ દરમ્યાન હાર્ડ મોરમ ખનીજના બિનઅધિકૃત વહન કરતાં બે ડમ્પરો કબ્જે કરાયાં હતાં. આ ઉપરાંત લાકડિયા ખાતે બિનઅધિકૃત રીતે રેતીનું વહન કરતું ડમ્પર જ્યારે મુંદરા તાલુકાના દેશલપર માર્ગ પરથી પણ ખનીજચોરી કરતું ભારે વાહન ઝડપી પાડવામાં આવ્યું હતું.

પૂર્વ કચ્છ ખનિજ વિભાગની કચેરી દ્વારા એક જ દિવસમાં ત્રણ સ્થળે કાર્યવાહી કરીને અંદાજે ૧.૩૦ કરોડનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હોવાનું એન.એ. પટેલે ઉમેર્યું હતું. ■

# કચ્છના આદિપુર, અંજાર અને રાપરમાં પોલીસનો સપાટોઃ ૯.૯૦ લાખનો ઈંગ્લિશ શરાબ ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના પૂર્વીય વિસ્તારોમાં પોલીસે કાર્યવાહી કરીને માત્ર એક જ દિવસમાં આદિપુર, અંજાર અને રાપરમાં દરોડા પાડીને ૯.૯૦ લાખની કિંમતનો વિદેશી શરાબનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

આદિપુર પોલીસે અંતરજાળ નજીક રાજનગરમાં પ્રકાશ લાલબહાદુર રાજપૂતના ઘરમાં પાડેલા દરોડામાં ૧૩ હજાર ૪૯૦ રૂપિયાના કિંમતની વ્હિસ્કીની ૨૦ બાટલી જપ્ત કરી પ્રકાશની ધરપકડ કરી હતી. શરાબનો જથ્થો રાજનગરના બૂટલેગર રવિરાજ મહિપતસિંહ જાડેજાનો હોવાનું સ્પષ્ટ થતાં પોલીસે રવિરાજ અને પ્રકાશ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.





(તસવીરઃ ઉત્સવ વૈદ્ય)

બીજી તરફ, રવિરાજે અંજારના મેઘપર બોરીચીમાં સિધ્ધેશ્વર પાર્કમાં રહેતા જયસુખ માદેવા ભાટિયાની મારુતિ અલ્ટો કારમાં શરાબ રાખ્યો હોવાની બાતમી મળતાં સ્થાનિક ગુનાશોધક શાખાએ ગત બુધવારના બપોરે ત્રણ વાગ્યે દરોડો પાડી જયસુખને કાર સાથે ઝડપી પાડ્યો હતો. જપ્ત કરાયેલી અલ્ટો કારમાંથી પોલીસે ૧ લાખ ૪૬ હજાર ૭૯૦ રૂપિયાની કિંમતની વ્હિસ્કીની ૨૩૯ બાટલી જપ્ત કરી જયસુખ અને રવિ સામે અંજાર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

રાપરના મોટી રવ ગામે રહેતા કાકા-ભત્રીજાએ ભાગીદારીમાં અંગ્રેજી શરાબના વેચાણનો રાપર પોલીસે પર્દાફાશ કર્યો હતો. પૂર્વ બાતમીના આધારે રાપર પોલીસે જગવિખ્યાત રવેચી માતાના મંદિરથી જેસડા તરફ જતા માર્ગ પરના હેલિપેડ પાસે વૉચ ગોઠવી હતી. પોલીસને જોઈને પીક અપ જીપમાં દારૂનો જથ્થો ભરીને આવતો ડ્રાઈવર વાહનને થોભાવી નાસી છૂટ્યો હતો. પોલીસે ડ્રાઈવરની બાજુમાં બેઠેલા યશપાલ બળવંતસિંહ જાડેજાને દબોચી લીધો હતો. વાહનની તલાશી લેતાં તેમાંથી એક જ બ્રાન્ડની વ્હિસ્કીની ૧૪૪ પેટીમાં રહેલી ૬૯૧૨ ક્વાર્ટર બોટલ કે જેની કિંમત ૮ લાખ ૨૯ હજાર ૪૪૦ રૂપિયા થાય છે તે જપ્ત કરી હતી.

પ્રાથમિક પૂછપરછમાં યશપાલે જણાવ્યું હતું કે, તેણે કૌટુંબિક કાકા વનરાજ દિલુભા જાડેજા સાથે ભાગીદારીમાં દારૂનો ધંધો શરૂ કર્યો છે. કાકાની સૂચના પ્રમાણે લાકડિયાના આનંદ બાવાજી નામના બૂટલેગરે જેસડા ત્રણ રસ્તે દારૂ ભરેલું વાહન લેવા ગયો હતો. પોલીસે નાસી છૂટેલા પિક અપના ચાલક સહિત ચાર લોકો સામે ગુનો દાખલ કર્યો છે.

'થર્ટી ફર્સ્ટ'નું કાઉન્ટડાઉન શરૂ થઈ ચૂક્યું છે ત્યારે સરહદી કચ્છમાં ચિંતાજનક સ્તરે વધી રહેલી શરાબની બદી પર અંકુશ મેળવવા પોલીસ હાઈ એલર્ટ પર હોવાનું જાણવા મળી રહ્યું છે. ■